સદ્‌ગત કલાવતીબહેન અરવિંદભાઈ શાહના
સ્મરણાર્થે -



## અનુક્રમ


૧. અર્પણ ........................................ ૫
૨. પૂ. નંદુભાઈનો પત્ર ........................................ ૬
૩. 'ચિકાદાશ' દ્વારા આનંદ ........................................ ૭
૪. 'કલ્યાણકારક પુસ્તક' ........................................ ૮
૫. 'ચિદાકાશ' વિશે ........................................ ૯
૬. નિવેદન ........................................ ૧૦
૭. 'ચિદાકાશ'માં ડોકિયું ........................................ ૧૧
૮. લેખકનાં પ્રકાશનો ........................................ ૧૨

• • •

**વિભાગ ૧ : વ્યાખ્યાનો** ૧૫

૧. પૂજ્ય શ્રીમોટાનો જીવનસંદેશ ........................................ ૧૬
૨. સિંધુનો સાદ ........................................ ૩૬
૩. વર્તુળનું કેન્દ્ર ........................................ ૪૧

**વિભાગ ૨ : વાર્તાલાપો** ૪૭

૧. પાઠશાળા અને પ્રયોગશાળા ........................................ ૪૮
૨. જિજ્ઞાસા ........................................ ૫૦
૩. પ્રાર્થના ........................................ ૫૨
૪. ફેરો ........................................ ૫૪
૫. ઘરે-બાહિરે ........................................ ૫૬
૬. 'ગ્રહ' ત્યાગ ........................................ ૫૮
૭. સમજણ ........................................ ૬૦
૮. સિદ્ધિ પ્રસિદ્ધિ ........................................ ૬૨
૯. જન્મટીપ ........................................ ૬૪
૧૦. વ્યર્થ ........................................ ૬૬

**વિભાગ ૩ : લેખો** ૬૯

૧. ભાવ એટલે શું ........................................ ૭૦
૨. હરિભાવ ........................................ ૭૫
લેખક વિશે ........................................ ૮૦


• • •

॥ હરિઃ ૐ ॥

# ચિદાકાશ

પૂજ્ય શ્રીમોટાના જીવનસંદેશ
વિશે વાર્તાલાપો

રમેશ ભટ્ટ



**પ્રકાશક :**
યોગેશભાઈ શાહ અને ગિરીશભાઈ શાહ
૧૦-૧૧, પ્રેમજીનગર, અડાજણ રોડ,
સુરત-૩૯૫ ૦૦૫

**આવૃત્તિ :** પહેલી,
૩૧ ડિસેમ્બર, ૨૦૦૦

**પ્રત :**
૨૦૦૦

**પૃષ્ઠ :**
૮૦

**કિંમત :**
૧૦ - ૦૦

❑ **મુદ્રક :**
અર્થ કૉમ્પ્યુટર, ૨૦૩, મૌર્ય કૉમ્પલેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪. ફોન : ૭૫૪ ૩૬ ૯૯

અર્પણ
પૂજ્ય શ્રીમોટાના સંન્નિષ્ઠ 'સ્વયં'સેવક
**વંદનીય નંદુભાઈને**



## પૂજ્ય નંદુભાઈનો પત્ર

પ્રિય રમેશભાઈ,

તમે મને સહજ જ શરૂથી ગમી ગયેલા તે એક કુદરતી ઈશ્વરની બક્ષીસ લેખું છું. હું આશ્રમોના કામકાજમાં સક્રિય જોડાયો ૧૯૬૦થી. ત્યારથી કાયમ રહેવા આવ્યો. તમે ૧૯૬૧માં પૂજ્ય કને (શબ્દસ્પર્શથી) આવ્યા અને ખરેખરા ૧૯૬૭થી નિકટ આવ્યા. ૨૭ વર્ષ લગી નિકટ સંપર્કમાં રહ્યા.

મેં અંતેવાસી રહીને કામ કર્યું. તમે બહાર રહીને સાહિત્યક્ષેત્રે ભવ્ય પ્રદાન આપ્યું. આપણે બંને સહયાત્રીઓ-સાથે જોડાયા-પૂજ્યના વિરાટ કામમાં. આપણે કેટલા બધા નસીબદાર !

પૂજ્યના સાહિત્ય પ્રકાશનમાં તમે 'સિંહ' ફાળો આપ્યો. તેમાંય કાવ્યપુસ્તકોને પ્રાસાદિક સાહિત્ય ગણવાની જનતાને સમજણ આપી. તમે પૂજ્ય શ્રીમોટાના જીવનસાહિત્યના ભાષ્યકાર છો. તમે પૂજ્યનાં વર્તનકળાને તથા સાહિત્યને ખૂબ જ સારી રીતે પ્રીછ્યાં છે. ને એનાં મૂલ્યાંકન કર્યાં છે. આવાં પુસ્તકોનો જેટલો વિશાળ ફેલાવો થાય તેટલું સારું.

(તા.૧૯-૫-૧૯૯૫ના પત્રમાંથી) **ભાઈનાં વહાલ**

## 'ચિદાકાશ' દ્વારા અક્ષરાતીત આનંદ મેળવીએ.

શ્રીશંકરાચાર્યે સંતસમાગમનો મોટો મહિમા ગાયો છે અને તેનું ગાન તો ત્યાં સુધી ગાયું કે,

**क्षणमपि सज्जन सङ्गतिरेका**
**भवति भवार्णव तरणे नौका ॥**

આરો-ઓવારો ન દેખાય તેવો ભવનો મહેરામણ છે. તેને ઓળંગવા નાવ જોઈએ.

પણ તે નાવ એવી મજબૂત, ટકાઉ અને અછિદ્ર જોઈએ કે અનુકૂળ પવન મળતાં સડસડાટ સામે કિનારે પહોંચાડી દે.

આવી નૌકા એટલે સંતપુરુષ.

મનઃસંતાપને શમાવે અને મનની તરસને છીપાવે તે સંત.

આવા સંતની યાદી બનાવીએ તેમાં શ્રીમોટાનું નામ આવે જ આવે.

શ્રી.રમેશભાઈ ભટ્ટને સદ્ભાગ્યયોગે આવા ભવસમંદરને સામે કાંઠે પહોંચાડે એવા સંતનો સમાગમ થયો.

નજીકથી જુઓ તોપણ સદ્ભાવ વધે તેવા સંત મળવા મુશ્કેલ છે, પણ અશક્ય નથી. અને રમેશભાઈને એ મળ્યા છે અને ફળ્યા પણ છે એનું દર્શન 'ચિદાકાશ'માં થાય છે.

અહીં પાને પાને ભક્તિ-તેના દ્વારા વિરક્તિ (આસક્તિથી મુક્તિ) અને તેથી જે જન્મે તે સત્ ચિત્ આનંદ-તે એમણે મેળવ્યો છે.

એ અક્ષરાતીત આનંદ વાચકોને મળે તે શુભ ભાવના.

સેરીસા તીર્થ **પ્ર૦**
તા. ૧૯-૧૨-૨૦૦૦



## 'કલ્યાણકારક પુસ્તક'

સામાન્યમાં અસામાન્ય જુએ એ કલાકાર.
પછી ચિત્રકાર હશે તો ચિત્ર દ્વારા,
કવિ હશે તો કવિતા દ્વારા,
ચિંતક હશે તો ચિંતન દ્વારા,
સાધક હશે તો સાધના દ્વારા
એ અસામાન્યતા વ્યક્ત કરે છે.
એમાં કલા છે, જીવનકલા છે.
એ દૃષ્ટિ આ પાનાંઓમાં છે.
ગ્રહત્યાગનો પ્રસંગ જુઓ-મને એ વિશેષ ગમ્યો.
સરતું પાંદડું બધાં જુએ છે;
એમાં કુદરતનું મુલાકાત-પત્તું આ લેખક જુએ છે,
ને એમાં 'ગ્રહત્યાગ'નો દૂરગામી પાઠ વાંચે છે.
એ દૃષ્ટિ ઉપકારક છે.
માટે આ પુસ્તક કલ્યાણકારક છે.

૧-૩-૧૯૮૩ **ફાધર વાલેસ**

॥ હરિઃ ૐ ॥

## ‘ચિદાકાશ’ વિશે

આકાશવાણી પરથી ૧૯૮૦ સુધી ‘અમૃતધારા’માં વાર્તાલાપો આપેલા. એમાંથી થોડાક પસંદ કરીને ‘ચિદાકાશ’ નામથી નાનકડી પુસ્તિકા ૧૯૮૩માં પ્રગટ કરેલી. એને માટે ખ્રિસ્તી ધર્મગુરુ ફાધર વાલેસે નોંધ લખેલી. એ નોંધ આ આવૃત્તિમાં પણ પ્રગટ કરી છે. ઈ.સ. ૧૯૮૦માં પૂજ્ય શ્રીમોટાના જીવનસંદેશ વિશે જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું વ્યાખ્યાન નવચેતન કાર્યાલય તરફથી પુસ્તિકા રૂપે ૧૯૮૩માં પ્રગટ થયેલું. આ બંને પુસ્તિકાઓ હાથ પર આવતાં એના પુનર્મુદ્રણનો વિચાર સ્ફુરેલો.

હરિઃ ૐ આશ્રમ, સુરતમાં તા. ૫-૧૧-૨૦૦૦ની સાંજે પૂજ્ય શ્રીમોટાના પ્રિય સ્વજનો શ્રી.યોગેશભાઈ શાહ અને શ્રી.ગિરીશભાઈ શાહે પૂજ્ય શ્રીમોટા વિશે કોઈ પુસ્તક પ્રગટ કરવાની તત્પરતા દર્શાવી. પરિણામે ‘ચિદાકાશ’ની સંવર્ધિત આવૃત્તિ તૈયાર કરાઈ. એમાં ‘પૂજ્ય શ્રીમોટાનો જીવનસંદેશ’ ઉપરાંત ‘શ્રદ્ધા’ અને ‘જીવનકેન્દ્ર’ વિશેનાં વ્યાખ્યાનો, વાર્તાલાપો તથા ‘ભાવ’ વિશેના બે લેખો સમાવ્યા છે.

જૈન ધર્મના આચાર્ય વિજયપ્રદ્યુમ્નસૂરિજી સાથે પર્યુષણ પર્વના આગલા દિવસે એક કલાકની એકાન્ત મુલાકાતથી તેઓશ્રીનો પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો ભાવ મેં અનુભવ્યો હતો. મારું પુસ્તક ‘મળાયું, પણ ભળાયું નહિ.’ વાંચીને એમને પૂજ્ય શ્રીમોટા વિશે વધુ જાણવા-માણવાની ઇચ્છા થઈ હતી. તેઓશ્રીએ ‘ચિદાકાશ’ વાંચીને શુભભાવના વ્યક્ત કરી એને આ પુસ્તક સાથે જોડતાં હું ગૌરવ અનુભવું છું અને એમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું. અમને બંનેને જોડવા માટે સેતુરૂપ બનેલા મારા પ્રેમાળ વિદ્યાર્થી અને ગઝલકાર શ્રી.રાજેશ વ્યાસ ‘મિસ્કીને’ ‘ચિદાકાશ’ વાંચીને કાવ્યપંક્તિઓ લખી મારો આદર કર્યો છે, એથી એને ધન્યવાદ આપું છું.

આ પુસ્તકમાં પરમ ચૈતન્યના અનુભવી પુરુષ પૂજ્ય શ્રીમોટાના જીવન તથા સંદેશ વિશેના વાર્તાલાપો તથા વાર્તિકો છે, એથી પુસ્તકનું નામ ‘ચિદાકાશ’ રાખ્યું છે. ચિત્ એટલે અણુ-પરમાણુમાં વિલસી રહેલું ચૈતન્ય અને એનો અનંત વિસ્તાર એટલે આકાશ. આ બંને શબ્દોની સંધિ થતાં ‘ચિદાકાશ’ થાય. અખા ભગતની ‘અખેગીતા’માંની પંક્તિઓમાં આ શબ્દની ચમક અનુભવાય છે. એથી પુસ્તકના પાછલા પૂંઠા પર એ પંક્તિઓ પ્રગટ કરી છે.

મારા સન્મિત્રો શ્રી.યોગેશભાઈ તથા શ્રી.ગિરીશભાઈએ પોતાનાં સદ્ગત માતુશ્રી કલાવતીબહેનના પુણ્યસ્મરણમાં આ પુસ્તક પ્રગટ કર્યું એ બદલ એમનો હૃદયપૂર્વક આભાર માનું છું. પૂજ્ય શ્રીમોટાના સંદેશાના પ્રસાર માટે આજ સુધી શ્રી.અરવિંદભાઈ શાહના પરિવારે ઉદાર દિલથી જે ઉમદાકાર્ય કર્યું છે એનું મૂલ્ય ઘણું ઊંચું છે. આ બદલ એમને ધન્યવાદ આપું છું.

અધ્યાત્મવિચારમાં રસ ધરાવનાર આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા છે.

**રમેશ ભટ્ટ**
‘સંતસ્મૃતિ’, ૧, એસ.બી.આઈ. ઑફિસર્સ સોસાયટી, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૬૬૧૪૮૨૯-૬૬૧૧૩૪૬
તા. ૩૧-૧૨-૨૦૦૦



॥ હરિઃ ૐ ॥

## નિવેદન

પૂજ્ય શ્રીમોટા વિશેનું પુસ્તક પ્રગટ કરીને હરિઃ ૐ આશ્રમને ભેટ આપવાની અમને ભાવના થઈ. પરિણામે શ્રી.રમેશભાઈએ પૂજ્ય શ્રીમોટાના જીવન અને સંદેશ વિશે જે વાર્તાલાપો આપેલા તથા જે લેખો લખેલા એ ‘ચિદાકાશ’ રૂપે પ્રગટ થાય છે.

અગાઉ પૂજ્ય શ્રીમોટા વિશે શ્રી.રમેશભાઈએ લખેલું પુસ્તક ‘મોટા તો કોઈ ઑર છે !’ ખૂબ આવકાર પામેલું. એ જ પ્રમાણે આ પુસ્તક પણ આવકાર પામશે એવી અમને શ્રદ્ધા છે.

શ્રી.રમેશભાઈ અમારી ભાવનાને સાકાર કરવા તત્પર બન્યા અને ‘ચિદાકાશ’ની આ આવૃત્તિ તૈયાર કરી એ બદલ અમે એમના આભારી છીએ. અમારો પરિવાર આ પ્રકાશન માટે ધન્યતા અનુભવે છે.

**યોગેશભાઈ અરવિંદભાઈ શાહ**
**ગિરીશભાઈ અરવિંદભાઈ શાહ**
૧૦-૧૧, પ્રેમજીનગર, અડાજણ રોડ,
સુરત-૩૯૫ ૦૦૫

આભમાં કે દરિયામાં તો એક પણ કેડી નથી,
અર્થ એનો એ નથી કોઈએ સફર ખેડી નથી.

• • •

મળાયું-ભળાયુંની કેડી જડી,
કર્યું ડોકિયું જ્યાં 'ચિદાકાશ'માં.

**રાજેશ વ્યાસ 'મિસ્કીન'**



## લેખકનું આધ્યાત્મિક સંપાદન-લેખન

**સમીક્ષા**
૧. જીવનદષ્ટાનો અનુભવયોગ (૧૯૬૯)
૨. આનંદશંકર ધ્રુવની ધર્મભાવના (૧૯૮૩)
૩. અખા ભગતની જીવનસાધના (૧૯૮૩)
**ચરિત્ર**
૪. રાણી રાસમણિ (૧૯૭૦)
૫. સ્વામી આત્માનંદ (૧૯૮૧)
૬. શ્રીમોટા (૧૯૭૪)
૭. કિશોરોના મોટા (૧૯૭૪)
૮. પરમપુરુષ પૂજ્ય શ્રીમોટા (૧૯૮૭)
**વ્યાખ્યાનો :**
૯. ચિદાકાશ (૨૦૦૦ સંવર્ધિત આવૃત્તિ)
૧૦. ભોમિયા વિનાના ડુંગરા (૧૯૮૮)
**અંજલિ**
૧૧. પદરજનો પ્રતાપ (૧૯૭૬)
૧૨. શૂન્યના સાથી (૨૦૦૦)
**વાર્તાંતર**
૧૩. ઉત્તરરામચરિત (૧૯૬૮)
**ચરિત્ર-સંપાદન**
૧૪. પૂજ્ય શ્રીમોટા : માનાંજલિ-ભાવાંજલિ (૧૯૬૯)
૧૫. પૂજ્ય શ્રીમોટા જીવન અને કાર્ય (૧૯૭૪)
૧૬. ભગતમાં ભગવાન (શ્રીમોટાનું આત્મકથન) (૨૦૦૦)
૧૭. વસંતેબહાર (૨૦૦૦)
૧૮. સંતવાણીનું સ્વાગત (પૂજ્ય શ્રીમોટા સાહિત્ય અંગે)
૧૯. દીપશિખા (પૂજ્ય શ્રીમોટાએ લખેલી પ્રસ્તાવનાઓમાંથી)
**ગ્રંથસંપાદન**
૧૭ થી ૩૨. 'જિજ્ઞાસા' વગેરે શાસ્ત્રીય ગ્રંથો
૨૪ થી ૩૨. શ્રીમોટાની સાધનાકથાનાં ગ્રંથો
૩૩ થી ૩૮ મૌન-એકાંત શ્રેણીનાં ગ્રંથો
૩૯ થી ૪૬. સત્સંગ શ્રેણીનાં ગ્રંથો
૪૭ થી ૫૦ અપ્રગટ પત્રો
૫૧. નામસ્મરણ (૧૯૯૫)
૫૨. ધ્યેય અને ધ્યાન (૨૦૦૦)
**વિવરણ-ચિંતન-અર્થઘટન**
૫૩. આહુતિમંત્ર અને આરતી (૧૯૯૫)
૫૪. સમજની બારી (૧૯૯૫)
૫૫. હરિઃ ૐ આશ્રમ (૧૯૯૬)
૫૬. 'મોટા' તો કોઈ ઑર છે ! (૨૦૦૦)
**સંસ્મરણો**
૫૭. 'મળાયું... પણ ભળાયું નહિ' (૧૯૯૫) (શ્રીમોટા સાથે)
૫૮. દાદાની દૃષ્ટિ (દાદા ભગવાન સાથે) (૧૯૯૮)
૫૯. દયાનંદ તીર્થની ઝલક-ઝાંખી (૧૯૯૯)
**સંક્ષેપ**
૬૦. સમજ (નવલકથા)
૬૧. પ્રેમયોગ (નિબંધ)
**દાદા ભગવાનના ગ્રંથોમાંથી સંકલન**
૬૨. સનાતન સુખ
૬૩. જીવન ધર્મ
૬૪. પુરુષાર્થ ધર્મ
૬૫. વિષયરસ-વિષ ?
**દયાનંદતીર્થ (દાસાનુદાસ)નાં ગ્રંથોનું સંપાદન**
૬૬. ફૂલપાંદડી (૧૯૯૯)
૬૭. ફૂલમાળા (૧૯૯૯)
૬૮. ફૂલવાડી (૧૯૯૯)
૬૯. હિમાલયમાં દિવ્યાનંદ (૨૦૦૦)
૭૦. મૃત્યુનું આયુષ્ય (૨૦૦૦)
૭૧. શ્વાસમાં હરિનો વાસ (૨૦૦૦)
**પરામર્શ**
૭૨ થી ૭૪ 'વીણેલાં ફૂલ' ભાગ-૧-૨-૩
**અનુવાદ**
૭૫. દિવ્યકથામૃત (બાબા હૈડાખાન વિશે)
૭૬. શ્રીમોટા સાથે હિમાલયયાત્રા (નંદુભાઈ)
૭૭. મોટાની મહત્તા (નંદુભાઈ)

# ચિદાકાશ

## વિભાગ ૧ : વ્યાખ્યાનો



# ૧. પૂજ્ય શ્રીમોટાનો જીવનસંદેશ

(તા. ૧૦-૯-૧૯૮૦ના રોજ જૈન યુવકસંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું પ્રવચન)

**વિ-સર્જન**

તપ અને ત્યાગના એક વીર પુરુષની વાત કરવા માટે આપ સૌની સમક્ષ ઉપસ્થિત થતાં આપ સર્વને હું નમસ્કાર પાઠવું છું.

૧૯૭૬ માં ૨૨ મી જુલાઈના દિવસે અનરાધાર વરસાદ વરસતો હતો અને વડોદરા પાસેના મહીસાગરના બંને કાંઠા પાણીથી છલકાઈ રહ્યા હતા. એ દિવસે બપોરના બે વાગતાં પહેલાં એલેમ્બિક કેમિકલ્સના સંચાલક શ્રી રમણભાઈ અમીનના એક એકાંત બંગલામાં પૂ. મોટા સૂતા હતા. એમની કીડની ફેઈલ થઈ ગયેલી. તે વખતે એમણે એમના અંતેવાસીને એક ચિઠ્ઠી આપી. એ ચિઠ્ઠીમાં આ મતલબનું લખ્યું હતું કે 'હવે હું મારું શરીર આનંદપૂર્વક છોડી દેવા માગું છું અને એ કાર્ય હું ચાર વાગ્યે શરૂ કરીશ. કોઈને ભેગા કરવાના નથી. ફક્ત આ છ માણસોએ જ શરીરનું છેવટનું કામ પતાવી દેવાનું છે. મારી પાછળ ઈંટ ચૂનાનું સ્મારક કરવાનું નથી. જો કોઈને મારા પ્રત્યે લાગણી અને પ્રેમ હોય તો ગુજરાતનાં આદિવાસી ગામોમાં-ત્યાંનાં છોકરાંઓને પ્રાથમિક શાળામાં ભણવા માટે, નિરાંતથી બેસવા માટે એક ઓરડો પણ નથી. તેવાં હજારો ગામો છે, એ છોકરાંઓને બેસવાનો ઓરડો મળે એટલા માટે, જો તમને મારા માટે લાગણી હોય તો તમારાથી અપાય તે કંઈક આપજો.'

એમના અંતેવાસીને એકદમ અચરજ થયું. એમણે કહ્યું, ''મોટા, આપ કહો છો એ બરાબર છે, પણ વરસાદ ઘણો છે. ચિતા પણ કદાચ નહિ સળગાવી શકાય એવી પરિસ્થિતિ ઊભી થાય.' તે વખતે, નંદુભાઈએ જે અહેવાલ આપ્યો તે મુજબ કહું, તો પૂ. મોટાએ અંગ્રેજીમાં બહુ સખત શબ્દોમાં કહ્યું કે, ''ધીસ ઈઝ નોટ એ મેટર ઓફ ડિસ્કશન, ધીસ ઈઝ માય ફાઈનલ ડિસિસન. મારે આનંદપૂર્વક આ કાર્ય-ક્રિયા કરવાની છે.'' અને ચાર વાગ્યે એમણે પોતે બહુ વ્યવસ્થિત રીતે, જે રીતે પ્રાણ પ્રત્યેક નાડીમાંથી ગતિ કરતો કરતો તેમજ પછીથી જે ઝડપે નીકળવો જોઈએ તે રીતેં, દેહત્યાગનું કાર્ય શરૂ કરી દીધું અને રાતના ૧-૩૦ વાગ્યે તા. ૨૩ મી જુલાઈએ શરીરમાંથી એ ''સત્ત્વ' સંપૂર્ણપણે છૂટું પડી ગયું.

## હૃદયસ્થ

આજે આટલાં વર્ષના ગાળા પછી એ 'મોટા નથી' તેમ નથી. જે પુરુષ ધર્મપુરુષ છે એ કદી ક્યાંય જતા જ નથી. મહાવીર આજે પણ છે, આપણી સાથે છે, આપણી વચ્ચે છે. વધુ સાચું તો એ છે કે આપણા હૃદયમાં છે. આપણા જ જમાનામાં આ જ યુગમાં એક એવી વ્યક્તિ આપણા ગુજરાતમાં જે રીતે જીવન જીવી, એણે જે કાર્ય પોતાના જીવન માટે કર્યું અને એ કાર્ય સર્વ માનવજાતિને સુલભ થાય તેવી એણે યોજનાઓ ગોઠવી- એ વિશે મારે આપને આજે કહેવું છે.

## 'સમાજ'-પ્રભુનો પર્યાય

મેં 'પૂજ્ય શ્રીમોટાનો જીવનસંદેશ' એ વિષય પસંદ કરેલ છે કેમકે, 'જીવનસંદેશ' શબ્દનો અર્થ 'મિશન' એમ સમજું છું. આ પુરુષનું શું મિશન હતું ? એને શું કરવું હતું ? એક જ વાત સ્પષ્ટ થાય છે કે મનુષ્ય એ પરમાત્માનો જ અંશ છે અને પરમાત્મા એના હૃદયની અંદર બિરાજમાન છે અને 'એને' એણે પ્રગટ થવા દેવાના છે. આ મનુષ્યનું અંતિમ ધ્યેય છે, અને એ ધ્યેય એ પામી શકે એમ છે. પૂ. શ્રીમોટાનું આ મિશન હતું : 'દરેકમાં રહેલો ભગવાન બેઠો થાય.' પણ એને એવા જમાનામાં વાત કરવાની હતી કે જે જમાનામાં ભગવાનનું નામ જાહેરમાં દેવામાં આવે તો કદાચ કોઈ માણસ કંઈક અવળું-સવળું સમજી બેસે. વળી બીજું, કે 'ધર્મ' એ અનેક પ્રકારના વ્યૂ-પોઈન્ટ્સથી એટલો બધો ભેળસેળવાળો શબ્દ બની ગયેલો કે કદાચ અત્યારની ટેકનોલોજીનો યુગ એ વાત નહિ સમજી શકે. એટલા માટે એમણે એક સરસ શબ્દ વાપરેલો. એ કહેતા હતા કે 'મારે સમાજને બેઠો કરવો છે.' આ 'સમાજ' એ એમને મન ભગવાનનો પર્યાય છે.

## આંચકો

આ સદીના આરંભના દસમા વર્ષમાં પંચમહાલ જિલ્લાના કાલોલ ગામના અકે નાનકડા મકાનમાં એક ગરીબ રંગરેજ રહેતો હતો. આગળપાછળ ચામડાં ગંધાતાં હોય તેવા પ્રકારની વસતિનો વિસ્તાર. એક રાત્રે પોલીસ રોન મારતા હતા. એમાંથી એક પોલીસે પૂછ્યું કે ''ભગત, આ તમારે ત્યાં કોણ આવીને સૂતું છે ?'' ઓસરીમાં સૂતેલા બે મહેમાનોની



વાત એ ભગતે કરી. એમણે કહ્યું કે 'મહેમાન છે.' પોલીસે કીધું કે 'કેમ તમે એમનું નામ નોંધાવી નથી દીધું - થાણામાં ?'' તે સમયમાં અંગ્રેજ સત્તા વખતે કોળી કોમમાં બહારવટિયા હતા, લૂંટફાટ કરતા હતા, ત્યારે ગામમાં નવા આવનારની નોંધ થતી હતી. એણે કીધું કે ''ભાઈ અમે એવા ચોર લૂંટારા કોમના માણસો નથી કે અમારે નામ નોંધાવવાં પડે.'' બહુ વિનમ્રતાથી આશારામ ભગતે જવાબ આપ્યો. ભગતનો જવાબ સાંભળતાં જ પોલીસોએ એમને માર મારવા માંડ્યો. સતત મારતા મારતા એમને પોલીસથાણે લઈ ગયા. એ વખતે એમનો બાર વર્ષનો છોકરો આ દૃશ્ય જોઈને હેતબાઈ ગયો છતાં તરત જ કંઈ સૂઝ પડી. ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડતો દોડ્યો. જ્યાં એની માતા દળણાં-ખાંડણાંનું કામ કરતી હતી એવા એક માણસને ત્યાં પહોંચી ગયો અને બધી વાત કરી કે ''મારા બાપાને પોલીસો મારતા મારતા લઈ ગયા છે.'' એ વ્યક્તિએ પોલીસથાણા પર જઈને ભગતને છોડાવ્યા. ભગત તો છૂટી ગયા પણ એ બાર વર્ષના કિશોરના ચિત્તની અંદર અનેક પ્રશ્નોની એક જબરજસ્ત જકડામણ ઊભી થઈ ગઈ. એને પ્રશ્નો થવા માંડ્યા કે ગરીબની આ અવહેલના ? અમે ગરીબ એટલે અમારાં આવાં અપમાન ? ગરીબને આટલું બધું સહન કરવાનું ? એમાંથી કેવી રીતે છૂટી શકાય ? શું કરી શકાય કે જેથી આ અપમાનો બંધ થઈ જાય અને આપણી તરફ કોઈ સદ્‌ભાવથી જુએ ? આ કિશોરના મનમાં આવા પ્રશ્નો જાગ્યા. પછી એને એક સંકલ્પ થયો કે એક જ માત્ર રસ્તો છે કે મોટા થવું ? આ બાર વર્ષનો છોકરો ચૂનીલાલ એ ગુજરાતમાં 'મોટા'ના નામથી ઓળખાતા વિરલ પુરુષ.

## પરિશ્રમ

એને મોટા થવું છે. મોટા કેવી રીતે થવાય ? ભણવું પડશે. ગરીબી પાર વિનાની છે. પૈસા નથી. શાળામાં પટાવાળો થઈ ગયો. હેડ માસ્તરને વિનંતી કરી, પણ ચોપડીનાય પૈસા નથી. તોલાટ તરીકે કામ કર્યું. ઈંટોના ભઠ્ઠામાં જઈ ઈંટવાડમાં કામ કર્યું. ખેતરમાં વાંકા વળીને ધરૂ રોપ્યાં.

એક દિવસ પૂ. મોટા એક જણને ત્યાં મહેમાન તરીકે ગયા ત્યારે સરસ મજાનું જમવાનું મળ્યું હતું. બહુ સુંદર વાનગી બનાવેલી. તે વખતે મોટાને ડાયાબીટીસ બહુ હતો એટલે બીજું કંઈ ખાઈ શકતા ન હતા. પણ કોઈ યજમાનની ભાવનાનો એ કદી અનાદર કરે નહિ. એમણે કીધું કે 'સાહેબ,

પ્રભુની આ કેવી કરુણા છે કે જ્યારે આઠ વર્ષની ઉંમરે ખેતરમાં રોપા રોપવા જતો હતો-વાંકો વળીને ધરૂ રોપ્યા કરું, અને એટલી મજૂરી બાદ માત્ર રોટલો મળતો હતો અને તે પણ અડધો, કારણ કે શેઠ એમ કહેતા હતા કે નાના છોકરાને અડધો જ રોટલો અપાય ! જ્યારે એ વખતે મને આખા રોટલાની ભૂખ હતી. એટલી કકડીને ભૂખ લાગતી, પરંતુ અડધો જ રોટલો મળતો હતો. અને આજે રોગને લીધે મારે ખાવાનું નથી ત્યારે મારી સામે પકવાન પીરસેલ છે.' એનો તેઓ આનંદ વ્યક્ત કરતા હતા. અને આ પરિસ્થિતિમાં એ પ્રભુની કરુણા જોતા હતા.

**કૉલેજ ત્યાગ**

આમ કરતાં કરતાં બરોડા યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. એ સમયે દેશમાં સ્વતંત્રતાનો એક જુવાળ ફાટી નીકળ્યો. ગાંધીજીએ મુક્તિસંગ્રામનો પયગામ આપ્યો. મોટાએ કૉલેજ છોડી દીધી. એમની સાથે કૉલેજ છોડવામાં પાંડુરંગ વળામે (પૂ. રંગ અવધૂત) પણ હતા. એ સમયે એમનામાં જબરજસ્ત ઝનૂન છે. એ ગુણ છે. મારે આપની સાથે આ વાત કરવાની છે કે ઝનૂન છે, અંતરમાં તમન્ના છે, કશુંક પ્રાપ્ત કરવું છે. પણ શું પ્રાપ્ત કરવું છે એ પૂરેપૂરું સ્પષ્ટ થયું નથી. દેશભક્તિનો તે જુવાળ એના અંતરમાં જાગ્યો અને એણે કૉલેજ છોડી દીધી.

**દેશસેવા**

તેઓ વિદ્યાપીઠમાં આવી ગયા. "નવજીવન" વેચીને ચણા-મમરા ખાઈને દિવસ પસાર કરીને વિદ્યાપીઠમાં ભણવાનું શરૂ કર્યું. ફરી વાર ગાંધીજી વિદ્યાપીઠમાં આવે છે. ગાંધીજીએ બહુ માર્મિક વાતો કરી છે. "અલ્યા જુવાનો, દેશનાં ગામડાંઓની પ્રજા તમારી રાહ જુએ છે. એ લોકોને જાગૃત કરવાના છે અને તમે એક ડિગ્રીનો મોહ છોડી અને આ બીજી ડિગ્રી લેવા બેસી ગયા છો ?" સ્નાતકના છેલ્લા વર્ષમાં હતા, છતાં પૂ. ગાંધીજીની હાકલથી પ્રેરાઈને એમણે વિદ્યાપીઠ પણ છોડી અને દેશની આઝાદી માટેના કાર્યમાં ઝંપલાવ્યું. મોટાને કામ મળ્યું હરિજન સેવાનું. એ વખતની એક વાત તેઓ કરતા હતા. પંચમહાલ જિલ્લામાં આ ૨૧ વર્ષનો યુવાન આદિવાસીઓનો સરવે કરતો હતો ત્યારે ત્યાંની સ્ત્રીઓની સ્થિતિ, સામાજિક સ્થિતિ, બાળકોની બેહાલી, એના પુરુષોની ગુલામી



અને એ સમાજની કંગાલ સ્થિતિનો એ સરવે કરતા હતા. આદિવાસી લોકો ઉપર સંપત્તિવાનોનો જુલમ અને સત્તાવાળાઓનો જુલમ હતો. એનાથી એ યુવાનનું કાળજું કાળઝાળ થતું હતું. મોટા કહેતા કે "જો મને ભગવાનનો માર્ગ ન મળ્યો હોત તો હું એક હિંસક કોમ્યુનિસ્ટ બની ગયો હોત !" એટલું બધું સખત લાગી આવ્યું હતું. ભગવાનનું નામ તો ૨૧ વર્ષ સુધી મળ્યું ન હતું.

**ભીંસ**

ગરીબ ઘરમાં વિકસતો આ યુવાન છે. ઘરમાં સાત સભ્યો પોતાની સાથે છે. પિતા ગુજરી ગયા છે, મોટા ભાઈ હયાત છે, બે નાના ભાઈઓ છે, એક ભાભી છે, મા છે, ભાઈનું સંતાન છે અને પોતે દેશસેવાનું વ્રત લઈ બેઠા છે. ૪૫ રૂપિયાના માસિક પગારમાં પોતે કુટુંબનું ભરણપોષણ કરવા માટે ભારે મથામણ અનુભવે છે. "તારે તો બહુ મોટા માણસ થવું હતું ને ?" એમ કહીને મ્હેણાં મારનાર કુટુંબીજનો, સંબંધીઓ પણ સાથે જ છે. બીજી બાજુ હરિજન સેવા કરવા જતાં સમાજ તરફથી સવર્ણોના જુલમો અને ત્રાસ. 'જો હરિજનોને કૂવા પર લાવશો તો માથાં ભાંગી નાંખીશું.' સવર્ણોની આવી ધમકીઓ સાંભળવાની. આવી બેવડી ભીંસમાં આ યુવાન કોની આગળ પોતાની વ્યથા વ્યક્ત કરે ? ભારે મથામણમાં એને ફેફરુનું દર્દ થયું. ગમે ત્યાં ગબડી પડે. એના મનમાં પણ લાગી ગયું કે એ તો સ્ત્રીઓને થાય એવો રોગ છે. જો કે મરદ જેવા મરદ માણસને આ રોગ કેમ ? રોગની દવા કરાવવાના પણ પૈસા નથી. પહેલી જ વખત જીવનથી કંટાળીને આ યુવાને આપઘાત કરવાનું વિચાર્યું.

**જીવનનો હેતુ ?**

આ એક બહુ લાક્ષણિક ઘટના છે એટલા માટે મારે અહીં કહેવી પડે છે. નર્મદા નદીની ગરુડેશ્વરની ઊંચી ભેખડ ઉપરથી એમણે નર્મદાના ઊંડા પાણીમાં પડતું મૂક્યું અને દૈવયોગે એમાંથી ઊગરી ગયા. મરવા ગયા છતાં મરાયું નહિ અને એમાંથી દૃષ્ટિ મળી ગઈ કે "આઈ એમ મેન્ટ ફોર સમથીંગ-મારે કંઈ બનવાનું છે, મારું જીવન એક જુદા જ કારણ માટે છે." અને એ પછી એમનું આખું જીવન બેવડી રીતે ચાલે છે. દિવસ દરમિયાન હરિજન સેવક સંઘનું કામ અને રાત દરમિયાન આ જીવન શેને માટે છે એનું ચિંતન.

### બીજાંકુર

નડિયાદની પાસે કપડવંજના રસ્તા પર શેઢી નદીના એક ઊંડા કોતરની પાસે એક ટેકરો છે. ત્યાં એક ભવ્ય વડ છે. ભયંકર વેરાન જગ્યા છે. ૧૯૨૨ની સાલમાં કેવી ભયંકર વેરાન જગ્યા હશે ! આસપાસ તો બારૈયા-ધારાળા કોમ જેવી લૂંટારું કોમ વસે. ત્યાં આગળ આ યુવાનને એક ઓલિયો જીવનનો મર્મ શીખવે છે. એ ૨૨ વર્ષનો યુવાન વડની ઉપર એક પાટિયું મૂકી ઊભો ઊભો મથામણ કરે છે. નીચે પેલો ઓલિયો બેઠો છે. રાત પૂરી થવા આવ્યે ચાર વાગ્યે વડ પરથી નીચે ઊતરી જાય. એક વખત પેલા ઓલિયાએ કીધું કે ''હવે તારું કામ આગળ ચાલશે. હું જાઉં છું. પણ એક દિવસ જરૂર એવો આવશે કે આ જ સ્થળે એક સરસ આશ્રમ થશે.'' અને ૧૯૫૫માં ત્યાં આગળ ''હરિઃૐ આશ્રમ'' સ્થપાયેલો છે. એ સ્થળેથી દેશના પ્રજાજીવનમાં ઈશ્વરીય ગુણો કેવી રીતે પ્રગટ થાય એની યોજનાઓ થઈ ગઈ છે. આ તો બધાં હજુ બીજ વવાયાં છે.

### સાધના-સિદ્ધિ

આ યુવાનની પાસે સમય બહુ જ ઓછો છે. આ શરીરને કાળ સાથે કામ લેવાનું અને એટલી ઝડપથી કામ પતાવવું છે. ૨૨ વર્ષથી આરંભેલી એની એ બેવડી યાત્રા-દિવસનો કર્મયોગ અને રાત્રિની સાધના-એ સાધના ગુપ્ત હતી. કોઈ જાણતું ન હતું. છતાં બધાંની વચ્ચે રહીને દિવસમાં કર્મ અને રાત્રે સાધના કરતા હતા. સાધનાને કર્મમાં પ્રતિષ્ઠિત કરવાનો કાર્યક્રમ હતો. કર્મ કરતાં કરતાં એકાગ્રતા કેટલી રહે છે તે દિવસ દરમિયાન ખબર પડવી જોઈએ. દિવસ દરમિયાન કામ ચાલે છે. નિષ્ઠા કેટલી રહે છે તે કર્મ આચરતાં ખબર પડવી જોઈએ. તટસ્થતા કેટલી છે તે કર્મમાં જણાવી જોઈએ. આ તો એક જબરી વાત ઊભી કરી. ૧૫ વર્ષ દરમિયાન આટલી આકરી તપસ્યા અને કારમી ગરીબી વચ્ચે ઝૂમતા ઝૂમતા, છતાં આનંદ કરતા કરતા અને પૂરેપૂરી મસ્તીમાં રહેનાર આ માણસને ગાંધીજીના હરિજન આશ્રમમાં ઘણા બધાએ જોયો હશે. આ યુવાને ૧૯૩૯માં હૃદયને સંપૂર્ણ આકાશતત્ત્વમાં ફેરવી નાખ્યું. એ ૧૯૩૯ના માર્ચ માસમાં (રામનવમીએ) એને એક એવો અનુભવ થયો કે ''આઈ એમ ઓમનીપ્રેઝન્ટ'' ''આત્મવત્ સર્વભૂતેષુ''-એટલું જ નહિ, પરંતુ અણુપરમાણુમાં 'હું જ છું' એવો અનુભવ



થયો હતા. પણ આ વાત કોઈને કહેવાય નહિ. આ તો સંપત્તિ છે. પોતાનામાં અપૂર્વ સામર્થ્ય પ્રગટ થયું. એમની આ બાજુ વિગતે કહેવાનો આ અવસર પણ નથી. આપણે આ જોતા ચાલીએ છીએ કે આ પુરુષ ત્યાં સુધી તો કોઈને કશું જ કહેતો નથી કે પોતાની પાસે શું છે અને શું નથી ! (પોતામાં પ્રભુ પ્રગટ છે-રાગદ્વેષ નથી.)

### સર્વ વ્યાપકતા- સામર્થ્ય

૧૯૩૯માં હરિજન સેવક સંઘમાં ઠક્કરબાપાને વિનંતી કરીને કહ્યું કે ''૨૦ વર્ષ લગી મેં દેશની સેવા કરી છે. હવે હું રાજીનામું આપું છું. મારા ગુરુનો મને આદેશ છે કે હવે સહજ રીતે જે થાય તે મારે થવા દેવું.'' કેમ કે કોઈ અપૂર્વ તત્ત્વ મનુષ્યના અંતરમાં છુપાઈને પડ્યું છે તે એમનામાં હવે સંપૂર્ણ પ્રગટ થયું હતું. એથી એમનામાં એક જબરજસ્ત આકર્ષણ ધીમે ધીમે વિકસતું ચાલ્યું-૧૯૩૯ પછી. પણ મોટાની એક વિશેષતા એ છે કે એમણે કદી કર્મ મૂક્યું નથી અને એમાં એમનું વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ છે. એમનું બહુ સ્પષ્ટ માનવું છે કે મનુષ્યના હૃદયમાં પરમાત્માના જે ગુણો છુપાયા છે, સચવાયા છે, ઉદાહરણ તરીકે સચરાચરતા, સર્વસામર્થ્ય, અન્ય સાત્ત્વિક ગુણો ઉદારતા, પ્રેમ આ બધા જ ગુણો-એના ભાવ દ્વારા કર્મમાં પ્રતિષ્ઠિત ન થાય તો એ ગુણ પ્રસરી શકતા નથી. એ વ્યાપક થતા નથી, કારણ કે આકાશનો ગુણધર્મ વ્યાપવું એ છે. જેટલું આકાશ ગહન છે એટલું જ વ્યાપેલું છે, તેવી રીતે આ થવું જોઈએ એવી એમની સમજણ હતી. એમનું સાધન બહુ પ્રગટ રીતે ભગવાનનું નામ હતું. ''હરિઃૐ'' એ જ જપનું નામ હતું. જપના શબ્દનું એમણે વૈજ્ઞાનિક રીતે સંશોધન પણ કર્યું છે. અત્યારે આપણે એ વિષયના ઊંડાણમાં ઊતરતા નથી. પરંતુ એમનું આ જે મિશન છે- એમનું આ રીતે નૂતન-દિવ્ય જીવન પ્રગટ્યું છે, એમના હૃદયમાં અંતરમાં જે પ્રભુ પ્રગટ્યો છે-પ્રભુની જે ગુણ શક્તિ પ્રગટી છે, એને બધામાં એમણે પ્રગટાવવી છે-એનો નિર્દેશ કરવો છે.

### સમર્પણ

પૂ. મોટાથી એક બીજું સરસ કામ થયું. તેઓ સાહિત્ય સાથે સ્નાતક સુધી પહોંચેલા. પોતાના અંતરની મથામણની વાતો એ મોટે ભાગે નોંધ્યા કરતા. તમને જાણીને આનંદ થશે કે મોટાએ લગભગ છ હજાર જેટલી તો

ગઝલો લખેલી છે. જુદા જુદા શાસ્ત્રીય વિષયો પર એમનાં ૬૮ જેટલાં પુસ્તકો પ્રગટ થયેલાં છે. શરૂઆતમાં તો એમને કોઈ ઓળખે નહિ એટલે આ બધું નામ વિના પ્રગટ થતું હતું. એમનું નામ આ પુસ્તકોમાં ક્યાંય છપાતું નહિ. વળી, આ પુસ્તકો એ કોઈને મફત ન આપે. '૫૫ની સાલ પછી જે પુસ્તકો પ્રગટ થતાં હતાં એ એમણે વેચીને જે પૈસા મળેલા એ રાખી મૂકેલા. ૧૯૬૦ સુધીમાં મોટી રકમ એકઠી થઈ ગયેલી. ૧૯૬૧માં ગુજરાતી સાહિત્ય પરિષદના સેક્રેટરી તરીકે હું કામ કરતો હતો ત્યારે, હું એમને ઓળખતો નહિ, એમનો એક કાગળ આવેલો. એમાં એમ લખેલું કે પોતાનું નામ ગુપ્ત રાખવા ઇચ્છતા એક દાતા તરફથી અમુક હજારની રકમ આપવાની ઇચ્છા છે. મેં તપાસ કરી હતી, પણ એ ભાઈ નામ પ્રગટ કરવા નહોતા ઇચ્છતા. પછીથી મેં જાણ્યું કે ગુજરાતી સાહિત્ય પરિષદને સાહિત્યના ઉત્કર્ષને માટે મોટાએ પોતાનાં પુસ્તકોના વેચાણમાંથી કમાયેલી એકે-એક-પાઈ પચાસે પચાસ હજાર રૂપિયા-એમણે સમાજને ચરણે સૌથી પહેલાં આપી દીધા. એ પછી સમાજ પાસેથી પૈસા મેળવીને સમાજના ચરણે ધરવા માંડ્યા. આમાં પૈસા આપવા કરતાં અને પૈસા બીજા પાસેથી મેળવવા કરતાં એમનું લક્ષ્ય મનુષ્યના હૃદયમાં રહેલી ઉદારતાને પ્રગટ કરવાનું અને પૈસા પરની પકડને ઢીલી પાડવાનું હતું.

**જીવન રંગત**

આ માણસના જીવનની રંગત ૧૯૩૯ પછી બદલાઈ ગઈ. આ બહુ સુંદર વાત, બહુ સરસ રીતે એમણે પોતાની ગઝલમાં વ્યક્ત કરી છે.

*અમારે તો જીવન કેરી વસંતે બહાર ખીલી છે !*
*જીવનનો બ્હાર કેવો એ પૂરેપૂરો મહાલ્યો છે !*

એમનો દીક્ષાનો દિવસ વસંત પંચમીનો હતો. નિત્ય યુવાન આ માણસ. રોજ રોજ નવી નવી ને નવી વસ્તુઓ એમના અંતરમાંથી અને ચિત્તમાંથી પ્રગટ્યા જ કરતી હોય. આ વ્યક્તિએ પોતે આખા જીવનને નવું બનાવ્યું અને જે જે કોઈ મળતા જાય એના જીવનને નવું બનાવવા માટેનાં એમનાં કાર્યો ચાલ્યાં જ કરતાં હોય ! આમાં આપને મેં કહ્યું તેમ કર્મ એ એમને મન મુખ્ય બાબત હતી. એ વખતે કોઈ આશ્રમ સ્થાપેલો નહિ. એ વખતે આશ્રમ સ્થાપવાનો એમનો કોઈ ઇરાદો પણ નહોતો. સહજ રીતે જે કોઈ એમને મળતા એમને એ પ્રભુ માર્ગે પ્રેરતા.



**ઋણ સ્વીકાર**

'૪૨નું વર્ષ એ આપણા દેશ માટે બહુ જબરજસ્ત વરસ હતું. એ વખતે એ દક્ષિણ ભારતમાં એમના એક મિત્રને ત્યાં હતા. એમને જાણવા મળ્યું કે હરિજન સેવક સંઘની જે શાળામાં એ કામ કરતા હતા એ શાળાની છોકરીઓને માટે કપડાં મેળવવા અને એમને ખાવાને માટે જે વ્યવસ્થા કરવાની હતી એમાં ઓછું ધ્યાન અપાય છે. દેશમાં જ્યારે મુશ્કેલી ઊભી થઈ છે અને નેતાઓ બધા જેલમાં ગયા છે અને શાળા માટે પૈસાની જરૂર છે. હરિજન સેવક સંઘ મુશ્કેલીમાં આવ્યો છે. આથી મોટાને થયું કે, "જેનું લૂણ ખાધું એનું ઋણ અદા કરવાનો આ પ્રસંગ છે. આપણે સંઘમાંથી રાજીનામું આપ્યું એથી શું થયું ?" મુંબઈમાં એકાદ જાણીતા મિત્ર છે એમને એ મળે છે. અને કહે છે કે, 'થોડાક બીજા મિત્રોનાં નામ મને આપો." પછી સવારના પહોરથી એક થેલી લઈ, ખાદીનાં કપડાં પહેરીને એ ફાળા માટે નીકળે છે. એમણે કહેલું કે, "એ વખતે ખાદીનાં કપડાં પહેરીને ફરવું એ પણ જોખમ હતું, ફરી ના શકાય. પોલીસ પકડી લે. કોંગ્રેસનું કામ કરનાર માણસને મારવામાં આવતા હતા."

**વચનપાલન**

મોટા એક જગ્યા ઉપર પહોંચી ગયા. એક વેપારી મિત્રને મળ્યા અને કહ્યું કે, 'આપ મને આ કાર્ય માટે ફાળાનું કામ કરી આપો.' એમણે કહ્યું કે, 'હું કરી આપું.' તો કહે કે, 'આપ ફાળો લખો.' નિયમ પ્રમાણે સામાન્ય રીતે જેમ ફાળો થાય છે તેમ એ પેઢીના શેઠે રૂ. ૫૦૧ નોંધ્યા. યાદી કરી અને બીજા વેપારીઓની એક મીટિંગ કરી. બીજાએ પણ પૈસા ભર્યા. અને એ દિવસથી જે લોકોએ ફાળો નોંધાવ્યો હતો એ પ્રમાણે એમણે પૈસા મેળવી લીધા. પછી જે મુખ્ય શેઠની રકમ બાકી હતી તેમની પાસે ગયા. બીજા દિવસે શેઠે કહ્યું કે, 'લો, આ રૂ. ૧૦૧-' મોટાએ કહ્યું કે, 'તમે તો રૂ. ૫૦૧ નોંધાવેલ છે.' ત્યારે શેઠે કહ્યું, 'તમને લોકોને વ્યવહારની ખબર નથી. આ તો બાકીની આટલી રકમ એકઠી થઈ શકે એટલા જ માટે મેં ૫૦૧ લખેલ, નહિ તો તમને બાકીના પૈસા પણ ન મળ્યા હોત.' મોટાએ કહ્યું કે, 'શેઠ, એ વાત નહિ બને.' એટલે એ કહે કે, 'નહિતર તમે શું કરવાના ? તમારે તો બીજું કામ હશે !' મોટા કહે,

'ના, ના, મારું કામ બીજું નથી, મારું કામ આ જ છે, જે બોલ્યા છો એ પાળવું જ પડે, ચાલે જ નહિ.' 'આમાં તમે શું કરશો ?' એમ કહ્યું. એટલે કહે કે, 'અમે તો અમારી રીતે કામ કરીશું.' મોટા કહે, 'હું તો સવારના પહોરમાં પેઢી ખૂલે ત્યારે પેઢીના ઓટલે જઈને બેસી જાઉં, જ્યાં શેઠ બૂટ ચંપલ કાઢતા ત્યાં બેસતો હતો. ત્યાં જ બેસી રહું, કશું બોલું કરું નહિ. મારા મિત્રોના જે પત્રો આવ્યા હોય તેના જવાબ સાંજ સુધી લખ્યા કરું. શેઠ ઘણો બબડાટ કરે પણ જવાબ ન આપું. સાંજે પેઢી બંધ થાય એટલે એ ઊઠીને જાય પછી હું જતો રહું.'

**હૃદયદ્વાર**

આ કાર્યક્રમ સાત દિવસ સુધી ચાલ્યો. સાતમા દિવસે શેઠે પૂછ્યું કે, 'તમે બિલકુલ કંટાળ્યા કે ત્રાસ્યા વિના અહીં બેઠા બેઠા શું લખલખ કરો છો ?' એટલે મોટા કહે કે, 'હું મારા મિત્રોને પત્રો લખું છું અને બેઠો છું. આપ જ્યારે ૫૦૧ રૂપિયા આપશો તે પછી ચાલ્યો જઈશ.' શેઠે કહ્યું કે, 'લાવો, તમે શું લખો છો એ વાંચું ?' તો માટે કહે, 'લો વાંચો.' તેમના મિત્રો પરના પત્રો-આધ્યાત્મિક માર્ગદર્શન પરના હતા. એ પત્રો વાંચીને શેઠના હૃદયની અંદર સ્પર્શ થયો અને એમણે દિલગીરી વ્યક્ત કરી કે, 'મેં તમને સાત દિવસ તમારા કામમાં અટકાવ્યા એ બદલ હું દિલગીર છું અને આપ આ રકમ લો.'' મોટાએ એમને પ્રણામ કર્યા અને કહ્યું કે, ''હું તમારો ખૂબ ઉપકાર માનું છું, મારા સાત દિવસ બગડ્યા નથી. એક જણના હૃદયનું બારણું ઊઘડી ગયું, એથી મારા જીવનની આ ધન્ય ક્ષણ છે.'

હૃદયની અંદર આ જે ભાવ જાગે છે, હૃદયમાં આ જે ઊંચાઈ પ્રગટે છે એના કંઈ ફોટા પડતા નથી ! અંદરનો ફોટો પડતો નથી એ જ સંસારના વ્યવહાર માટે સારું છે ! આમ છતાં દરેક જણે અંદરનો ફોટો જોવાનો છે. આવા કો'ક - જે પ્રગટી ચૂક્યા હોય એ - આપણો અંદરનો ફોટો જોઈ લેતા હોય છે. કેમ કે એમનો ખરો ફોટો એમણે બતાવવો હોય છે. ખરી વાત ત્યાં છે. નિજનું સ્વરૂપ નિજને પરખાય, ત્યારે જીવનની એક અનોખા પ્રકારની રોનક અંદરથી ખીલે છે. તો મોટા એવું જીવન પ્રગટાવવા એ કામ કરતા હતા.



**વારાંગનાના આંગણે**

એક પ્રસંગ તો એમણે નોંધેલો નથી. એની વાત એમણે કરેલી. ફાળાના કામ માટે મુંબઈના પરામાંથી ટ્રેઈનમાં બેસીને આવતા હતા. એક વખત ટ્રેન ઊપડતી હતી એટલે ઉતાવળે જે કમ્પાર્ટમેન્ટ તેઓની સામે આવ્યો એ કમ્પાર્ટમેન્ટમાં એ બેસી ગયેલા. જે જગ્યા પર બેસી ગયેલા ત્યાં સામે કેટલીક સ્ત્રીઓ બેઠેલી, એ બજારુ સ્ત્રીઓ હતી. મોટા તો પોતે બીજું તો શું કામ કરે ? બેસી રહ્યા હતા. હાથમાં પોતાની થેલી હતી. એક સ્ત્રીએ પૂછ્યું કે, ''તમે આ ડબ્બામાં ક્યાંથી આવી ગયા છો ?'' એટલે કહ્યું કે ઉતાવળમાં હતો અને ગાડી ઊપડતી હતી એટલે હું આ ડબ્બામાં આવી ગયો છું. બીજા સ્ટેશને હું બદલી લઈશ. હું મારા એક અગત્યના કામે નીકળ્યો છું એટલે ગમે તે રીતે મારે ગાડી તો પકડવી પડે. હરિજન છોકરીઓ માટે પૈસા ઉઘરાવવાનું કામ છે. ગરીબ હરિજન છોકરીઓ માટે મારે કામ કરવાનું છે. તમે પણ એ ફાળામાં કંઈક આપો તો સારું એમ મોટાએ એ સ્ત્રીઓને કહ્યું. ત્યારે એ સ્ત્રીઓ કહે કે, ''અમે આપીએ તો ખરા, પણ એક શરતે-તમે અમારા નિવાસસ્થાને આવો તો અમે આપીએ.'' મોટા કહે કે, ''જરૂર આવું.'' આપને બહુ જ આશ્ચર્ય થશે કે મોટાએ એક વખત જાહેરમાં કહેલું કે જો મને રૂપિયા મળતા હોય તો હું નરકમાં જવા પણ તૈયાર છું. આનો અર્થ એ નથી કે માત્ર રૂપિયા લેવાના જ હેતુથી આવી વાત કરી હતી, એટલે સૌથી પહેલું મેં કહેલું કે એમનું જીવનકાર્ય-એમનું મિશન- એ મનુષ્યના હૃદયને સ્પર્શવાનું હતું. મોટા તો આ બાઈઓને ત્યાં ગયા, અને એમને વાત કરી કે, ''તમે કેટલા પૈસા આપશો ?'' તો કહે કે ''અમે આટલા આપીશું.'' મોટા કહે કે, 'અહીં આગળ આપી શકે એવી બીજી બહેનો છે કે નહિ ?' કારણ ફેરો ખાધો તો પૂરો જ કરી દેવો ! બીજી બહેનોને પણ બોલાવીને પૈસા મેળવ્યા અને પછીથી એમણે એ સ્ત્રીઓ સામે હાથ જોડ્યા અને નમસ્કાર કર્યા. મોટાની આંખમાં ભાવાશ્રુ આવી ગયાં ત્યારે એ સ્ત્રીઓમાંથી કેટલીક સ્ત્રીઓએ એમ કહ્યું કે ''અહીંયાં બહેનો છે, બહેનો છે.'' એવું કહેનાર તમે પહેલા જ આવ્યા છો અને બીજું તો અહીંયા પૈસા આપનાર આવે છે !'' આ કેટલી બધી મહત્ત્વની ઘટના છે !

**'પોતે' પોતાનો સાક્ષી**

એ કાળે ૧૯૪૨માં મોટા આખો દિવસ કામ કરે. એક વખત સિક્કાનગર પાસેની મારબાવડી પોલીસચોકી પાસે પોલીસ પકડે છે અને કહે છે કે, "તું કોંગ્રેસનો માણસ છે. તારી આ ચોપડી અને બીજું બધું બતાવ." મોટા કહે, "જુઓ ભાઈ, હું હરિજન સેવક સંઘનો ફાળો ઉઘરાવું છું. હું કોંગ્રેસનું કામ કરતો નથી. મારું કામ જુદું છે." આ પોલીસો એ વખતે માને નહિ, કહે કે ખાદીનાં કપડાં પહેર્યાં છે માટે કોંગ્રેસનો કાર્યકર છે. મોટાને સૌથી પહેલી વાર ૧૯૪૨ની સાલમાં પોતાની અંદર પ્રગટેલી પરમાત્માની શક્તિનો અનોખી રીતે અનુભવ થાય છે. બે દિવસ અને બે રાત મારબાવડી પોલીસ સ્ટેશનમાં ભૂખ્યા અને તરસ્યા રાખીને પ્રત્યેક કલાકે કલાકે બદલાતી ડ્યૂટી મુજબ જુદા જુદા ફોજદાર ને પોલીસોએ આવીને એમને મારવાનું ચાલુ રાખેલું. ગડદા, પાટુ, ફેંટો, ડંડા વગેરે માર્યા જ કરે.આ પ્રસંગને યાદ કરાવતાં મોટા એમ કહેતા કે શરીરને માર પડતો, પણ "હું" પોતે સાક્ષી હતો. માર પડતો હતો, તસુ પણ હાલ્યો ન હતો. અને મોંમાથી ચિત્કાર પણ થયો ન હતો. આ એક બહુ મોટો અનુભવ હતો. રામકૃષ્ણ પરમહંસે એક દૃષ્ટાંત આપેલું છે કે નાળિયેરનું પાણી સુકાય છે પછી ટોપરું અંદરથી છૂટું પડી જતું હોય છે. રાગ, દ્વેષ, કામ, ક્રોધ આદિ એ બધાં જ જ્યારે પરમાત્મામાં લીન બનતા હોય છે ત્યારે કશું જ કંઈ લાગતું નથી હોતું. આનંદની અનોખી ભૂમિકા પ્રાપ્ત થતી હોય છે. આમ છતાં આવી ઘટનાનો એમણે કદી મહિમા થવા દીધો નથી. એ હકીકત મારે ખાસ આપના ધ્યાન પર લાવવાની છે. એનો મહિમા નથી કરવાનો.

આવી આવી ઘટનાઓનું મહત્ત્વ ભલે ઘણું હોય અને છે પણ ખરું. એમાં શું મહત્ત્વનું છે ? તો કહે કે, મનુષ્યના જીવનમાં ભાગવતી ગુણો પ્રગટી રહે એવી શક્યતા છે.

**'પોતાને' મળવાનું સ્થાન**

મોટાને એક દિવસ એવી પ્રેરણા થઈ કે મને સાધનાકાળ દરમિયાન જે દુઃખો પડ્યાં એવાં દુઃખ કોઈને ન પડે એવું કંઈ થાય તો સારું. મારા જેવું દુઃખ, મારા જેવાં સંકટો કોઈને ન પડે એને માટે કંઈક કરવું જોઈએ. એથી એમણે વિચાર્યું કે જો વ્યક્તિ પોતે પોતાની અંદર જોશે નહિ, તો એ કદી



પોતાને ઓળખશે નહિ. એમને શરૂઆતથી એકાંત બહુ પ્રિય હતું. એવા એકાંતમાં કરેલી સાધના દ્વારા મોટા પરમ સુખ-પરમાનંદ પામ્યા હતા. એટલા માટે એમણે એકાંત સ્થળે હરિઃ.ૐ આશ્રમો શરૂ કર્યા. અને એ આશ્રમોમાં મૌન-એકાન્ત ઓરડામાં માણસ એકલો જ રહી શકે એવી વ્યવસ્થા ઉપજાવી. એની પાસે કશું જ નહિ. દૈનિક છાપું નહિ, રસોઈ નહિ કરવાની, કપડાં નહિ ધોવાનાં-કંઈ જ નહિ કરવાનું તો એણે શું કરવાનું ? એણે પોતાને મળવાનું. આપણે બહુ જણાને મળ્યા છીએ, માત્ર આપણને જ મળ્યા નથી, માટે તપ કરીને મથવું હોય તો એમણે એક પ્રયોગશાળા શરૂ કરી. હું એકાન્ત ઓરડાઓને આધ્યાત્મિક જીવનની પ્રયોગશાળા કહું છું. જે થિયરી જાણતા હતા એના પ્રયોગ માટે પ્રયોગશાળા શરૂ કરી. એ મૌન એકાન્ત ઓરડાને મૌન એકાન્ત મંદિર તરીકે ઓળખાવાય છે. ત્યાં વ્યક્તિ એકલી જ છે છતાં એ એકાન્તમાં કોઈ એકલતા અનુભવતું નથી. આ આખી વાત જુદી છે. મોટાની આ એક અદ્‌ભુત શોધનશાળા છે. એ ગૂઢ અને અંગત હોવાથી હું એ વાત અહીં નથી કહેતો.

**ગુણ-શક્તિની કદર**

આધ્યાત્મિક જીવનના વિકાસના તબક્કામાં એમના મનમાં એવું જાગ્યું કે આપણો સમાજ-હાલનો સમાજ એ દોદળો બની ગયો છે. એના જીવનમાં ધર્મ નથી, કેમ કે ત્યાગ અને પરમાર્થ મોખરે હોય તો જ ધર્મ પ્રગટે. આપણો હાલનો સમાજ સ્વાર્થપરાયણ અને એકાંગી બન્યો છે. એમના અંતરમાં આ વસ્તુ જાગી. આ માટે શું કરી શકાય ? તો ક્યાંક ને ક્યાંક ભાવના રહેલી છે. એની કદર થવી જોઈએ, ઝપાટાબંધ કદર થવી જોઈએ. જો કદર થાય તો ગુણ ખીલે અને જે કદર કરે એના હૃદયમાં ગુણ પ્રત્યે ભક્તિ જાગે. આમ સમાજમાં ધર્મની ભાવનાનો વિકાસ થવાનો સંભવ છે. કયા પ્રકારના ગુણો ખીલે ? ત્યાગ, ઉદારતા, પરમાર્થ, હિંમત, સાહસ, પરાક્રમ વગેરે સત્ત્વ ગુણો ખીલે. પણ એ ભાવવાળાં હોવાં જોઈએ. સત્ત્વની સાથે જોડાયેલાં હોવાં જોઈએ. એમ તો ચોર, ડાકુ પણ સાહસ કરે છે, એની કદર નહિ થાય, પરંતુ આવી પડેલી પરિસ્થિતિનો જે આંતરિક મર્દાનગીથી સામનો કરે એની કદર થવી જોઈએ.

**હિંમતની કદર**

એમણે છાપામાં વાંચ્યું કે નવરંગપુરાના એક બંગલામાં ૧૪ વર્ષની રબારી કોમની એક છોકરી કામ કરે છે. એનાં શેઠાણી એકલાં છે, ત્યારે કોઈ હરામખોર માણસ એની પાસે જઈ અને શેઠાણીને પાછળથી ઝાલી લઈ શેઠાણીનું મોં દબાવી એને લૂંટી લેવા માટેનો પ્રયત્ન કરે છે. આ છોકરીને જાણ થઈ ગઈ છે. આ છોકરીએ કોઈ ચીસાચીસ કરી નહિ પણ પાછળ જઈ પેલા હરામખોરની બોચી પકડી ખેંચ્યો, અને પોતાની શેઠાણીને મુક્ત કરાવી. પેલો તો ગમે તેટલું સાહસ કરનાર હોય પણ ચોર હતો એટલે ભયથી જ ભાગી ગયો. આ રતનની પાસે કદાચ શરીરશક્તિ નહિ હોય પણ એ જે પરિણામ નિપજાવી શકી એ એના હૃદયની અંદરની હિંમતથી. આ હિંમતનો ગુણ એ બહુ મોટો છે. છાપામાં આ સમાચાર છપાયેલા તો એ વાંચીને મોટા તો અમદાવાદ આવી પહોંચ્યા. એમણે બહેનોની સંસ્થાને કહ્યું કે 'આ છોકરીએ આટલું સારું કામ કર્યું છે તો આપણું ધ્યાન કેમ જતું નથી ? મારે એને ચાંદીના તોડા આપવા છે. આ છોકરીએ આટલું સારું કામ કર્યું છે એટલા માટે તમે કંઈક કાર્યક્રમ યોજો તો હું એને કંઈક આપું. આવી ઘટનાની જાહેર કદર થવી જોઈએ.'' અમદાવાદની વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલના હૉલમાં મહિલાઓની સંસ્થાના ઉપક્રમે જ્યારે આ સમારંભ યોજાયો ત્યારે હર્ષાશ્રુભર્યું અને હૃદયમાં ઉમળકો જગવે એવા પ્રકારનું દૃશ્ય ખડું થયું હતું. ગુણ શક્તિની કદરની બીજી એક વાત છે. હેમાબેન આચાર્યે, લશ્કરના માણસો રેલવેના કમ્પાર્ટમેન્ટમાં પેસીને સ્ત્રીઓને બેઈજ્જત કરવા ધસી આવતા હોય તો એની રીવોલ્વરનું નાળચું પકડીને જે સાહસ કર્યું અને હિંમત બતાવી, તો મોટા જૂનાગઢ પહોંચી ગયેલા-હેમાબેનને ધન્યવાદ આપવા માટે. ૧૯૬૧થી આવાં જાહેર કામો એમણે શરૂ કરેલાં. એમનું મિશન શરૂ થયેલું.

**વર્તે દેહાતીત !**

ધર્મજીવનની ભાવના વિસ્તારદશા પામે એવો તેઓશ્રીનો આ એક વિલક્ષણ પ્રયોગ હતો. એ દરમિયાન એમના શરીરની સ્થિતિ બહુ જુદા પ્રકારની બનવા માંડેલી. આ ઘણી નોંધપાત્ર બાબત છે. એમની આંખે ઝામરનો રોગ હતો. એને કારણે માથામાં સતત સણકા માર્યા કરે અને



આંખમાં પણ સણકા માર્યા કરે કેમકે આંખોમાં ખીલ હતા. એથી લાય બળી જાય એવી દવા વારંવાર નાખ્યા કરવી પડે. દમ હતો. ગમે ત્યારે એનો હુમલો થાય. ટી.બી., સ્પોન્ડીલાઈટીસ, કમરના મણકા ખસી જવા એટલે કમરપટો બાંધી રાખવો પડે. પછી તો મણકા એટલા બધા ખસી ગયેલા-બોચીથી કમર સુધીના-કે એ તો જે વેઠે એને જ સમજાય, એટલે આખો વખત સૂઈ રહેવું પડતું હતું. ડાયાબીટીસ, મસા, પ્રોસ્ટેટ ગ્લેન્ડ-આ બધા પ્રકારનાં શરીરનાં દર્દો હતાં. છતાં એક મિનિટ પણ નિષ્ક્રિયતા નહિ અને એક ક્ષણ પણ ચહેરા પર વ્યગ્રતા નહિ. આનંદથી બધાંની સાથે બોલવું, મળવું અને પ્રેમથી જ પ્રેમ પ્રગટ કરવો. આ એમના જીવનકાર્યની રહસ્યમયતા હતી.

**ફરજનો અધિકારી**

એક વખત રેલ આવી ત્યારે એક સરકારી અધિકારી રજા ઉપર ઊતર્યા હતા. ગુજરાતના બહુ મોટા અધિકારી હતા. એ મોટાને મળવા ગયેલા. સામાન્ય રીતે તો મોટા એમને 'આવો સાહેબ,' કહીને આવકાર આપે. પણ આ વખતે એ અધિકારી જ્યારે મળવા આવ્યા ત્યારે મોટાએ આવકાર ન આપ્યો. ઊલટું એમ પૂછ્યું, 'સાહેબ, તમે મળવા માટે કેમ આવ્યા ?'' ત્યારે એમણે કહ્યું કે, 'હું રજા પર છું.' મોટા કહે, 'રજા પર છો એથી શું થઈ ગયું ? જ્યારે તમારું કાર્ય રાજ્યની આ મુશ્કેલી વખતે તમારી ફરજ બજાવવાનું છે, ત્યારે તમારાથી અહીં અવાય નહિ. રજા લીધી એથી શું થયું ? અધિકાર રજાનો છે કે અધિકાર કર્મનો છે ? ચાલ્યા જાઓ, સાહેબ, અમે આવા પ્રકારના સમયે ખસી જનાર માણસને આવકારી શકતા નથી. માફ કરજો.' આમ કહેવું એ બહુ જબરી હિંમત માંગી લે છે. સૌના આશ્ચર્ય વચ્ચે બીજે જ દિવસે એ અધિકારી પોતાની ફરજ ઉપર હાજર થઈ ગયેલા. જીવનના કર્મની અંદર રહીને પણ પોતાની શક્તિઓ કેવી રીતે પ્રગટાવવી એ વાત મોટાએ આવી રીતે વ્યક્તિએ વ્યક્તિએ પ્રસંગ મળતાં શીખવી છે.

**સામૂહિક જીવનને સ્પર્શ**

પણ મુખ્ય વાત તો સમૂહની છે. સમૂહનાં કાર્યો એ એમનું એપ્લાઈડ સાયન્સ છે. ભગવાનની શક્તિ વ્યક્તિ પૂરતી મર્યાદિત હોય એટલું બસ

નથી. એ સમાજમાં વ્યાપવી જોઈએ. થિયરી, એક્સપરિમેન્ટ અને એપ્લાઈડ સાયન્સની પણ આ એક રીત છે. એમણે તત્ત્વ સિદ્ધાન્તને પરમાત્માના અનુભવરૂપે હૃદયમાં પ્રગટ કર્યો. એમણે જીવનના આ અનુભવની પ્રક્રિયાને વૈજ્ઞાનિક પદ્ધતિથી રજૂ કરી છે. પણ તેઓ એટલું કરીને બેસી ન રહ્યા. હરિઃ ૐ આશ્રમનાં મૌન મંદિરોને કોઈ પણ વ્યક્તિ માટે દિવ્ય જીવનની શક્યતાની પ્રયોગશાળા બનાવી દીધી. એ પણ પૂરતું ન ગણ્યું એટલે એમણે સમાજને-મનુષ્યના સામૂહિક જીવનને-વિકસાવવા માટેનું કામ ઉપાડ્યું. આપને જાણીને આનંદ અને આશ્ચર્ય થશે કે આવી ભાંગી પડેલી તબિયતે જે બોલાવે એને ત્યાં એ જતા. ક્યારેય પણ એમણે સામે ચાલીને કોઈની પાસે ફાળો માગ્યો નથી. સૌથી પહેલાં રકમ આપવાનો સંકલ્પ કરતા હતા ત્યાર પછી એ રૂપિયા માટે ટહેલ નાંખતા, અને નિશ્ચિત કરેલ રૂપિયા એટલા સમયમાં મળી પણ જતા હતા. આને કોઈ ચમત્કારિક ઘટના ન ગણશો, કેમ કે તેઓ તો એમ અનુભવતા હતા કે મનુષ્યમાત્રમાં રહેલી ઉદારતાની, પ્રેમની અને એવા બીજા ગુણની શક્તિ છે તે આ રીતે પ્રગટી રહી છે. માત્ર એને તક મળવી જોઈએ.

### નિમિત્ત

૧૯૬૧-૬૨ ની સાલથી ૧૯૭૪ સુધી - ૧૨ વર્ષ લગી જુદા જુદા પ્રકારની યોજનાઓ દ્વારા ભારતભરમાં મેડિકલ સાયન્સ, ટેક્ષ્ટાઈલ, ઈન્ડસ્ટ્રીઝ, વિવિધ પ્રકારની કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ વગેરે સ્થળે રિસર્ચ માટે એમણે મોટાં મોટાં દાન આપ્યાં છે. બાર વર્ષ દરમિયાન લગભગ કરોડ રૂપિયા ઉપરાંતની રકમ એમને મળેલી. એ રકમ એમણે આ રીતે દેશભરમાં રિસર્ચ કાર્ય થાય અને એ દ્વાર સમાજના વિવિધ કક્ષાના લોકોને ઉપયોગી થઈ શકે તેવા પ્રકારનું રિસર્ચ થાય એને માટે એમણે આ કામ ઉપજાવેલું હતું. આ કર્મ તો એમને માટે નિમિત્ત હતું. યાદ રાખજો કે આ કાર્ય પાછળ સામાન્ય રીતે સામાજિક કાર્ય કરવું એ એમનો હેતુ નહોતો. આવાં કર્મ નિમિત્તે એમને જે જે માણસો મળતા ગયા એ બધાંના હૃદયની એમને જરૂર હતી. માટે એવા સંબંધોને તેઓ નિમિત્ત સંબંધો કહેતા હતા. એમણે જેમને જેમને સ્પર્શ આપ્યો છે અને એ સ્પર્શ દ્વારા એમણે એમના એ



મિશનને જીવમાત્રની પ્રભુ પ્રત્યેની-અભિમુખતા થાય એવા એમના જીવનધ્યેયને પ્રગટાવવાનું અને જોવાનું એમણે માણ્યું છે.

### પ્રેમરંગરેજ પૂજ્યશ્રી

મેં આપને શરૂઆતમાં કહ્યું કે એ રંગરેજના દીકરા હતા. એમના બાપદાદાનો ધંધો કપડાં રંગવાનો. ૧૯૬૭માં ટાઉન હૉલમાં એમને વિશે વાત કરતાં મેં એમ કહેલું કે આ રંગરેજના છોકરાએ હજુ સુધી એનો ધંધો છોડ્યો નથી. એ રંગવાનું કામ કરે છે પણ એની રંગવાની એ રીત અનોખી છે. એમની પોતાની ગઝલમાં એમણે લખ્યું છે કે

*જીવનને રંગવાનો શો અમે ધંધો ઉપાડ્યો છે;*
*કશું એમાં નવું ના છે, ખરો ધંધો અમારો છે.*

શેનાથી રંગવાનો આ ધંધો હતો ? પ્રેમથી રંગવાનો. એ પ્રેમ એ પરમ પ્રેમ. અનેક જીવોને આ રીતે રંગ્યા કરે છે. અનેક માણસો એમના સંપર્કમાં આવતા. જુદા જુદા પ્રકારના સામાન્યમાં સામાન્ય માણસ, મોટામાં મોટા માણસ બધાંની સાથે એકસરખા પ્રેમભાવથી વર્ત્યે જાય. એવા વર્તન માત્રથી જ પેલાના હૃદયની અંદર સૂક્ષ્મ સ્પર્શ થતો જાય છે.

### હૃદયસ્થ મોટા

ઘણા લોકોને એમ થયા કરતું હતું અને કેટલાક માણસો એમ કહેતા હતા કે મોટાના જીવનની આસપાસ કેટલીક ચમત્કારિક ઘટનાઓને આવરી લઈને જીવનમાં અમુક પ્રકારની કામગીરી સફળ થઈ ગઈ. કો'ક કહેતું કે, અમારા ફલાણા રોગ હતા તે એમણે આમ લઈ લીધા વગેરે. આ બધી વાતોને મહત્ત્વ આપવાની જરૂર નથી, કારણ કે આવી ઘટનાઓને મહત્ત્વ આપવાથી આ પુરુષના મિશનને ઝાંખપ લાગી જશે. કારણ કે આ એક વિરલ વીર પુરુષ છે કે જેણે કારમી ગરીબીમાંથી પોતાનું આખું જીવન ઊંચું આણ્યું, દિવ્ય બનાવ્યું અને એ દિવ્ય જીવન દ્વારા અનેકના જીવનને ઊંચે લાવવાના પ્રયત્નો સહજતાથી કર્યા છે. ચમત્કારિક ઘટનાઓના પ્રસારથી એને યોગ્ય રીતે નહિ સમજી શકાય. તેઓના પરમજીવનની મુખ્ય વાત તો તદ્દન અનોખી છે. એક જગ્યાએ એમ લખ્યું છે કે,

*પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાનામાં વસેલો છે;*
*છૂપાયેલા પ્રભુને તે પ્રગટ કરવા હૃદય જીવીએ.*

એમનું જીવન એ હૃદયજીવન છે. એમ કહે છે કે, 'અમે' એટલા માટે જીવીએ છીએ. પણ આ રીતે જીવવાનું સ્થળ કયું છે ? તો કહે છે કે 'હૃદય'. પોતે પોતાના વ્યાપક હૃદયરૂપમાં જીવે છે એ રીતે જીવમાત્રાના એ 'હૃદયસ્થ' છે.

**શક્તિ-નિયોજન**

એક વખત મોટા કહેતા હતા કે, 'એક પૈસો પણ જોવો દુર્લભ, એક રૂપિયો પણ જોવો દુર્લભ એવી ગરીબીમાં રહેનાર આ માણસની પાસે કરોડો રૂપિયા આવ્યા-લોકોએ આપ્યા છે છતાં ભગવાનની કેટલી મોટી કૃપા છે કે એમાં હજુ મારો જીવ કદી લાગ્યો નથી.' એમાંથી એમણે એવી વ્યવસ્થા ઉપજાવી કે એની એક પાઈ એ આશ્રમના નિભાવ માટે નહોતા રાખતા. પોતાની દવાનો ખર્ચ પણ એમાંથી નહિ. અને બધી જ રકમ જ્યાં જ્યાં આપી ત્યાં અકબંધ રાખી છે. શક્તિને સાચવી રાખી છે. એના વ્યાજમાંથી બધું કામ થાય છે. એમને મન રૂપિયાનું મહત્ત્વ ન હતું. તેઓ કહેતા કે ''રૂપિયા દ્વારા હું માણસને મળી શકું છું. બીજો કોઈ રસ્તો નથી, હું શું કરું ? મને બીજા કોઈ કેવી રીતે મળી શકે ? બીજું શું હતું મારી પાસે ? હું તો એક ગરીબ માણસ, એક કપડું પણ વીંટાળી શકાય એટલી મારી તાકાત નથી. અને ચાલી શકવાની પણ મારી શક્તિ નથી. માણસ ઊંચકે ત્યારે તો હું ફરી શકું છું. સાવ પાંગળો છું.'

**તપની કદર**

આ એકેએક શબ્દ આધ્યાત્મિક અર્થ ધરાવે છે. આત્માની શક્તિનો લાક્ષણિક રીતે મહિમા કહેવાયો છે. અમદાવાદમાં બહુ આશ્ચર્ય થાય એવી એક ઘટના બનેલી. ટાઉનહૉલની પાછળ ગુરુકૃપા ગેસ્ટ હાઉસના હૉલમાં એક નાનકડો સમારંભ યોજાયેલો. મોટાએ વિચાર કર્યો કે, આ બચુભાઈ રાવત એવા માણસ છે કે જે આટલાં બધાં વર્ષોથી મેગેઝિન 'કુમાર' કાઢ્યા જ કરે છે. તેના જીવનમાં શું ક્યારેય પ્રલોભનો નહિ આવ્યાં હોય ? આ માણસ આટલો શક્તિશાળી છે. કદી પણ એણે આ કામ છોડ્યું નથી અને કુમારો માટે-આવતી કાલના નાગરિકો માટે, જે માણસ પોતાનું જીવન આપી દે, એ માણસ તરફ ગુજરાતની પ્રજાનું ધ્યાન કેમ ન ખેંચાયું ? એમને એમ થયું કે, બચુભાઈ માટે કંઈક થવું



જોઈએ. તેમણે બચુભાઈને પત્ર લખેલો, કે 'મારે તમને સુવર્ણચંદ્રક આપવો છે અને તમારા સાહિત્યકારો બધા ભેગા થાય ત્યાં મારે તમારું આ રીતે સન્માન કરવું છે.' બધાં ભેગા થઈને આનંદ વ્યક્ત કરે. ગુણશક્તિની કદર કરે. એ દિવસે મોટાને દમનો સખત હુમલો થયેલો. એ દિવસે તેઓ નડિયાદમાં હતા. સમયસર અમદાવાદ પહોંચવાનું હતું. એમનો એક નિયમ હતો કે શ્વાસ ચાલતો હોય ત્યાં સુધી કર્મ હેઠું નહિ મૂકવાનું. ઓક્સિજન સિલિન્ડર મંગાવ્યાં. અને સિલિન્ડર સાથે અમદાવાદ સુધી મુસાફરી કરી. જ્યારે એ આવ્યા ત્યારે એમને જોઈને સાહિત્યકારોને બહુ વિસ્મય થયું, 'અરે ! તમે આ સ્થિતિમાં આવ્યા ?' તો મોટા કહે કે, 'હું કાંઈ બચુભાઈને કે તમારા માટે નથી આવ્યો, હું તો મારા ખાતર આવ્યો છું. ગુજરાતમાં આ એક અદનો માણસ આટલું કામ કરી રહ્યો છે તો મને થયું કે ચાલ હવે શરીર પડવાનો વખત નજીક છે, ગમે ત્યારે પડી જશે તો આટલી કંઈક વાત રહી ન જાય. એટલા માટે આવ્યો છું.' એમણે દમની સ્થિતિમાં ભાષણ પણ આપેલું !

**મોટાનું નિમંત્રણ**

આ પુરુષ પોતાની વાત કરતાં કહે છે કે આ અવસ્થા કેવી રીતે પ્રાપ્ત થઈ છે ! આપણને જે જીવન મળ્યું છે તે જીવન રાગદ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતાથી ભરેલું જીવન છે. જ્યારે આવું જીવન શ્રીપ્રભુચરણે સમર્પિત થાય ત્યારે જ દિવ્યજીવન પ્રાપ્ત થાય. ત્યાગ દ્વારા જ નવજીવન પામી શકાય. બીજો કશો ત્યાગ કરવાનો નથી, પણ પેલી વસ્તુનો-કામક્રોધાદિનો-ત્યાગ થવા દેવાનો છે. એમની અધૂરી રહેલી ગઝલની ફક્ત બે પંક્તિઓ છે

*ઝલક મહેબૂબની જીવને ફના જીવન કરી દઈને,*
*જીવનમાં ઠારવા કાજે, અમે દાવત દીધેલી છે.*

મહેબૂબ એટલે પ્રિયતમ,-ભગવાનની ઝલક 'જીવને'-આ જીવનમાં સ્થિર કરવા-'ફના જીવન કરી દઈને.' કયું જીવન ફના કરવાનું ? રાગદ્વેષ ને કામ-ક્રોધવાળું જીવન. એવું જીવન બધાં દુઃખોનું કારણ છે. બધા જ કલેશોનું કારણ છે. 'ફના જીવન કરી દઈને-જીવનમાં ઠારવા કાજે' જીવનમાં અમે એ દિવ્ય જીવનની-પ્રભુજીવનની ભાવના ઠારવા, જીવદશાનું જીવન ફના કર્યું

છે. હવે તમારા સૌ કોઈના જીવનમાં એવી ભાવના ઠારવા માટે અમે દાવત દીધેલી છે. અમે તમને નોતરું આપેલું છે કે આવી જાવ. આ તો એક માણવા જેવી મહામોંઘી મોટી ઉજાણી છે.

દિવ્યજીવન દ્વારા સનાતન સુખાનંદ માણવાનું પૂજ્ય શ્રીમોટાનું આ નિમંત્રણ આજેય સંભળાય છે.એમનું ક્ષર સ્વરૂપ આપણાં ચક્ષુ સામે નથી. પણ એમનું અક્ષર સ્વરૂપ આપણા અંતઃકરણને સ્પર્શે છે. એ સ્પર્શ પામવા એમના અક્ષર સ્વરૂપ સમીપ કોઈ પણ જીવ જઈ શકે છે. અને એમના પ્રેમનિમંત્રણનો સ્પર્શ પામી શકે છે.

આવા પરમપુરુષ વિશે વાત કરવાનો મને શો અધિકાર ? એ માટે તો મોટાની માફી માગુ છું અને આપ સૌએ આવા સંકીર્તનની તક આપી માટે આભાર માનું છું.

❑



## ૨. સિન્ધુનો સાદ

(૧૯૭૩માં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'શ્રદ્ધા' વિશે આપેલું પ્રવચન)

### ધન્ય જલબિંદુ

પથ્થર-કાળજાને તોડીને પર્વતમાંથી એક ઝરણું ખળ ખળ વહે છે. અસંખ્ય જલબિંદુઓનો એ પ્રવાહ છે. એ જલરાશિએ વિરાટ સાગરનું આમંત્રણ સાંભળ્યું છે. એમાં એ લીન થવા વહ્યે જાય છે. આ દૃષ્ટિમાં જીવનની સંવેદના છે. માનવનું જીવન જ આમ વહી રહે છે એ પ્રવાહ અનાયાસે જ સમુદ્ર ભણી વહે છે. પણ બધા જ પ્રવાહો સમુદ્રને પામી શકતા ન પણ હોય ! પાછું પુનરુત્થાન થાય અને ગતિ આરંભાય ! આમ માનવજીવન વહ્યા જ કરે છે.

પરંતુ કો'ક જલબિંદુને એવી અનુભૂતિ થાય કે વિરાટ અનંત જલરાશિવાળા સાગર સુધી ઘસડાઈને જવાનું ? બિન્દુ સ્વયમ્ એનો અંશ જ હોઉં તો હું એ પૂર્ણરૂપ કેમ ન અનુભવી શકું ? એ જલબિંદુએ સાગરના નાદને સાંભળ્યો-પરખ્યો-એણે પોતે જ સાગરની અનુભૂતિ માટે ઝંખના અનુભવી. માનવ-જીવનના સહજ પ્રવાહમાં જીવનના હેતુ વિશેનું જ્ઞાન કો'ક વિરલા જીવને થાય છે.

એક જર્મન વિચારકે છેલ્લી એક સદીમાં એક વિચાર એવો વહેવરાવ્યો કે આપણને આપણી ઇચ્છા વિરુદ્ધ અહીં મોકલાયા છે અને મરજી વિના જ આપણને અહીંથી ધકેલી દેવાશે ! આ વિચારે આપણા વિચારશીલ-સમાજમાં એક ક્ષોભ પેદા કર્યો છે. એક બાજુથી વિફલતા અને નૈરાશ્ય પેદા થયાં, તો બીજી બાજુએ જીવનની પ્રત્યેક ક્ષણમાં પ્રાપ્ત થતા સુખને ભોગવી લેવાની ઉતાવળ પ્રગટવા માંડી ! અલબત્ત, વૃત્તિને તત્કાળ ભોગવવાથી સુખાનંદ અનુભવાય છે ખરો; પણ એમનાથી આનંદનું અખંડિત સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. એટલે સુખ કે આનંદની અપૂર્ણતા દ્વારા એ અપૂર્ણતા સાથે પૂર્ણના ગુણાકાર દ્વારા પૂર્ણતા પામી શકાય એવી શક્યતા માનવજીવનનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે ખરી.

### 'How are you ?'

આથી જીવન જે રીતે વહે છે તે રીતના જીવનનું નહિ પણ જે રીત દ્વારા જીવનના પરમ હેતુને-પરમાનંદના સાતત્યના અનુભવને પ્રાપ્ત

કરવાના હેતુને 'જીવન' એવું નામ અપાય એ યોગ્ય ગણાશે. જીવનના આવા ગહન તત્ત્વ પ્રત્યે આપણે જાગૃત રહી શકીએ એટલા માટે સામ-સામે મળતાં આપણે એકબીજાને 'ખબર અંતર' પૂછીએ છીએ ! મતલબ કે અંતરની ખબર પૂછીએ છીએ. 'કેમ છો ?' 'How are you ?' કોઈ આપણને એમ નથી પૂછતું કે 'Why are you ?' આપણે અહીં કેવી રીતે છીએ ? આપણાં અંતઃકરણો કેવાં છે ? 'કેનોપનિષદ'માં આવા જ પ્રશ્નોથી આત્મજ્ઞાન પ્રગટ કરાયું છે ! માનવ માનવ વચ્ચેના ઔપચારિક વ્યવહારમાં પણ કેવું જ્ઞાન છુપાયું છે !

એ જ્ઞાન-એ અવસ્થા આપણને જણાતી નથી કે અનુભવાતી નથી માટે એના અસ્તિત્વનો ઈન્કાર કરવા જેટલી મૂઢતા આપણામાં ન હોવી જોઈએ. આપણે જોઈએ છીએ કે સવારે સૂર્ય ઊગે છે અને સાંજે આથમી જાય છે. આમ આપણે જોઈએ છીએ પણ એ વાસ્તવિકતા નથી ! ખરી વાત તો પૃથ્વી ફરે છે એને લીધે આમ થાય છે. વિજ્ઞાને એ પૂરવાર કરી આપ્યું છે ! પૃથ્વીને ફરતી જોઈ શકતા નથી માટે વિજ્ઞાનના આ સત્યને આપણે ઈન્કારી કે અવગણી શકતા નથી.

**શ્રદ્ધાનું મૂળ**

આત્મતત્ત્વમાં નિગૂઢ રહેલા પરમાનંદને અનુભવીને જીવનનું સાર્થક્ય માણનારાનાં નામ આ દેશના લોકોને આપવાના ન હોય. એ લોકોએ અનુભવ્યું કે અનુભવેલું કહ્યું એથી એ માનવું કે સ્વીકારવું એ જ શ્રદ્ધા નથી. આપણે ત્યાં શ્રદ્ધાનું એવું સ્વરૂપ કદી સ્વીકારાયું નથી. ઉપનિષદોમાં પ્રશ્નો દ્વારા જ ચર્ચા થાય છે ! પણ એ ચર્ચા આત્મતત્ત્વના અનુભવ માટેની મથામણમાંથી ધ્યેયની પ્રાપ્તિને કાજે થાય છે. માત્ર 'એકેડેમિક' ચર્ચા નથી ! ગીતામાં 'પરિપ્રશ્નેન સેવયા'ની પ્રક્રિયા સૂચવાઈ છે. નરેન્દ્રનાથ રામકૃષ્ણને સીધો જ પ્રશ્ન પૂછે છે. ધગધગતી જિજ્ઞાસામાંથી એ પ્રશ્ન આવ્યો છે ! તો એનો જવાબ અનુભૂતિ દ્વારા મળે છે. પરિણામે દેશને વિવેકાનંદ મળે છે. આથી બુદ્ધની એક કથા દ્વારા સૂચવાય છે તેમ માત્ર 'સિસ્ટમ ઓફ લાઈફ' નહિ, પણ વે ઓફ લાઈફ અગત્યની છે. જીવન વિકાસનો માર્ગ જ શ્રદ્ધાનું કારણ અને પરિણામ બંને બની શકે.

પણ જે માર્ગ જોયો જ ન હોય, એના વિશે શ્રદ્ધા કેવી રીતે હોઈ શકે ? જીવનને પૂર્ણરૂપે અખંડિત સ્વરૂપે અનુભવવા માટે સાધના જ એક



માર્ગ છે, એ અનુભૂત સત્ આપણા સૌના હૈયાના આધારરૂપે રહેલું છે. અને એ સત્‌ને જે ધારણ કરે તે શ્રદ્ધા એવી વ્યાખ્યા સ્વીકારીએ તો શ્રદ્ધાનું સ્થાન ક્યાં છે એ સહેજે સમજી શકાશે. પૃથ્વી એની ધરી પર ફરે છે. આ ધરી દેખાતી નથી. કલ્પિત છે ! આ મેટરનું સાયન્સ પણ કલ્પનાની વાત કરે છે ! શેષના આધારે પૃથ્વી છે એ કલ્પના નથી. ખરો શેષ તો 'શૂન્ય' જ હોય ! સાચા ભાગાકારને યાદ કરો ! આ 'શૂન્ય' અભાવાત્મક નથી. આ રીતે જે વિજ્ઞાનને માનવજાતના અનેક સંત-મહાત્માઓએ અનુભવ્યું છે એ વિજ્ઞાનના આધારમાં-મૂળમાં શ્રદ્ધાની આ શક્તિ રહેલી છે ! આ શ્રદ્ધા જ ભગવાનના દર્શન ભણી લઈ જાય છે.

**'દર્શન કરવાં' એટલે ?**

આપણે મંદિર વગેરે સ્થળે ભગવાનના દર્શન કરવા જઈએ એટલે શ્રદ્ધાવાન બની જતા નથી. 'કશું પણ કરવું નહિ. ડાહ્યા ડમરા હોવાનો દેખાવ કરો. ભગવાન સૌનું સારું કરશે એવી શ્રદ્ધા રાખો' આવી માન્યતા એ શ્રદ્ધાનું પૂર્ણ સ્વરૂપ નથી. ભગવાનનું દર્શન કરવું એટલે ઈશ્વરીય સામર્થ્યનો જીવનમાં અનુભવ કરવો. 'દર્શ'-'ન' માત્ર આંખથી જો નહિ, અંતરમાં પામ. 'દર્શન'નો આવો અર્થ કરાય.

'આ કામ અઘરું છે' કહીને જો તે કામ ત્યજી દેવાયું હોત તો પૃથ્વી પર આજે જે કંઈ છે તે ન હોત ! માટે આપણે માત્ર મૃત્યુ તરફ જ ગતિ કરવા અહીં આવ્યા નથી, પણ જલબિંદુના કાનમાં કહેવાયેલું વિરાટસાગરના અનુભવનું આમંત્રણ લઈને, અને સૂર્યકિરણના સ્પર્શથી મુક્તક જેવા તેજસ્વી બનવાની શક્યતા લઈને આવ્યા છીએ. આ પૃથ્વી ઉપર અનેક યાતનાઓ, મુશ્કેલીઓ, દુઃખો વગેરે આવા પરમ આનંદને અખંડિતરૂપે અનુભવવાની કિંમતરૂપે છે. માનવજીવન પરના દુઃખોનો કે કદાચ મૃત્યુનો પણ આ જ અર્થ કે ખુલાસો છે.

**શ્રદ્ધાનું સ્વરૂપ**

માનવીના આવા જીવન માટે શ્રદ્ધા ક્યાં રહેલી છે ? એ કેવી રીતે કાર્ય કરે છે ? એ જોવા માટે શ્રદ્ધા વિશેના સામાન્ય ખ્યાલને ત્યજવો જ પડે. પંચતત્ત્વો તેમજ એની તન્માત્રાઓ માનવશરીરમાં છે. પણ વિકાસની પ્રક્રિયામાં મૂકાવા માટે માનવમાં આકાશતત્ત્વ મોખરે આવે તો જ એ

તત્ત્વના ગુણધર્મો જેવા કે વિશાળતા-વ્યાપકતા વગેરેના અનુભવની શક્યતા ઊભી થાય. શ્રદ્ધા એવી એક શક્તિ છે જે હૃદયના ઊંડાણમાં રહી પ્રેમાનંદ અનુભવવા માટે ગતિ પ્રેરે છે. શ્રદ્ધાનું એ ખરું સ્વરૂપ છે. જીવનવિકાસના માર્ગે જેમ જેમ સત્ત્વગુણ મોખરે આવતાં રજસ્ તેમજ તમસ્ ગૌણ બને તેમ તેમાં શ્રદ્ધાનાં અવનવા રૂપોનો અનુભવ થવા માંડે છે. શ્રદ્ધાની શક્તિ માનવીને-જીવનને વિકાસ માટે ગતિ કરાવે છે. આ પ્રકારની પ્રેરકતા-ગતિશીલતા એ શ્રદ્ધાનું પ્રથમ નોંધપાત્ર લક્ષણ છે. જીવનવિકાસના માર્ગમાં માત્ર આંતરિક અનુભૂતિ જ પર્યાપ્ત નથી. એ અનુભૂતિ-અનુભવ જીવનમાં પ્રાપ્ત થયેલા કર્મોમાં પ્રતિષ્ઠિત થવાં જોઈએ ! શ્રદ્ધાથી જેમ આંતરિક વિકાસ માટે ગતિશીલ થવાય છે તે જ પ્રમાણે શ્રદ્ધાથી જે તે ઊર્ધ્વ અનુભૂતિને ક્રિયાશીલ બનાવાય છે. શ્રદ્ધા કોઈને બેસાડી રાખતી નથી. એ સ્વયમ્ સક્રિય હોવાથી એ પ્રમાદ પ્રેરી શકે જ નહિ. કેટલાક લોક શ્રદ્ધાને 'અંધ' કહે છે. શ્રીઅરવિંદ આ માન્યતા અંગે કહે છે કે જીવનના ધ્યેયને પામવા સિવાયના અન્ય વલણો-આકર્ષણો-પ્રલોભનો પરત્વે જે અંધત્વ રાખવાનું છે એવું ધ્યેય પરત્વેની એકાગ્રતા સિવાયમાં શ્રદ્ધાનું અંધત્વ છે. આથી જેવી શ્રદ્ધા હશે એવા આપણે થઈશું એમ કહેવું બરાબર નથી. એથી ઊલટું આપણે જેવા થતા જઈશું એવી આપણે માટે શ્રદ્ધા બનશે.

### શ્રદ્ધાની શક્તિ

જીવનના વિકાસક્રમમાં શ્રદ્ધાનું સ્વરૂપ અને ગતિ અવનવાં રૂપો ધારણ કરે છે. વિકાસમાં વેગ પ્રેરનારી અને અવનવાં સર્જન કરનારી એ શક્તિ-શ્રદ્ધાનાં આવા સ્વરૂપનો પરિચય પામવા માટેનો પ્રદેશ અધ્યાત્મનો છે. કેમ કે શ્રદ્ધા આત્માની શક્તિ છે. માટે એ આત્માનુભવને માટે જ કાર્ય કરે છે. જીવનના વિકાસમાર્ગમાં માત્ર ગતિશીલતા કે ક્રિયાશીલતા જ શ્રદ્ધા પ્રેરતી નથી. પરંતુ પ્રત્યેક કક્ષાએ થતા અનુભવનું જ્ઞાન પ્રદાન કરે છે. શ્રદ્ધા વિચારશક્તિને કુંઠિત કરતી નથી પણ વિચારને તર્કના માળખામાં ચકરાવાને બદલે પ્રજ્ઞાની અવસ્થામાં પ્રતિષ્ઠિત કરે છે. શ્રદ્ધા દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન અનુભવનું જ્ઞાન હોય છે. એ અનુભવ કોઈ સ્થૂલ કરણ કે ઇન્દ્રિયનો નથી. શ્રદ્ધાની આવી જ્ઞાનશીલતા હોય છે.



જીવનના વિકાસ માર્ગે જનાર માનવીના જીવનની ગતિ સરળ નથી હોતી. હૃદયની અનંત કક્ષાઓમાં ઊંડે ઊંડે અનુભવવાના ભાવને કાજે અનેક કસોટીઓમાંથી એને પસાર થવું પડે છે. સંકલ્પ વિકલ્પ વિનાની મનની નીરવ અવસ્થા એક ભીષણ સૂનકારનો અનુભવ કરાવે છે. જીવન સૂકકું અને વેરાન અનુભવાતું હોય છે. જીવનની આવી અવસ્થા-આ શૂન્યતા અભાવાત્મક નથી હોતી. છતાં એનો અનુભવ અકલ્પ્ય હોઈ શકે છે. આવે ટાણે આ માર્ગના પ્રવાસીને શ્રદ્ધા જ પાથેય પૂરું પાડે છે. શ્રદ્ધાથી ગતિ થાય છે અને અનંત પરમ શાંતિની અનુભૂતિથી શ્રદ્ધા દૃઢ થાય છે.

જીવનવિકાસના એક તબક્કામાં વેરાન અને સૂનકારપૂર્ણ સ્થિતિમાં પણ એક ઊંડું દર્દ જન્મે છે. વેરાનમાં પ્રેમની વીરડી ફૂટે છે. દર્દભરી પ્રાર્થના જીવનવિકાસ માર્ગની આ અવસ્થામાંથી બહાર લાવે છે. આવી પળે શ્રદ્ધાનું સ્વરૂપ પલટાય છે. એક અપૂર્વ સામર્થ્ય ધરાવતી શક્તિરૂપ આ શ્રદ્ધા જીવનના ધ્યેય પ્રત્યે જીવનસાધકને લઈ જાય છે.

### બિન્દુનું સિન્ધુ રૂપ

પોતાના જ હૃદયમાં સર્વવ્યાપક સ્નેહને અનુભવવો છે-માટે હૃદયનો આવા અનુભવ યોગ્ય બનાવતાં બનાવતાં જ્યારે એ પરમનો અનુભવ કરે છે- તે પછી શ્રદ્ધા સ્વયમ્ સ્થળાતીત અને કાળાતીત બનીને ગૂઢ સક્રિયતા ધારણ કરે છે. આમેય વિકાસની પ્રક્રિયા તો અનંત છે.

વિકાસના સરાણે ચઢીને શ્રદ્ધાના આવા રૂપને પ્રાપ્ત કરેલ કો'ક વિરલ-વીર દેહધારી જ શ્રદ્ધાનો મહિમા પોતાની લાક્ષણિક સક્રિયતા દ્વારા સિદ્ધ કરતો હોય છે.

જે બિન્દુ સિન્ધુનો સાદ સાંભળીને પારખીને પછી રસ, લગની, પુરુષાર્થ અને મથામણ દ્વારા શ્રદ્ધાની શક્તિ વડે એ સ્વયં સિન્ધુરૂપ બની રહે છે ત્યારે માનવજાત પ્રત્યેના અકારણ અકૃત્રિમ સ્નેહ વડે જે ઝંખે એને આનંદની પ્રતીતિ કરાવે છે.

❑

## ૩. વર્તુળનું કેન્દ્ર

(આ સાથે અંગત નોંધ રજૂ કરવી જરૂરી લાગવાથી લખું છું. : પૂજ્ય શ્રીમોટાએ 'શ્રદ્ધા' વિશે શાસ્ત્રગ્રંથ રચેલો. એનું સંપાદનકાર્ય મને સોંપાયેલું. આ અત્યંત ગહન શાસ્ત્ર વિશે જૈન યુવક સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચન આપવાનું નક્કી થયેલું. આ હકીકત મેં મોટાને જણાવેલી. ત્યારે શ્રીમોટાએ કહેલું કે 'ભલે, શ્રદ્ધા વિશે ભાષણ કરો, પણ એમ જણાવી દેજો કે આ વિષયનો મને અનુભવ નથી, પણ જેને અનુભવ છે એમાંથી જેટલું સમજાયું એટલું કહું છું.'

આમજનતાને આ વ્યાખ્યાન અઘરું જણાયું હતું. આ વ્યાખ્યાન લખીને મેં મોકલાવેલું અને એ વખતે પ્રગટ થતા 'પ્રબુદ્ધજીવન'માં એ છપાયેલું.

એ વાંચીને ત્યાંના 'અભ્યાસ વર્તુળે' ૧૯૭૬માં (પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પછી) મને ખાસ નિમંત્રણ આપીને મોટા વિશે તથા એમના કેટલાક વિચારો સંબંધી વાર્તાલાપ માટે બોલાવેલો. એ પ્રસંગે નીચે મુજબ રજૂઆત કરી હતી.)

### કેન્દ્ર પર દિવ્યતા

મારી સાધારણ યોગ્યતા તો આપ સૌની સાથે બેસવાની છે. છતાં આપ સૌએ મને આપની સામે બેસાડ્યો છે. પરિણામે વ્યવહારના અનેક પ્રશ્નો મારા મનમાં જાગે છે. આ અભ્યાસ-વર્તુળ છે. વર્તુળના પરિધ પર આપણે બધાં છીએ. તો વર્તુળના કેન્દ્ર પર કોણ છે ? કેન્દ્ર પર શું છે ? કેન્દ્ર પર આપણા સર્વનું સ્વ-રૂપ-દિવ્ય અને ભવ્ય જીવન છે.

આમ તો આપણે જીવન-નિરપેક્ષ કશું જ કરતાં નથી. જો સરકાર, સમાજ, કાયદાઓ, રૂઢિઓ જીવનની ઉપેક્ષા કરતાં હોય છે અથવા જીવનને કચડતા હોય છે તો આપણામાં વિદ્રોહ જાગે છે. આવા સંજોગોમાં આપણે જીવન શબ્દને કયા અર્થમાં સમજીએ છીએ ? આપણા રોજિંદા વ્યવહારો દ્વારા વ્યક્ત થતાં જીવનને આપણે જીવન તરીકે ઓળખીયે છીએ. રાજકીય, સામાજિક કે અન્ય પરિબળોનો આપણે સ્વીકાર કરીએ છીએ-અને એની અસર આપણા રોજિંદા વ્યવહારમાં અનુભવીએ છીએ. આમ છતાં આપણને આ પ્રકારના જીવનથી સંતોષ નથી. આપણે વસ્તુ-નિરપેક્ષ આનંદ માણી શકતા નથી. આથી આપણે આપણા જીવન માટે આ પરિબળોની સાથે સાથે જીવન વિશેના કશાક ઉચ્ચ-ઊર્ધ્વ ખ્યાલનું અવલંબન લેતા હોઈએ છીએ. એવા હેતુથી તો આપણે વર્તુળ ઉપસાવતા રહીએ છીએ-વર્તુળ વિસ્તારતા રહીએ છીએ. આપણા સર્વ વ્યવહારો દ્વારા આપણું બાહ્યજીવન ચારે બાજુ વિસ્તરે છે પણ એ વિસ્તારનું કેન્દ્ર-



આપણા વર્તુળના પરિઘનું કેન્દ્ર- ઊર્ધ્વજીવન માટેની અભીપ્સામાં રહેલું છે. ખરેખર તો ઊર્ધ્વજીવન દિવ્ય-જીવન એ જ કેન્દ્રમાં હોય છે.

### વ્યક્ત જીવન

આપણું આ જે વ્યક્ત જીવન છે, એટલું જ અને એ જ માત્ર જીવન નથી; પણ એ આપણા સર્વના આત્મરૂપ કેન્દ્રસ્થ દિવ્યજીવનનું વ્યક્ત રૂપ છે. પરંતુ આપણા આ વ્યક્ત જીવનનું એ જે અવ્યક્ત તત્ત્વ છે એ જ આપણું સ્વ-રૂપ છે. ભૂમિતિની પરિભાષા વાપરીને આ વાતને સ્પષ્ટ કરવા મથું : વર્તુળ-મધ્ય બિન્દુ-કેન્દ્ર વિના સંભવી શકતું નથી. કેન્દ્ર ભલે અગોચર રહ્યું. પણ વર્તુળને, વર્તુળ રૂપે ઓળખવા માટે કેન્દ્રનો સ્વીકાર કરવો જ રહ્યો. વર્તુળનો પરિઘ વિસ્તાર પામે અને દૃષ્ટિગોચર રહે એ એનો ગુણધર્મ છે. જ્યારે કેન્દ્રનો ગુણધર્મ જ અવ્યક્ત રહેવાનો છે. વર્તુળનો પરિઘ વિસ્તરતો હોય ત્યારે કેન્દ્રને અવગણીને વિસ્તરતી રેખાવાળી આકૃતિને વર્તુળ નહિ, પણ મીંડું (Zero) કહેવાય. આવું જ આપણા જીવનનું છે. જ્યારે બાહ્ય જીવનવ્યવહાર આત્મકેન્દ્રી બનીને વિસ્તરતો હોય છે ત્યારે એ વિસ્તરવાની ક્રિયા પોતે જ વિકાસ બનતી હોય છે.

આ વિચાર તાત્ત્વિક છે. આપણે આપણા વ્યવહારમાં એની ઉપેક્ષા કરી શકીએ નહિ. આપણે જે અભ્યાસ વર્તુળ યોજ્યું છે એના પ્રયોજનના મૂળમાં પણ આ વસ્તુ-વિચારના તત્ત્વનો સ્વીકાર કર્યો છે. એ યોગ્ય જ થયું છે. આપણા આધુનિક વિચારક બર્ટ્રાન્ડ રસેલે તત્ત્વજ્ઞાનના સૈદ્ધાન્તિક અને વ્યવહારિક એમ બંને ધ્યેયો દર્શાવ્યા છે. અને આ તત્ત્વજ્ઞાનના વ્યવહારિક ધ્યેયને આપણી સર્વ પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવવાની આવશ્યકતા પર એમણે ભાર મૂક્યો છે.

Philosophy has both-theoretical and a Practical aim. It is now time to consider the later. (Unpopular Essays - p. 34). આથી જીવન વિશેની વિચારણાના આ વ્યવહારલક્ષી અભિગમને સ્વીકાર્યો છે.

### જીવનની વિલક્ષણતા

આપણા વ્યક્ત જીવનની એક વિલક્ષણતા છે. એ આદિમાં અવ્યક્ત છે અને એના વિકાસની પ્રક્રિયામાં એ અનંત છે. આપણે અવ્યક્ત અને અનંતની વચ્ચે વ્યક્ત જીવનરૂપ ધારણ કર્યું છે. આપણા જીવનમાં આપણે કર્મો દ્વારા વ્યક્ત થતા હોઈએ છીએ. આપણે આપણું કામ ગોઠવીએ

છીએ, કરીએ છીએ, અને એટલી ક્ષણો પૂરતો કર્મ આચર્યાનો સંતોષ માણી લઈએ છીએ. તેમ છતાં પણ આપણું અંતર પરિતોષ અનુભવતું નથી. કેમકે બધું જ કામ કર્યું હોવા છતાં, બધું જ ગોઠવેલું હોવા છતાં આપણે પોતે જ આપણા આત્મરૂપ સાથે ગોઠવાઈ શક્યા નથી. આપણે આત્મલક્ષી બન્યા વિના-આત્મલક્ષી રહ્યા વિના જ વર્તીએ છીએ-એવી હકીકત પ્રત્યે આપણે જ્યારે સભાન બનીએ છીએ, ત્યારે આપણને આપણા વ્યવહારમાં પ્રશ્નો જાગે છે. આપણે આપણા આંતર-જીવનના મૂળતત્ત્વ-આત્મતત્ત્વ સાથે અનુસંધાન કરવા મથીએ છીએ. એથી મથામણ પોતે જ એક સમસ્યા બની જાય છે.

**મોટો પ્રશ્ન**

હું રોજિંદા કામોની યાદી બનાવી એક પછી એક કામ સમેટી લઉં છું. આજે મારે અહીં બોલવાનું છે એ કામ પૂરું થાય પછી મિત્રો, મુરબ્બીઓ સાથે મળવા હળવાનું છે. બે પાંચ પુસ્તકોમાંથી વાંચીને વિચારેલું બોલીને હું પહેલું કામ પાર પાડીશ. ખુશી-સમાચાર પૂછવાની ચેષ્ટા કરીને મળવાનું કામ પણ પૂરું થશે. પણ શા માટે હું બોલવાનું સ્વીકારું છું ? સૌને મળવા હળવાની પ્રવૃત્તિ હું કેવી રીતે કરું છું ? આ વક્તવ્ય રજૂ કરતાં કરતાં, અને આ દાખલો આપતાં પણ હું seft projection પરત્વે કેટલે અંશે સભાન છું કે સભાન રહી શક્યો છું ? સમજ અને નમ્રતાને આડકતરી રીતે વ્યક્ત કરીને મારા અહંકારને વધારીને વિકૃત તો નથી કરી રહ્યોને ? આવા બીજા પ્રકારના વિચારો પોતે જ પ્રશ્નો રૂપે ઊભા રહે છે.

**પ્રેરણાનું મૂળ**

આજનો વિષય મને શ્રીમદ્ ભગવદ્ગીતાના પ્રથમ અધ્યાય અને બીજા અધ્યાયના પૂર્વાર્ધમાંથી સ્ફૂર્યો છે. જ્યારે અર્જુન કુરુક્ષેત્રના મેદાનમાં બે સેનાઓની મધ્યમાં આવીને ઊભો રહે છે ત્યારે એના અંતરમાં મૂળગામી સમસ્યા અને તાત્કાલીન પ્રશ્નો વચ્ચેનો વિવેક કરવાનો પ્રસંગ ઊભો થાય છે. જે કુરુક્ષેત્રના મેદાન પર ભીષણ સંહારક સંગ્રામ ખેલાવાનો છે ત્યાં એક વીર યોદ્ધાની અંતરભૂમિ પર એક અગોચર સંગ્રામ જાગે છે. સ્વરૂપ નીરખવા મથનાર માટે આવો સંગ્રામ અનિવાર્ય છે. આત્મરૂપ નીરખવાનું શિક્ષણ આરંભાય એ પહેલાં પ્રાકૃતિક વલણોને લીધે વિષાદ જાગે છે. અહીં વિષાદ



એ નિરાશાના પર્યાય તરીકે નથી એ ખાસ નોંધપાત્ર છે. કેમ કે નિરાશા તો જીવનના સર્વ ક્ષેત્રોમાં પ્રસરીને જીવનનો નાશ કરી દે છે. નિરાશામાં જ્ઞાન માટેની યોગ્ય ભૂમિકા સંભવી શકતી નથી. જ્યારે વિષાદ અંતઃકરણનું-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌નું-શોધન કરે છે. અને જીવનના વિકાસ માટે-જ્ઞાનના અનુભવ માટેની સમજને પ્રકાશિત કરે છે.

**'નીરખ'**

તો આત્મરૂપને નીરખવું છે પણ એ કેવી રીતે નીરખાય. આપણી સમસ્યા-આપણો એ problem છે. સમસ્યાનું લક્ષણ એની ગહનતા અને સૂક્ષ્મતામાં છે. સમસ્યા ઉકલી જ જાય એથી જ બધું સિદ્ધ થયું છે એટલું માનવું પર્યાપ્ત નથી. સમસ્યાના રૂપલક્ષણને સમજી શકાય તોય એક નોંધપાત્ર કામ થતું હોય છે. સમસ્યા પ્રત્યે અભિમુખ થઈને એના સ્વરૂપને સમજવા માટે સક્રિય તો થવું જ રહ્યું. મેં ઇરાદાપૂર્વક 'નીરખવું' શબ્દ વાપર્યો છે. એમાં આંખેથી જોવાની ક્રિયા નથી. આત્મરૂપના સાક્ષાત્કાર પછીના અનુભવને વાણીમાં ઊતારતાં નરસિંહે ગાયેલું કે, 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો - 'તે જ હું' 'તે જ હું' શબ્દ બોલે !' આમાં નીરખવાની વાત જે અર્થમાં થઈ એ અર્થમાં આપણે આ શબ્દને ઓળખવાનો છે.

આત્મરૂપને નીરખવું એ જ ખરું શિક્ષણ હોય તો એ માટેનો અભ્યાસક્રમ કયો ? આપણે એ માટેના સ્વાધ્યાય માટે કેટલો સમય આપી શકીએ ? આવા પ્રશ્નો પણ ઉપસ્થિત થાય. શ્રીમદ્ભગવદ્ગીતામાં 'અભ્યાસ' શબ્દને 'સતત' શબ્દથી વિશેષ્યો છે. એટલે આ નિરીક્ષણકાર્ય માટે કોઈ અભ્યાસક્રમ નથી; પણ સતત અભ્યાસ છે. કેમ કે જીવન અનંત છે, એને માટેનો આપણો અભ્યાસ પણ સતત ન બને ત્યાં સુધી આત્મસ્થ-કેન્દ્રસ્થ દિવ્યજીવન નીરખાય નહિ. આ તો eternity માટેનો ઉપક્રમ છે. આ માટેનો અભ્યાસ આપણા અવિરત પુરુષાર્થનો કાર્યક્રમ બની રહે છે. યોગાનુયોગે આપણે પણ આ વર્તુળને 'અભ્યાસ' શબ્દથી વિશેષ્યું છે. આજનો સામુહિક સ્વાધ્યાય એક મહિનાના બાકીના દિવસો માટે અભ્યાસ બની રહેતો હોય છે. Follow-up તો થવું જ જોઈએ ને ?

**પ્રશ્નો**

આત્મરૂપને નીરખવાની પ્રક્રિયા માટે સમસ્યા ઊભી થતાં અભ્યાસ થાય છે. એથી આપણા રોજિંદા વ્યવહારમાં પણ ઘણા પ્રશ્નો ઊભા થાય

છે. પહેલાં કદી પણ નહોતા થતા એવા પ્રશ્નો ઊભા થાય છે. કેમ કે આપણને આપણા પ્રાકૃતિક ગુણ-ધર્મોની પ્રતીતિ થવા માંડે છે. આપણા વ્યવહારમાં આપણાં રાગદ્વેષ, લોભ, ક્રોધ, મોહ, કામ અને અહંકારાદિ ઓળખાય છે. આપણા વ્યવહારમાંનો આપણો દંભ, છલના, કુટિલતા, આદિ તત્ત્વો પ્રકાશિત થવા માંડે છે. બધાં વલણો આપણી જીવનરચના સામે પ્રશ્નો બનીને ઊભા રહે છે. આવી ક્ષણે આપણે આપણા પ્રત્યે તિરસ્કાર કે ઘૃણા અનુભવીએ તો ભારે ગોટાળો થવાનો. કેમ કે આત્મરૂપ સુધી પહોંચવા માટે આ બધાંને યથાર્થ રૂપલક્ષણથી પૂરેપૂરાં ઓળખવાં અનિવાર્ય છે. એમ થઈ શકે તો જ આપણે આપણા સ્વરૂપને આંતરતી સમસ્યાઓના બાહ્યરૂપને અને એની આંતર શક્તિને પામી શકવાના.

આપણે વસ્તુ, વ્યક્તિ, વિચાર કે વૃત્તિનું નિરીક્ષણ નિરપેક્ષ રીતે કરી શકતા નથી એટલે આપણા જીવન વ્યવહારમાં પ્રશ્નો ઊભા થાય છે. આપણે આપણા ખ્યાલો, મંતવ્યો, આગ્રહો, અને પૂર્વગ્રહો, સાચવી રાખીને વ્યવહાર યોજીએ છીએ. એટલે જીવનવ્યવહારમાં દિવ્યજીવનની શક્યતાને નીરખી શકતા નથી. વ્યવહારમાં દરેક વ્યક્તિની જીવનરીતિ તો ભિન્ન રહેવાની જ. પણ એ ભિન્નતા એક બીજા સામે વિરોધ દર્શાવનારી નથી. એટલા માટે નિરપેક્ષ નિરીક્ષણ કરતાં નિરીક્ષણ અને નિરીક્ષક વચ્ચે જ્યારે ભેદ કરીએ ત્યારે આપણામાં આંતરિક સંઘર્ષ જાગે છે. એ સંઘર્ષને જ્યારે આપણે અંતરમાં સમજીએ છીએ, ત્યારે જીવન જીવવાની આપણી રીતિ પણ બદલાતી જાય છે. આ કાંઈ જેવી તેવી રૂપાંતર-ક્રાન્તિ નથી !

## પૃથક્કરણ

નિરીક્ષણ સાથે પૃથક્કરણની ક્રિયાને અનિવાર્ય સંબંધ છે. કોઈપણ વિષયને એના યથાર્થરૂપમાં નીરખવા માટે આવા પૃથક્તત્ત્વને પ્રવેશ આપવો એમાં પણ ઘણો જ સૂક્ષ્મ વિવેક જરૂરી છે. શ્રી કૃષ્ણમૂર્તિ કહે છે કે, Only analysis is never complete. The negation of that incomplete action is total action. માત્ર પ્રકૃતિથી પ્રેરાયેલું કાર્ય છે એ અધૂરું છે. પરંતુ જે આત્મલક્ષી બની શકતું નથી એનો ઇન્કાર કરવાનું કામ પૃથક્કરણની આ શૈક્ષણિક પ્રક્રિયા દ્વારા કરવાનું છે. શ્રીઅરવિંદ દિવ્યજીવન માટે અભીપ્સા પછીના એક આવશ્યક અને મહત્ત્વના પગલાં તરીકે 'ઇન્કાર'નો પુરસ્કાર કરે છે. આપણા નિરપેક્ષ નિરીક્ષણ આડે જે પૃથક્તત્ત્વો આવે છે-



આપણાં રાગ, દ્વેષ, પૂર્વગ્રહો, મડાગાંઠો, મંતવ્યો, આગ્રહો-વગેરે-એનો ઇન્કાર કરવાનો છે. પ્રાકૃતિક ગુણધર્મોના નિંદામણનું કાર્ય આત્મરૂપ પામવા માટે total action છે. આ પણ એક અવસ્થા છે. કેમ કે આ પ્રકારના પૃથક્કરણને અંતે અનુભવાતું પરિણામ પાછું અનંત પરિમાણધારી હોઈ શકે. એનુંય પાછું પૃથક્કરણ કરવાનું હોય છે. આવી પ્રક્રિયા દ્વારા આપણે આત્મરૂપ તરફ ગતિ કરીએ છીએ.

## રૂપાંતર

અહીં આપણને પ્રશ્ન ઉદ્‌ભવે કે, આમ કરવાથી સંસારના પ્રશ્નોનું સમાધાન કેવી રીતે થશે ? પણ આપણે જેને 'સંસાર' કહીએ છીએ એ આપણાથી પૃથક્ નથી. એથી ઊલટું એ આપણે લીધે છે. જીવવા માટે આપણે ધન-સંપત્તિની જેટલા પ્રમાણમાં કાળજી રાખીએ છીએ એટલા પ્રમાણમાં પણ જે પ્રકારના જીવન ખાતર આપણે જીવવા માગીએ છીએ એ બાબતમાં કાળજી રાખતા નથી. આપણે અંતરના રૂપાનુસંધાન માટે જે રૂપાંતર સાધીશું એ સાથે બાહ્ય રૂપાંતર થવાનું છે. સદંતર બાહ્ય રૂપાંતર વારાફરતી-એક પછી એક તબક્કે થતું નથી. પરંતુ આંતરરૂપાંતર એ બાહ્ય રૂપાંતરની ભૂમિકા ભજવ્યા કરે છે. આજ સુધી આપણે બાહ્ય રૂપાંતર લાવવાના જ પ્રયાસો કર્યા છે, પરિણામે જગતમાં અંધાધૂંધી ફેલાઈ છે.

આ કામ તત્કાળ જ થવું જોઈએ. ભૂખ્યા માણસને વાનગીની યાદી કે ભોજન બનાવવાની રીત જાણવાની જરૂર નથી. એને તો ખાવાનું જ જોઈએ છે, પણ આવી ભૂખ લાગવી જોઈએ ! વસ્તુને આપણે યથાર્થસ્વરૂપે-સત્સ્વરૂપે જોતા નથી માટે જ એને સમજાવવાની જરૂર પડે છે. - વિચારો માટે પણ આવું જ કંઈક કરીએ છીએ. પ્રશ્નો, ખુલાસાઓ બધું આમાંથી જન્મે છે.યથાર્થતાના અનુભવને -સત્યની પ્રતીતિને શબ્દોની જરૂર હોતી નથી. મને તો આ બધા જ શબ્દો મૌનના આશ્રયે ઊભા થયેલા લાગે છે. માટે વિચારને કે વસ્તુતત્ત્વને યથાર્થ સ્વરૂપે નીરખવા આપણે દરેકે પોતાની રીતે ગંભીર થવું પડશે. અને માત્ર આત્મલક્ષી થવાથી જ ગંભીર થઈ શકાય છે.

પંદર મિનિટનું વ્યાખ્યાન પણ તો મૌનદ્વારા જ થાય એવું બનશે ત્યારે આભારવચનોને જગા ક્યાં હશે ?

❑

## વિભાગ ૨ : વાર્તાલાપો



## ૧. પાઠશાળા અને પ્રયોગશાળા

આપણા યુગના એક વિરલ સંત પૂજ્ય શ્રીમોટાએ સંસારનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે કે 'સંસાર એ તો પ્રત્યક્ષ જીવનનો બોધપાઠ શીખવાની પાઠશાળા છે અને જીવનવિકાસ કાજેની પ્રયોગશાળા છે.'

જે વ્યક્તિ જીવનને સમજવા ઇચ્છે છે અને પોતાના જીવનનો વિકાસ થાય એવી ઝંખના સેવવા માંગે છે એને માટે સંસારનું ચોક્કસ પ્રકારનું મહત્ત્વ છે. સંસારને લીધે આપણું પૃથ્વી પર અવતરવાનું શક્ય બન્યું છે. એથી આપણા જીવનના સ્વરૂપને સમજવાનું શિક્ષણ આપણને અનેક પ્રકારના સાંસારિક સંબંધો અને વ્યવહારોમાંથી મળે છે. સંસારનું સ્વરૂપ દ્વંદ્વનું છે. એથી સુખ અને દુઃખ, હર્ષ અને શોક બંને આપણે અનુભવીએ છીએ. સંસારમાંના આપણા આવા અનુભવમાંથી આપણે ચિરંજીવ સુખ અને નિરંતર આનંદની શોધ માટેનો તણખો મેળવીએ છીએ. સંસારમાં આપણે વિવિધ પ્રકારના સંઘર્ષો અને ઘર્ષણો દ્વારા આપણામાં રહેલા જુદા જુદા પ્રકારના ભય, મોહ-માયાની વૈવિધ્યભરી છલનાસૃષ્ટિ, પ્રાણના-વૃત્તિના ઊંચા-નીચા આવેગોનું બળ, તથા એ બળો આપણને કેવા તાણી જાય છે અને પછાડે છે એનો પ્રત્યક્ષ અનુભવ આપણને મળે છે.

જીવાતા જીવનમાંથી એટલે કે આ સંસારમાંના પ્રત્યક્ષ જીવનમાંથી આપણને હરપળે જે શિક્ષણ મળે છે એ આપણે યોગ્ય દૃષ્ટિ, વૃત્તિ અને વલણ રાખીને મેળવીએ તો આપણા માટે સંસાર પાઠશાળા છે. વર્ગમાં શિક્ષણનું કાર્ય ચાલતું હોય અને શિક્ષક તથા વિદ્યાર્થીઓ વર્ગ કાર્ય માટે પોતાનું દિલ પરોવતા હોય ત્યારે એ વર્ગ સ્વર્ગ સમાન બને છે. આ અર્થમાં આપણા જીવનની યથાર્થતાનું જ્ઞાન કરાવનાર સંસાર પણ પાઠશાળા બનીને સ્વર્ગીય સુખનો માર્ગ દર્શાવે છે. સંસારના આ શિક્ષણહેતુની સભાનતાના અભાવે આપણે સંસારને નીંદવો ન જોઈએ અને એની ઉપેક્ષા પણ ન કરવી જોઈએ.

સંસારમાં આપણા પ્રત્યક્ષ જીવનનો આપણે બોધપાઠ મેળવીએ છીએ એ ઉપરાંત આપણું જીવન કેટલા પ્રમાણમાં વિકાસ પામ્યું છે, આપણા મનના વિચારો, આપણું ચિંતન, આપણા હૃદયના ઊર્ધ્વભાવો આપણા જીવનવ્યવહારમાં કેટલા પ્રમાણમાં દૃઢ થઈ શક્યા છે-આપણે એને આપણા

વ્યવહારમાં કેવી રીતે ચરિતાર્થ કરી શકીએ છીએ-એ જોવા, સમજવા અને અનુભવવાની શક્યતા પણ આ સંસારમાં જ છે. આપણા રાગદ્વેષ કેટલા પ્રમાણમાં મોળાં પડ્યા-આપણામાં માનસિક અને હાર્દિક ઉદારતા અને ત્યાગ કેટલાં પ્રમાણમાં દ્રઢ થયાં, આપણા હૃદયનો પ્રેમભાવ કેટલે અંશે નિર્વિકાર બન્યો-એ બધાંને આપણે સંસારને લીધે સમજી શકીએ છીએ. સંસારને લીધે જીવનવિકાસ દઢ થાય છે. ભાવનાઓની પ્રાણપ્રતિષ્ઠા થાય છે.

આ દૃષ્ટિએ સંસારને એક પાઠશાળા અને પ્રયોગશાળા તરીકે સ્વીકારવી એમાં સતત જાગ્રત રહીને જીવવાથી જીવનનો અર્થ સમજાય છે અને વિકાસ થાય છે.

(૧૯૭૯)

❑



## ૨. જિજ્ઞાસા

ઊર્ધ્વજીવના અનુભવ માટે જીવનમાં ધ્યેય કાજે સતત જાગૃતિ અને પ્રત્યેક કર્મના હેતુની સભાનતા અનિવાર્ય છે. ધર્માચરણનો એ સાચો આરંભ છે. પ્રભુસેવાનું ખરું વિધાન એમાં રહેલું છે. એથી જીવનની સાધનાનું એ પહેલું પગથિયું છે.

જીવનયમુનામાં નીરનો પ્રવાહ જ્યારે અંતર્મુખ બને છે ત્યારે બાહ્ય વિશ્વમાં બનતી ઘટનાઓ પ્રત્યેના કૌતુકનો પ્રકાર બદલાય છે. એ સાથે જ વિચારો, વૃત્તિઓ, અહંકાર વગેરેનો પરિચય કરવાની પ્રવૃત્તિ આરંભાતાં, આંતરમંથનનો પ્રકાર પણ બદલાય છે. આમ અંતરતમને-પ્રેમસ્વરૂપ પરમત્ત્વને-અનુભવવાની જાગૃતિભરી ગતિ માટે સહેજ સંચાર કરાય છે. ત્યાં જ મંથનો એક સંગ્રામનું રૂપ ધારણ કરે છે. અને એ સંગ્રામની અનંતતાની ઝાંખી થાય છે.

માટે આવી બાહ્યાંતર ભૂમિકાઓને ઓળખવા, સમજવા, અને પ્રતિકૂળને સંગ્રામ આપવા માટે અનિવાર્ય છે જિજ્ઞાસા. જિજ્ઞાસા અંતરતમની - આત્માની અનંત શક્તિઓ પૈકીની એક મહાન શક્તિ છે. એ પ્રશ્નોની જનની છે, પણ માત્ર કૌતુકો કે માહિતીની સખી નથી.

સંસારમાં બનતા રાજકીય કે સામાજિક બનાવોને જાણવા કે કો'ક વૈજ્ઞાનિક સિદ્ધિની નોંધ રાખવી-એ સામાન્ય રીતે ઓળખાતી જિજ્ઞાસાનું એક પાસું છે. એથી એ જ માત્ર જિજ્ઞાસાના શક્તિશાળી પૂર્ણ રૂપનો આવિર્ભાવ ન મનાય. જિજ્ઞાસાનું પ્રારંભિક રૂપ ભલે આવાં કૌતુકરાગી લક્ષણો દ્વારા વ્યક્ત થતું હોય, પણ જિજ્ઞાસાનું સાચું રૂપ તો સ્વ-રૂપનો-પરમપ્રેમતત્ત્વનો-પરિચય કરાવી આપે છે.

જિજ્ઞાસાશક્તિનો પ્રથમ આવિષ્કાર એક જ્યોતિરૂપે છે. મનુષ્યમાં અખંડ શાંતિ, આનંદ અને પ્રેમ માટે જે તૃષા જાગે છે એ જિજ્ઞાસાજ્યોતિના કાર્યનું પરિણામ છે. પણ મનુષ્ય પોતાના જન્મના હેતુને વીસરી જતો હોવાથી એ જ્યોત ઝંખવાઈ જાય છે. આનો અર્થ એમ નથી કે દિવ્યજીવને જાગૃત કરવા સંસારના પ્રશ્નોની ઉપેક્ષા કરવી. કોઈપણ પરિસ્થિતિ, પરિબળ કે પ્રશ્નની ઉપેક્ષા કરવાથી ઊફરા થવાતું નથી. જિજ્ઞાસા તો સંસારના પ્રશ્નોને તેના યથાતથ સ્વરૂપમાં સ્પષ્ટ કરી આપવામાં સહાય કરે છે. જગતમાંની ઘોર હિંસા, યુદ્ધો, હાલાકી, જુઠ્ઠાણું, પ્રપંચ, યાતનાઓ વગેરેના રહસ્યને જિજ્ઞાસા દ્વારા જ પામી શકાય છે.

પરંતુ શ્રેયાર્થી માટે તો જિજ્ઞાસા એના આંતર સ્વરૂપને ઓળખવા માટે છે. દિવ્યજીવન માટે મથનારે સૌથી પ્રથમ તો પોતામાં જ રહેલાં દ્વંદ્વોની સૃષ્ટિને નિહાળીને ઓળખી લેવાની છે. આથી સ્નેહમય જીવનના ઝરણાને ખળખળ વહેતું કરવા ઝંખનારે જિજ્ઞાસાજ્યોત અવિરત સંકોર્યા કરવી પડે છે. જિજ્ઞાસાની એ જ્યોત મનના વિચારોના પ્રકારને અને એની તરંગલીલાને, પ્રાણની વૃત્તિઓની કક્ષાને અને એનાં આક્રમણોને, તથા અહંકારની અનંત શિખરમાળાને દેખાડીને શ્રેયાર્થીને સતત જાગ્રત રહેવા સાવધ કરે છે.

આવી સાવધતા બક્ષનાર જિજ્ઞાસા મનુષ્ય જીવનની મોટી મિરાત છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેના કાર્યના પ્રત્યેક તબક્કે જિજ્ઞાસાનું સ્વરૂપ પલટાતું રહે છે. જિજ્ઞાસા દ્વારા જ આપણાં આ અંતઃકરણો પોતાની શક્તિઓ પ્રગટ કરે છે. આથી જિજ્ઞાસાને માત્ર જ્યોતરૂપે જ નવાજીને 'ઇતિસિદ્ધમ્' એમ માની લેવાથી જીવનનું અંતિમ ધ્યેય પામી શકાય નહિ. જો જીવનઝરણને પ્રેમસાગરનું રૂપ પામવું હશે તો જિજ્ઞાસાની જ્યોતને પ્રખર જ્વાળામુખી સમી ધગધગતી બનાવવી પડશે. આ જ્વાળામુખીનો ધગધગતો અગ્નિ ઘણી જ મલીનતાઓને ભસ્મ કરી જીવનમાર્ગને અજવાળે છે. એ પછી બધા જ અવરોધો જીવનઝરણના વહેણમાંથી મધુર સંગીત રેલાવે છે ! સંસારના તમામ પ્રશ્નોનું સમાધાન અંતરમાં સધાય છે. (૧૯૭૫)

❑



## ૩. પ્રાર્થના

*અસતો મા સદ્‌ગમય । તમસો મા જ્યોતિર્ગમય ।*

પ્રાર્થનાના આ ઉદ્‌ગારોમાં ઊર્ધ્વજીવન માટેની તીવ્ર અભીપ્સા રહેલી છે. આપણું રોજિંદુ જીવન માન્યતાઓ, સમજણો, ખ્યાલો, અભિપ્રાયો અને કલ્પનાઓ દ્વારા વહેતું હોય છે. આ બધું જ સાચું છે એમ માનીને આપણે આપણા વ્યવહારો ગોઠવીએ છીએ. એથી જ આપણે જીવનમાં ન કલ્પી શકાય એવી સમસ્યાઓ અનુભવીએ છીએ અને ગૂંચવાઈએ છીએ. પરંતુ ખરી વાત એ છે કે આપણી માન્યતા કે અભિપ્રાયો પરમ સત્ય નથી. જ્યારે આ પ્રકારની સમજનો સ્વીકાર થાય ત્યારે એક પ્રકારના અંધકારનો, એક પ્રકારની મૂંઝવણનો આપણને અનુભવ થાય. આવી પળે જે પ્રાર્થનાના ઉદ્‌ગારો નીકળે એમાં આર્તતા આવતી હોય છે.

અસત્ય કે અંધકાર એના યથાર્થ સ્વરૂપમાં ઓળખવા મુશ્કેલ નથી. ખોટો રૂપિયો તો તરત જ પાછો ફરતો હોય છે. પણ અસત જ્યારે સતનો અંચળો ઓઢીને આપણા સ્વરૂપને કબજે કરે છે એ પળે જ ભારે મુશ્કેલી ઊભી થાય છે. આપણે નિંદા સાંભળીએ છીએ ત્યારે એની વિરૂપતાનો આછો પરિચય આપણને થાય છે ખરો, પણ ખુશામતમાં છુપાયેલા વિષતત્ત્વને પારખવું મુશ્કેલ બને છે. સીતા સમક્ષ રાવણ ઓળખાવો મુશ્કેલ નહોતો, પણ જ્યારે એણે પોતાના સ્વરૂપને સાધુના વેષ હેઠળ છુપાવ્યું એથી સીતા છેતરાયાં. સીતા રાવણથી છેતરાયાં નથી, પણ સાધુવેષી છદ્મથી છેતરાયાં છે.

આથી જેઓ ઉન્નત જીવન પ્રત્યે અભિમુખ બને છે, એમના જીવનમાં હરપળે આવી મૂંઝવણો-મુશ્કેલીઓ આવવાની જ. પરંતુ જીવનના ધ્યેય પ્રત્યે એકાગ્રતા અને કેન્દ્રિતા હોય તેમ જ હેતુની સભાનતા સતત રહેતી હોય તો આવા છેતરામણાં રૂપોની પરખ થતી હોય છે.

પરમ સત્યને માર્ગે-પરમ પ્રેમના પંથે-જવામાં અવરોધક બનતું આ છેતરનારું તત્ત્વ માત્ર બહારના જગતમાં જ નથી. આપણી ધ્યેયલક્ષી લક્ષ્મણરેખામાંથી ઊંચકીને આપણને આસુરી સૃષ્ટિમાં લઈ જનારાં તત્ત્વો આપણી ભીતર જ છે. આપણાં મન-બુદ્ધિ આપણને ઊર્ધ્વજીવનથી વિમુખ બનાવવા અવનવી તર્કજાળ રચતાં હોય છે. આપણી નિર્બળતાને છાવરવા માટે ચિત્તની સૃષ્ટિના કેટલાક વિચારો તત્ત્વજ્ઞાનનો સ્વાંગ સજતા હોય

છે. 'માણસ તો પ્રકૃતિનો દાસ છે અને રહેવાનો જ.' 'જેના નસીબમાં જેમ લખ્યું હોય તેમ જ થાય-આપણે કશું કરવું નહિ.' 'ધાર્યું તો ભાઈ, ધણીનું જ થાય.' - આવાં આશ્વાસન વચનો કોઈ પ્રબળ પુરુષાર્થ કે પછી અંતરની ઊંડી અનુભૂત શ્રદ્ધામાંથી પ્રગટતાં નથી, માટે એ બધી આત્મવંચના છે. આથી આપણામાંથી જન્મતી અને આસપાસ ચકરાવા લેતી સત્યાભાસી સૃષ્ટિને સમજી લેવા, ઓળખી લેવા ધ્યેયલક્ષી પુરુષાર્થ જારી રાખવો જોઈએ.

મતલબ કે માત્ર અસત્યો જ નહિ પણ માની લીધેલાં આવાં બધાં સત્યોમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરવાનો છે. છદ્મરૂપોનો ઈન્કાર કરવાથી આવા પ્રકારનો પુરુષાર્થ સાધી શકાય. કેટલાંક મોહક અને લોભામણાં સત્યો આપણા જીવનપથના રક્ષક બનીને ગોઠવાયાં હોય એનાં સ્વાંગને ઓળખવા અને એમાંથી ઊગરવા આર્ત-અને આર્દભાવથી પ્રાર્થના કરવાની છે.

હૃદયની આર્તતાને આરતી સ્વરૂપે ગોઠવવાની છે અને પ્રત્યેક ક્ષણે એને ઘુમાવવાની છે. જીવનના વિકાસમાં પ્રત્યેક ક્ષણ એ અનંતની સંક્રાન્તિ સમાન હોય છે-આથી પ્રાર્થનામાં પણ અવિરતપણું પ્રગટવું જોઈએ. (૧૯૭૫)

❏



## ૪. 'ફેરો'

વિદેશ વિદાય થતા દીકરાને પિતા વહાલથી વિદાય આપે છે. પુત્ર ઉમળકાથી પિતાને કહે છે : 'પિતાજી, છેક જ અજાણ્યા મુલકમાં જાઉં છું. આપના આશીર્વાદ આપો.'

'દીકરા, મારા આશીર્વાદ તો સદા તારી સાથે જ છે. ત્યાં હરજે-ફરજે... મજા કરજે... પણ એક વાત યાદ રાખજે, તારા હૈયા પાસે જ મેં મારું હૃદય મૂક્યું છે... એ યાદ રાખજે.' પિતાએ વિદાયવચન આપ્યાં અને દીકરો પિતાથી દૂર થયો.

રોજ સવારે પિતાની સ્મૃતિ તાજી કરીને હૈયા પાસે રાખેલો પત્ર કાઢે છે. વાંચે છે... અને આનંદ પામે છે. પિતાએ આ જ ઉકેલવાનું કહ્યું છે. જ્યાં ફરું, જે કરું એમાં પત્રમાંના કથનમાં સંસ્કારની છાપ ઉપસાવવાની છે. આજે તો હું આખો દિવસ એ યાદ રાખીશ.

આમ દિવસો પસાર થાય છે. આખો દિવસ કર્મચક્રમાં-પ્રાપ્તિના પ્રલોભનમાં પસાર થાય છે, ઘણું બધું મેળવાય છે. પણ પેલી વાત-જે હૈયા પાસે સચવાયેલી છે-એ સધાતી નથી. દીકરો સવારે સંકલ્પ કરે છે અને રાત્રે વિમાસે છે. રાત્રિની વિમાસણ અને સવારના સંકલ્પ વચ્ચેનો સમય નિંદ્રામાં વ્યતિત થાય છે. સવારના સંકલ્પ પછીના સમયવેગમાં પેલો સંકલ્પ વીસરાઈ જાય છે.

આમ કરતાં તો ઘેર પાછા ફરવાની વેળા થઈ. છેવટની ક્ષણ સુધી પેલો હૃદયસ્પર્શ ત્યાં જ ગોપાઈને રહ્યો. ન તો એને બધી જ ક્ષણ ખુલ્લો કરાયો કે ન તો એને ઉકેલાયો. વિદેશથી દીકરો દેશમાં પાછો ફર્યો. પિતાએ વહાલથી દીકરાને છાતી સરસો ચાંપ્યો અને માથે હાથ ફેરવ્યો. દીકરો કેટલું બધું ભરીને આવ્યો છે !

દીકરાએ લાચાર બનીને કહ્યું : 'પિતાજી, ક્ષમા કરો. આપના આશીર્વાદ મારા હૃદયમાં હતા, હું એને રોજ સવારે ઉકેલીને જોતો હતો પણ કર્મના ચક્રમાં અને પ્રલોભનની ભીંસમાં હું એ આશિષ પામી શક્યો નથી કે વિસ્તારી શક્યો નથી. રોજ રાત્રે એનો પશ્ચાત્તાપ થાય. રોજ સવારે હું એ જોઉં... આપનું વહાલ... પણ હવે શું થશે...?

સંસારી પિતા તો કદાચ એટલું સહેલાઈથી કહી શકે નહિ-કે 'દીકરા, વાંધો નહિ. એ જ કામ માટે તું બીજો ફેરો મારી આવ...'

પણ જગતપિતા તો એનાં સંતાનોને એમ જ કહે : 'વાંધો નહિ...

ફરી વાર આંટો મારી આવ...'

આપણા હૃદયમાં એ પિતાનું આશીર્વાદનું પાનું વળેલું પડેલું છે. આપણને પ્રભુએ એના જ સર્જેલા આ જગતમાં ફેરો મારવા મોકલ્યા છે. એની પરમ કરુણા છે કે આપણી એના પ્રેમ પરત્વેની અનંત જન્મોથી વિસ્મૃતિ હોવા છતાં, ફરીને એની પ્રેમ સમૃદ્ધિની પ્રતીતિ કરાવવા, ઝાંખી આપવા, એના પ્રેમનો સ્પર્શ આપવા અને એમ કરતાં કરતાં એના વિશાળ-વ્યાપક પ્રેમ-હૃદયનો વારસો પામવા, આપણને અહીં મોકલ્યા જ કરે છે.

અને આપણે આ વિદેશમાં આવીને રોજ સવારે એની પ્રેમ-કરુણાનું સ્મરણ કરી, આપણા નિત્યના કાર્યમાં, આપણા રોજિંદા વ્યવહારમાં એનું જ વિસ્મરણ થવા દઈએ છીએ ! પરિણામે એણે જ સર્જેલા આ સંસારમાંથી આપણે ઘણું ભેગું કરતા હોવા છતાં આપણને ક્યાંય સંતોષ, શાંતિ, કે પ્રેમ અનુભવાતાં નથી.

પ્રભુએ સર્જેલો આ સંસાર એના જેટલો જ રહસ્યમય અને ગહન છે. કેમ કે એ એનું જ વ્યક્ત રૂપ છે. આપણે એને ઉકેલી શકીએ એટલા માટે આપણે અહીં ફેરો મારીએ છીએ. આપણા આ ફેરામાં વિચરવાની પ્રભુપિતાએ આપણને સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે. વેપાર-ધંધો કરવાની પણ છૂટ છે. કીર્તિ-લક્ષ્મી કે સત્તા મેળવવાની પણ અનુકૂળતાઓ છે. પણ આ વિશાળ સંસારમાં એની ઓળખ માટે આ બધું કરવાનું છે, અને એ કાર્યોમાંથી જ એને ઓળખવાનો છે.

જ્યારે આપણે તો હૃદયમાંનો એનો પ્રેમભાવ વાળીવીંટી રાખીને આ બધું ભેગું કરીએ છીએ ! હૈયાની ગઠડી છોડ્યા વિના, આશા, તૃષ્ણા, લોલુપતા, રાગ દ્વેષ, કામ, ક્રોધ, આદિનાં પોટલાં ઊંચકીને અહીંથી ચાલીએ છીએ !

-એટલે તો એ પ્રભુ-પિતાની કરુણાથી જે કરવાનું છે તે કરવા 'ફેરો' ખાવો પડે છે !

(૧૯૭૬)

❑



## ૫. ઘરે-બાહિરે

આ સંસારમાં આપણે આપણા ઘરમાં રહેવા આવ્યા છીએ. પણ આપણે તો એ ઘરની બહાર જ ફર્યા કરીએ છીએ.

એક વખત ઘર બહારની દુનિયા સાથે મારા પરિચયની મસ્તીમાં હું રસ્તે ચાલ્યો જતો હતો. ત્યાં જ મેં પાછળથી મારા નામની બૂમ સાંભળી. હું પાછળ વળ્યો. તો મેં જોયું કે મારી પાછળ પાછળ ચાલી આવતી એક વ્યક્તિ પણ પાછા વળીને બૂમ પાડનારની સામે જોતી હતી. એણે બૂમ પાડનારને પૂછ્યું કે 'મને બોલાવ્યો ?' ત્યારે બોલાવનારે 'ના' કહી. મારો વારો આવ્યો ત્યારે મેં એ જ પ્રશ્ન પૂછ્યો. ત્યારે એણે ઈશારાથી જણાવ્યું કે મારી પાછળ ઊભેલાને એ બોલાવે છે !

મારી આગળ-પાછળની મધ્યમાં ઊભેલો હું કોઈનાય ઓળખાયા વિનાનો આગળ વધ્યો.! મને થયું કે જે નામનો પોકાર થયેલો એ મારું જ નામ હતું, પણ એ નામધારી હું એકલો નહતો ! મતલબ કે આમેય હું એકલો નહોતો ! મારો 'હું' આમ રસ્તા પર વિસ્તરેલો હતો ! પણ ખરેખર મધ્યમાં વ્યક્ત થયેલો 'હું' છું ક્યાં ? -એવો એક મહાપ્રશ્ન મારા પોતાના ચિત્તમાં જાગ્યો.

એ પ્રશ્નજાગૃતિ મને છેક મારા ઘરના આંગણે લઈ ગઈ ! તો ત્યાં બારણાં બંધ હતાં. મેં બારણે ટકોરા માર્યા. પણ તરત બારણાં ખૂલ્યાં નહિ. પરંતુ અંદરથી પ્રશ્ન આવ્યો 'કોણ ?'

મેં ટૂંકો ઉત્તર આપ્યો : 'હું' ત્યારે પહેલા પૂછાયેલા પ્રશ્ન આગળ 'હું' ઉમેરાઈને ફરી પૂછાયું 'હું' કોણ ?'

જેને હું પરિચિત છું એવું હું માનું એ વ્યક્તિ પણ મને ઓળખી શકતી નથી-એવા ખ્યાલથી હું વિસ્મય પામ્યો ! ત્યાં ફરીથી અવાજ આવ્યો કે 'બારણાંને ધક્કો મારો... ખુલી જશે... એને વાસેલું રાખ્યું છે... બંધ કર્યું નથી !

મેં બારણાંને સહેજ ધક્કેલ્યું અને બારણું ખૂલી ગયું. હું તો ઉંબર પાસે ઊભો રહ્યો... મને પોતાને ઓળખાવવાની વિમાસણમાં હું ઊભેલો હતો. ફરી અંદરથી કહેવામાં આવ્યું. 'બહાર ઊભા રહેશો તો કાંઈ સમજાશે નહિ... ઘરમાં આવી જાઓ... બધી સમજણ પડી જશે !'

ઘણી વાર ખૂબ સ્વાભાવિક રીતે બનતી આ ઘટના સંસારમાંનાં આપણા વ્યવહાર અને અભિગમ પરત્વે પ્રકાશ ફેંકનારી છે. આપણી સામાન્ય કે મુખ્ય પ્રવૃત્તિ ઘરની બહાર હોય છે. આપણી સઘળી બહિર્મુખતા આપણને આપણા લક્ષ્યની બહાર ખેંચી જાય છે, ક્યારેક તો આપણા લક્ષ્યથી વિમુખ બનાવીને આપણને ઘુમાવ્યા કરે છે !

આપણે ઓળખાણો કરીએ છીએ-આપણી કીર્તિ વધારીએ છીએ ! સંપત્તિનું પ્રદર્શન ગોઠવીએ છીએ અને એમાં કૃતકૃત્યતા માણીએ છીએ ! આ બધું આપણે કઈ સમૃદ્ધિની વૃદ્ધિ ખાતર કરીએ છીએ ? એવો પ્રશ્ન જાગતાં આપણે જ્યારે અંતર્મુખ થઈએ છીએ ત્યારે એવો એક અણસાર આપણને મળે છે કે હૃદયના ખૂણામાં આપણા સ્વ-રૂપની સમૃદ્ધિ જાળવતું કશું અપૂર્વ સ્નેહબિંદુ રહેલું છે ! જે હુંકારનો પ્રસ્તાર આપણી આગળ-પાછળ થતો માણીએ છીએ તેનું મૂળસ્રોત તો હૃદયમાં છેક ઊંડે ઊંડે પોતાનો પરિચય કરાવવા તત્પર બનેલું છે !

એનો પ્રશ્ન અને એનો આદેશ આપણે સાંભળીએ છીએ. આપણે જે રૂપે છીએ-એ રૂપે આપણને બહિર્મુખ બનીને નહિ ઓળખી શકીએ ! અને જો આપણી બહિર્મુખ વૃત્તિ-પ્રવૃત્તિમાં એ થવું શક્ય નથી તો પછી ઓળખાવાની તો સંભવના જ ક્યાંથી હોય ? એનો અર્થ એ નથી કે આપણે બહારનાં કશાં જ કામો કરવાનાં નથી. પરંતુ આપણાં સઘળાં કાર્યો હૃદયલક્ષી-પેલાં સ્નેહબિન્દુલક્ષી રહીને આચરવાનાં છે ! તો જ આપણે સંસારમાં સતત ફરતાં હરતાં ફરતાં ચરતાં આપણા પોતાના જ ઘરમાં રહીને પેલી સ્નેહબિંદુ રૂપ ગૃહલક્ષ્મીને સ્નેહસિંધુની સમૃદ્ધિમાં પ્રગટાવી શકીશું.

એમ થવા દેવા માટે આપણે જાતે જ હૃદયદ્વારને ધક્કો મારી ઉઘાડવાં પડશે !

(૧૯૭૬)

❑



## ૯. 'ગ્રહ' ત્યાગ

ગૃહત્યાગ નહિ-પણ ગ્રહત્યાગની આ વાત છે. સત્યને અનુભવવા માટે, વસ્તુની યથાર્થતા પામવા માટે, અને અનંતને આંબવા માટે સૌ પ્રથમ આપણે ગ્રહત્યાગ કરવો પડે છે.

એક વખત વહેલી પરોઢે છેક જ નિર્જન વિસ્તારમાં શહેરની સડક પર હું ચાલ્યો જતો હતો. વિશાળ અને દીર્ઘ માર્ગ પર હું એકલો આગળ વધતો હતો.

ત્યાં મારી પાછળ પાછળ કશુંક ઘસડાતું-ઘસાતું ઘસાતું આવી રહ્યું હોય એવો અવાજ મારે કાને પડ્યો. મારા મનમાં એ અવાજ કરનાર પદાર્થ વિશે એક પછી એક કલ્પનાઓ આવવા લાગી.

નિર્જન વિસ્તારની જે શાન્તિનો આસ્વાદ લેતો હું ફરતો હતો, એમાં આ શું થયું ? હું સામે જોઈને આગળ વધતો હોવા છતાં થોડીક થોડીક વારે ખરરર... ખરરર અવાજ કરતા મારી પાછળ આવી રહેલા પદાર્થમાં મારું ચિત્ત ઘસડાતું હતું ! હું જેમ ગતિ વધારું તેમ એ અવાજ પણ વેગથી મારી પાછળ આવતો હતો ! મારી પ્રગતિ ગભરાટને લીધે હતી એ હું અનુભવી શકતો હતો; છતાં પાછા ફરીને પેલો અવાજ કરનાર પદાર્થ તરફ જોવાની હું હિંમત કરી શકતો ન હતો-કેમ કે ભીતિ જન્મેલી કે જે જીવસૃષ્ટિએ મારો પીછો પકડ્યો છે એ ઝેરી હોય, મને ડંખ મારી દે... તો પછી તો રોમ રોમ ઝેર પ્રસરે... પછી તો.... વગેરેની સૃષ્ટિ જીવંત બની ગઈ.

શીતળ અને વેગીલો વાયુ પણ મારા પ્રસ્વેદને સૂકવી શકતો નહોતો ! મારામાં જાગેલા દીર્ઘ શ્વાસોચ્છવાસને રોકીને પેલા અવાજ સાથે આવી રહેલી વસ્તુને જોવા હું અટક્યો અને પાછો ફર્યો.

અહા ! આ શું ? મેં જે દૃશ્ય જોયું એથી મારું હૈયું આનંદિત થઈ ઊઠ્યું ! વૃક્ષના ખરેલા પાનને પવન આંગળીથી પકડીને તેને સડક પર ચલાવી રહેલો ! ક્યારેક એને દોડાવતો હતો ! મારો ગભરાટ... મારો ભય... લોપાઈ ગયા.

પ્રસ્વેદને પવનનો સ્પર્શ થતાં મારું શરીર કશીક અપૂર્વ શીતળતા અનુભવતું હતું. મને થયું કે આ રસ્તા પર મને એકલું ન લાગે માટે તો

ખરેલું પાન વિનયપૂર્વક નિરાડંબર બની, મારી ગતિને ચાતરીને આગળ નીકળી જવાની સ્પર્ધાવૃત્તિ વિના, મારી પાછળ આવી રહેલું !

મેં એ પાંદડાને હાથમાં લઈ લીધું. પાનખરને લીધે વિખૂટું પડેલું એ પાંદડું અશોકવૃક્ષનું હતું ! અશોકવૃક્ષનું-આસોપાલવનું એ પાંદડું કશાક અપૂર્વ સંસ્કારબળથી આનંદનું-શક્તિનું મુલાકાતનું-પત્તું- Visiting card બની ગયું.

અશોકવાટિકામાં જે અશોકવૃક્ષ પર બેસીને હનુમાને સીતાના ખોળામાં રામની વીંટી નાંખેલી ત્યારે ભગવતી સીતાના હૈયામાં કેવો અનુભવ થયો હશે !

અંતર્મુખી વૃત્તિ-પ્રવૃત્તિ આરંભતાં આપણે ઘણા ગ્રહ છોડવા પડે છે. જ્યાં સુધી એ ગ્રહત્યાગ થતો નથી ત્યાં લગી આનંદનો સ્પર્શ પણ અનુભવાતો નથી. આપણી બહિર્મુખતાએ સંગ્રહ, પૂર્વગ્રહ, આગ્રહ, વિગ્રહ વધાર્યા છે. આ બધા ગ્રહોમાં પૂર્વગ્રહ એ વચલી સાંકળ બનીને આપણા હૃદયને આંટી રહ્યો છે.

વસ્તુ, વ્યક્તિ, વ્યહાર, પરત્વે આપણા પૂર્વગ્રહો હોય છે. એનાં રૂપો પણ અવનવાં હોય છે. કોઈ વસ્તુ વિશે આપણે પૂર્વગ્રહથી કે સંસ્કાર બળથી જે વિચારીએ છીએ, કલ્પીએ છીએ-એથી આપણે વસ્તુનું યથાર્થ દર્શન કરી શકતા નથી. એટલું જ નહિ પણ આપણા અંતરના ભાવ પણ, એ જ પૂર્વગ્રહને લીધે સંકડાયેલા અને કલેષકર બની રહેતા હોય છે.

આપણા અંતરના ઊંડાણમાં રહેલું સ્નેહ અને આનંદનું રૂપ આ પૂર્વગ્રહથી ગુંગળાઈ જાય છે માટે સ્નેહ અને આનંદને પ્રગટ કરવા અને એનો વિસ્તાર કરવા માટે પ્રથમ પૂર્વગ્રહનો ત્યાગ કરવાનું કામ આપણે કરવાનું છે. એ પછી આગ્રહ જેવા બીજા ભ્રામક ગ્રહોનો વારો આવે.

ગૃહત્યાગ સહેલો છે પણ ગ્રહત્યાગ અઘરો છે તેમ છતાં એ અશક્ય નથી. પૂર્વગ્રહના ત્યાગથી જ આપણે સ્નેહ અને આનંદનો સંસ્પર્શ માણી શકીએ છીએ.

(૧૯૭૬)

❑



## ૭. સમજણ

'જીવનને જાણવું, સમજવું અને અનુભવવું એ સૌથી મોટી કલા છે. એમ પૂજ્ય શ્રીમોટાએ કહ્યું છે. આ કથનમાં 'જાણવા' કરતાં ઉચ્ચતાના ક્રમમાં આવે છે 'સમજવું'-'જાણવું એ સારું છે, સમજવું એ વધારે સારું છે. અને એ રૂપ બની રહેવું એ પૂર્ણતા છે.'

'જાણવું અને સમજવું' એ ભિન્ન સ્થિતિ છે એનો આપણે સૌ પ્રથમ સ્વીકાર કરવો જોઈએ. આપણે ઘણું બધું જાણીએ છીએ, પરંતુ જે જાણીએ છીએ એ બધું જ પૂરેપૂરું સમજીએ છીએ ખરા ? - એ પ્રશ્નનો જવાબ જલ્દીથી જડે એવો નથી. કેમ કે આપણી સૌની એક એવી માન્યતા દૃઢ થયેલી છે કે ઘણું જાણવાથી અને એ બધું સ્મૃતિમાં રાખવાથી આપણી બૌદ્ધિક સજ્જતા સિદ્ધ થાય છે. અલબત્ત જાણવાથી બુદ્ધિશક્તિના એક પાયાના અંશનો આવિષ્કાર થતો હોય છે. પરંતુ માત્ર જાણવામાં બુદ્ધિનો પૂરતો પ્રકાશ નથી અનુભવાતો.

આથી જાણવાની શક્તિમાંથી સમજણ શક્તિમાં પ્રવેશ કરીને સમજણને દૃઢ કરવી એ જ્ઞાનમાં પ્રવેશ કરવાની ભૂમિકા બની રહે છે. જીવનના તત્ત્વ વિશે માત્ર જાણનાર વ્યક્તિ પોતાના જીવનમાં આવી મળતી બાહ્યાંતર પરિસ્થિતિમાં પોતાની જાણકારીને ઉપયોગમાં લઈ શકતી નથી. 'આપણું ખરું સ્વરૂપ એ દેહ નથી, પરંતુ પરમાનંદી આત્મસ્વરૂપ એ આપણું સ્વરૂપ છે.' એવું જાણવાથી આપણને માત્ર શબ્દબોધનો આહ્લાદ મળે છે. પરંતુ દેહને થતી પીડા વખતે, અને માનસિક અસ્વસ્થતા કે યાતના વખતે આપણે સ્વસ્થ કે શાંત રહી શકતા નથી. એનું કારણ આપણી જાણકારીને આપણે સમજણમાં દૃઢ કરી નથી.

કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુને જોયું-જાણ્યું કે રાજ્યસુખ મેળવવા માટે મારે મારા બંધુઓને, સંબંધીઓને ને ગુરુને સુદ્ધાં હણવાં પડશે. મારે માટે એવા રાજ્યસુખનો ખપ નથી.' અર્જુનની આવી જાણકારીની ભૂમિકામાં મોહ હતો એ સમજણ શ્રીકૃષ્ણે આપી. સમજણ આપણી જાણકારીના મૂળ કારણમાં પડેલી હોય છે. એને જાગ્રત કર્યા વિના આપણે આપણા જીવનને દિવ્ય કરી શકીએ નહિ.

સમજણને પ્રગટ કરવા અને એને દૃઢ કરવા આત્મપ્રકાશિત મતિ-પ્રજ્ઞાની શક્તિ ઉપયોગમાં આવે છે. ‘જીવન શું છે ? શા માટે છે ? બાહ્ય પ્રવાહોના મૂળમાં શું છે ?’-આવા પરિપ્રશ્નોના સેવનથી ચિંતનથી સમજણ ખીલે છે. ખીલેલી સમજણ દૃઢ થઈને આપણા જીવનને ઉન્નત કરવા પ્રબળ ધક્કો આપે છે.

આમ છતાં ધ્યેય મુજબનું આચરણ કરવા પ્રેરે એ જ સાચી સમજણ.

❑



## ૮. સિદ્ધિ-પ્રસિદ્ધિ

સિદ્ધિ અને પ્રસિદ્ધિ - આ બે શબ્દો એકબીજાના પૂરક છે, સહકારી છે કે વિરોધી છે એ સમજવું જરૂરી છે. સંસાર વ્યવહારમાં જ્યારે આ બંને શબ્દો પ્રયોજાય છે ત્યારે એ બંને સહયોગી હોય એમ જ લાગે છે. સાંસારિક ઘટના કે કોઈક મહત્ત્વનો પ્રસંગ એક પ્રકારની સિદ્ધિ રૂપે લેખાય ત્યારે એની પ્રસિદ્ધિ અનિવાર્ય બને છે. લગ્ન એક વ્યવસ્થા હોવા છતાં સંસારવ્યવહારમાં એક સિદ્ધિરૂપ કાર્ય લેખાય છે અને મનાય છે માટે એની પ્રસિદ્ધિ સૌને જરૂરી જણાય છે. લગ્નને આપણે સામાજિક સંસ્થાનું રૂપ આપ્યું હોવાથી પણ એની પ્રસિદ્ધિ જરૂરી ગણાઈ છે.

કોઈ વ્યક્તિ કશુંક ઔદ્યોગિક ઉત્પાદન કરે કે પોતાના ક્ષેત્રમાં કશુંક સંશોધનકાર્ય કરે તો પોતાની મહેનતના ફળરૂપ જે સિદ્ધિ એને પ્રાપ્ત થઈ છે એની યથાયોગ્ય પ્રસિદ્ધિ કરવાથી સમાજના બીજા જરૂરિયાતવાળા વર્ગને એની જાણ થતી હોય છે. પરિણામે વ્યક્તિ કે વ્યક્તિ સમૂહની પ્રસિદ્ધિ દ્વારા વિશાળ માનવસમાજ સુધી પહોંચી શકે છે અને એનો લાભ આખો સમાજ લઈ શકે છે. આ સ્થળે સિદ્ધિ અને પ્રસિદ્ધિ બંને શબ્દોના અર્થો એકબીજાના પૂરક અને સહકારી બને છે.

સિદ્ધિના અનેક પ્રકારો છે. કશીક વિશિષ્ટની પ્રાપ્તિને આપણે સિદ્ધિ તરીકે ઓળખાવીએ છીએ. પ્રસિદ્ધિનો અર્થ આપણે એથીય આગળની સિદ્ધિ એવો સમજતા નથી પણ મોટે ભાગે જે સિદ્ધ થયું છે એની જાહેરાત કરવી એવો અર્થ આપણે સ્વીકારીએ છીએ. અને આ જ પ્રચલિત અર્થ સ્વીકારીને આપણે સિદ્ધિ-પ્રસિદ્ધિના અર્થનું મનન કરવું જોઈએ.

આપણું જીવન અનેક સિદ્ધિઓથી ભરપૂર છે અને ઘણું બધું સિદ્ધ થઈ શકે એવી શક્યતાવાળું પણ છે. સામાન્ય રીતે કેટલીક વૃત્તિઓ પોતે જ સિદ્ધિ જેવી હોય છે. દયા, ક્ષમા, ઉદારતા, ત્યાગ - જેવા સાત્ત્વિક ગુણો પોતે જ સિદ્ધિ જેવા છે. આવા ગુણોને અમુક રીતે કેળવવાથી એ સિદ્ધિરૂપે પણ પ્રગટી શકે છે. આવી સિદ્ધિઓની પ્રસિદ્ધિ કરવી જ જોઈએ એવી માન્યતા આપણે ત્યાં પ્રચલિત થયેલી છે. ઉદારતાનો ગુણ ‘દાતા’ હોવાની સિદ્ધિરૂપે પ્રગટાવીને એની પ્રસિદ્ધિ-જાહેરાત કરવાનું વલણ જાગે છે એને આપણે કેટલે અંશે આવકારી શકીએ ? એમાં વધુ કાળજીથી તપાસવાનું

એ છે કે આવા સાત્ત્વિક ગુણોની પ્રગટ શક્તિ-સિદ્ધિનું પ્રેરકબળ કયું છે? દાનની પ્રસિદ્ધિ દ્વારા કીર્તિની લાલસા, સત્તાની ભૂખ અને ક્યાંક ક્યાંક અંગત લાભ લેવાની વૃત્તિ પણ પ્રેરક બનતી હોય છે. આવી સિદ્ધિમાં દાતાની ઉદારતા કરતાં તો એની સૂક્ષ્મ ભિક્ષુકવૃત્તિ પ્રગટતી હોય છે. માટે આવી પ્રાકૃતિક સિદ્ધિઓની પ્રસિદ્ધિ પાછળનાં આપણાં વલણોને આપણે તપાસીને સિદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ.

આપણું જીવન જેમ જેમ ઉન્નત બને છે તેમ તેમ આપણે શું સિદ્ધ કરવાનું છે એ સ્પષ્ટ થતું જાય છે. આપણા જીવનનું સિદ્ધ શિખર તો સ્વરૂપપ્રાપ્તિ છે. આપણે શુદ્ધ ચેતનસ્વરૂપ છીએ માટે એવા બની રહીએ એ જ આપણી અંતિમ સિદ્ધિ છે પણ એ દિશામાં જતાં જતાં ઘણી નાની મોટી આશ્ચર્યકારક સિદ્ધિઓ આવી મળે છે. આવી સિદ્ધિઓ અંતિમ સિદ્ધિ માટેનાં સાધન બનવા આવતી હોય છે પણ જો પહેલેથી પ્રસિદ્ધિનાં આકર્ષણને ઓળખ્યું નહોય તો એવી સિદ્ધિઓની પ્રસિદ્ધિ થઈ જતી હોય છે. ઉન્નત જીવનની યાત્રામાં 'પ્રસિદ્ધિ' શબ્દ સિદ્ધિઓ વિરોધી શબ્દ બને છે. કેમ કે જે સત્‌રૂપ છે એની પ્રસિદ્ધિ હોય જ નહિ.

અને જે સિદ્ધિ પોતાનું લક્ષ્ય ચૂકી જાય છે અને પોતાને માર્ગમાંથી પ્રાપ્ત થયેલી આંતરસિદ્ધિઓની પ્રસિદ્ધિમાં પડે છે એ પોતાની રળેલી મૂડી જ વાપરે છે અને અંતે એક સમય એવો આવે છે કે એની જીવનમૂડી ખલાસ થતાં એ ખાલી બની જાય છે અને ક્યારેક તો દેવાળિયો બની જાય છે.

(૧૯૭૭)

❑



## ૯. જન્મટીપ

અનંત જન્મોથી માત્ર કેદખાનાં બદલાયાં કરે છે. જુદા જુદા દેહરૂપની જેલમાં બદલી થાય છે. કેદખાનાંની યાતનાઓ વેઠતો જાઉં છું, એકધારી આવી અનંતયાત્રાઓનો મને થાક લાગ્યો છે એવુંય લાગતું નથી. ક્યારેક ખૂબ થાકીને એમ બોલાય છે કે કોણે ચણી છે આ કેદખાનાની દીવાલો? કોણે પૂર્યો છે આ નર્યા અંધકાર ભરેલી કોટડીમાં ? પછી આવું વારંવાર થાય છે ત્યારે આછું આછું સમજાય છે કે મેં જાતે જ આ દીવાલો ઊંચી કર્યા કરી છે, એના દરવાજાને વધારે તોતિંગ બનાવ્યા છે અને એમાં જ રહ્યા કરવાનું મને સલામત જણાયું છે. આથી આ કોટડીમાં જ રહ્યા કરવાનું મને ફાવી ગયું છે, મને ગમી ગયું છે.

અહીં મારા દેહરૂપની પ્રતિષ્ઠા છે. અહીં મારા નામનો ઉચ્ચાર છે. અહીં સંબંધોની સુંવાળી ફરસ છે. સંબંધોમાં મારી ક્યાંક સત્તા છે. પછી આવી સત્તાનો અહીં વિસ્તાર છે. અહીં જ મારી કીર્તિ છે. મારું નામ અહીંના બધા જ કેદીઓ જાણે. મારા કાર્યને બધા લોકો વખાણે. આમ પ્રતિષ્ઠાનું મહોરું માર્યા કર્યું છે. આ બધું મને ગમ્યું છે, ગમે છે ! પરંતુ જ્યારે આમાં ક્યારેક તિરાડ પડે છે ત્યારે મારી સ્થિતિ કેવી થાય છે ? મેં માનેલા સુંવાળા સંબંધમાંથી અપમાનની અણી ભોંકાય છે ત્યારે મારો લેવાઈ ગયેલો ચહેરો મને દેખાય છે. કોચવાતું-સંકોચાતું હૃદય ભીંસાય છે. તોય ત્યાં સંબંધસત્તાનું બળ વાપરીને હું ધૂંધવાઉં છું. ખૂબ હાંફું છું. ત્યાર પછી સમજની બારી સહેજ ખૂલે છે ત્યારે સમજાય કે મેં માનની ભીખ માગેલી. માનના ભિખારીથી અપમાન વેઠાતું નથી. 'વખાણ' શબ્દમાં 'વખ' શબ્દ છે. એનો અર્થ ઝેર થાય છે. કીર્તિ માટે જે વખાણ થાય છે એનું ઝેર ધીમું હોય છે, એથી જ એની વિપરિત અસરનું તત્કાળ ભાન થતું નથી.

કીર્તિના આવા કેદખાનામાં મેં માનેલી પ્રતિષ્ઠાને જાળવવા કેવા પ્રપંચો કરેલા છે ! ગુણની કદર થવી એ સારી વાત છે, પણ ગુણલક્ષણની અતિશયોક્તિ થવા દઈ એને ખુશામતનું રૂપ આપવું એ ઘણું જ બેહૂદું અને વિકૃત છે એનું ભાન નથી એટલે બેભાનપણે મારા સન્માન સમારંભ ગોઠવાય એ માટે પરોક્ષ પ્રપંચ કરું છું.

મારા પ્રવચનની પ્રભાવકતા જાણવા હું પ્રશંસા ઉઘરાવતો ફરું છું. સાચા અર્થમાં નમ્ર થયો ન હોવા છતાં નમ્રતાનો ડોળઘાલું બનું છું. આમ આ કેદખાનાની દીવાલોને વધુ ને વધુ ઊંચી બનાવું છું. એની એક કાંકરી પણ ન ખરે એ માટે જિંદગીભર મરણિયો થાઉં છું. અને ખરેખર મરણશરણ થવાનો સમય આવ્યો છે તોય આ કીર્તિ અકબંધ રહે અને વધ્યા જ કરે એ માટે પ્રબંધ કરવા ઉત્તરાધિકારીઓને મારા મરણ પછીની જ્યાં ત્યાં જાહેરખબરો આપીને ગુણોની યાદી પ્રગટ કરવાની તીવ્ર લાલસા સેવું છું. મારી ભવ્ય સ્મશાનયાત્રા અને વિશાળ શોકસભા ભરાય ત્યાં સુધીની કીર્તિધજાને હું રંગે જ જાઉં છું !

મારા અનેક પૂર્વજોના કીર્તિસ્તંભો ક્યાંય દટાઈ ગયા છે ! અનેક સ્મારકો વિસ્મરણની ખાઈમાં વિલીન થયા છે ! આવું આ જન્મે નજરે નિહાળતો હોવા છતાં હું આ કીર્તિના કોટડાને તૂટવા દઈને ક્યારે વ્યાપક બનીશ ? -પ્રશ્ન અને આશ્ચર્ય છે-એથી વિરામ નથી.

❑



## ૧૦. વ્યર્થ

શબ્દ માત્ર મને ઘણા પ્રિય છે. અવાજ કે ધ્વનિને પણ શબ્દ તરીકે ઓળખાવાય છે ત્યારે મને શબ્દની શક્તિનું શ્રવણ થાય છે અને ક્યારેક નિઃશબ્દ-નીરવ-મૌન-માં રહેલા શબ્દથી વિસ્મય પણ થાય છે. શબ્દથી આવા વિવિધ ભાવ અનુભવ્યા કરું છું.

જ્યારે હું કોશમાંના શબ્દોને જોઉં છું ત્યારે એ બધા જ શબ્દો પોતાને મળેલું ઓળખપત્ર (અર્થ) ચોંટાડીને હારબદ્ધ ઊભેલા સ્વયંસેવકો જેવા ભાસે છે. ઘણા શબ્દોની એક કરતાંય વધુ અર્થોવાળી ઓળખાણ હોય છે ત્યારે એનાં જૂજવાં રૂપો ભુલભુલામણીનો આનંદ આપે છે. આમ છતાં કોશમાંના શબ્દો મને બહુ ગમતા નથી. પણ એ જ્યારે કોશની બહાર નીકળે છે ત્યારે મને એ વધારે ગમે છે. કોઈ પણ સૈનિક એના ગણવેશમાં પરેડ કરતો હોય એ જોવું ગમે ખરું, પણ એ જ યુવાન પાટલૂનના ખિસ્સામાં હાથ નાખીને ખુલ્લા મેદાનમાં લટાર મારતો હોય તેને જોવો એ વધુ આહ્‌લાદકર નથી લાગતું ? એવું જ આ કોશમાંના શબ્દોનું પણ છે.

એ શબ્દો બહાર નીકળીને સ્વતંત્ર વિહાર કરી શકતા નથી, પરંતુ પોતાને અપાયેલો અર્થ ત્યજીને આક્રમક વ્યવસ્થામાં ગોઠવાય છે ત્યારે એ ઘણા મોહક લાગે છે. જો કે સાહિત્યરચનાઓમાં જ શબ્દની ગતિવિધિ નૂતન બનીને સૌંદર્ય નિર્માણ કરે છે એટલું જ નથી. વ્યવહારમાં ઘણા ય શબ્દો એના વાપરનારના અંતરભાવ સાથે ભિન્નભિન્ન અસર જન્માવે છે. 'પધારો' શબ્દ મને બહુ ગમે છે. એ માનપૂર્વક સત્કાર માટે વપરાય છે. ક્યારેક તો એ અણગમાને છુપાવી વ્યંગ કરવા પણ પ્રયોજાય છે. તો કોઈક અત્યંત વ્યવહારુ વ્યક્તિ કો'કની વિદાય આપવાની વ્યંજના દર્શાવવા પણ 'પધારો' ઉપયોગમાં લઈ લે છે.

આ રીતે શબ્દના ઘણા જ અર્થો છે અને એના વિવિધ રીતના ઉપયોગથી ઘણું બધું સાધી શકાય છે. પણ મને શબ્દો વધુ ગમે છે એનું કારણ એમાંનું એક પણ નથી. હું જ્યારે ઘણા જ શબ્દોના અનર્થ કરીને વ્યર્થતાનો અનુભવ કરું છું ત્યારે મને એ વધારે ગમે છે. કેટલાક શબ્દોના અનર્થમાં કેટલી બધી શક્તિ રહેલી છે ! એ મારી અશક્તિને પણ શક્તિના

રૂપમાં દર્શાવી શકે છે. મારે માટે શબ્દોના અનર્થ જ વિશિષ્ટ અર્થ છે એટલે કે 'વ્યર્થ' છે. વ્યર્થનો અર્થ 'નકામું' ભલે ગણાય. પણ એવા અર્થનો મેં 'જાણી જોઈને'-એટલે કે જાણ્યા પછી જોઈને-ત્યાગ કર્યો છે. 'જાણી જોઈને' શબ્દ પણ મને આવા જ અર્થમાં ગમે છે. સાધારણ રીતે આપણએ પહેલાં કશું પણ જોઈએ છીએ, મતલબ કે આપણને કશું પણ દેખાય છે, ત્યારપછી એને જાણી શકીએ છીએ. પણ જ્યારે જોયા વિના જ જાણી લેવાની સિદ્ધિ આ શબ્દ 'જાણી જોઈને'માં હોવાથી મને એ વધારે ગમે છે. 'વ્યર્થ' શબ્દના આવા કોશ-અર્થના ત્યાગને લીધે જ એનો 'વિશિષ્ટ અર્થ'ના અર્થમાં સ્વીકારવાથી અનર્થ થાય છે તો પણ મને ગમે છે. વળી, 'અનર્થ' શબ્દને પણ 'ખોટા અર્થ'માં ન સમજતાં 'છુપાયેલા અર્થ' તરીકે સ્વીકારવાથી પૂરેપૂરો સમજાઈ જાય છે.

શબ્દના અનર્થની આવી વ્યર્થ શક્તિનો અનુભવ મેં નરસિંહ મહેતાથી નિરંજન ભગત સુધીના કવિઓની રચનાઓ દ્વારા કર્યો છે. હું ભણતો ત્યારે તથા ભણાવવાનો વેશ ભજવતો ત્યારે કવિને એમની કવિતામાં કયો અર્થ અભિપ્રેત છે એવો પ્રશ્ન ઊભો થવા દેતો જ નહિ. પ્રશ્ન તથા હું બંને સૂતા જ રહીએ ને પડ્યા જ રહીએ એવા અનર્થનો જ આશ્રય હું લેતો. સાધુપુરુષે મોડે સુધી સૂવું નહિ, એવું કહેનાર નરસિંહના ભજને મને ક્યારેય વહેલા ન ઊઠવા માટે વસવસો થવા દીધો નથી, કેમ કે હું સાધુપુરુષ નથી અને થવાનો પણ નથી એની મેં ખાતરી કરી છે અને કાળજી રાખી છે. 'હું અહીં ક્યાં કોઈનું યે કામ કરવા આવ્યો છું? હું તો બસ ફરવા આવ્યો છું,' એવી નિરંજન ભગતની રચનાની પંક્તિએ મને ન્યાલ કરી દીધો. 'બીજા માટે ઘસાઈને ઊજળા થાઓ.' એવું રવિશંકર મહારાજનું સુવાક્ય જ્યારે જ્યારે વાંચ્યું છે ત્યારે ત્યારે એમ જ થયું છે કે આપણે માણસ છીએ કે વાસણ ? વાસણ ઘસાય તો ઊજળાં થાય. આપણે ઘસાઈએ તો છોલાઈએ-લાલ થઈએ અને સૂજીએ. આથી 'સત્યમેવ જયતે' જેવું આ સુવાક્ય માત્ર બીજાઓને સંદેશો પાઠવવા માટે સારું છે. કારણ કે સૌથી પહેલીવાર મેં એનો આવો અર્થ કરેલો : 'સત્ય મેવા જેવું છે.' માટે મેવો બીજાને આપવો.

કોઈનું ય કામ કરવાની નહિ, પણ ફરવાની વૃત્તિ કેળવવી એ મારી વધુ પ્રિય વૃત્તિ-પ્રવૃત્તિ.'ફરવું' શબ્દ પણ મને પ્રિય છે કેમ કે એનો માત્ર



એક જ અર્થ નથી. 'ફરવું' એટલે લટાર મારવી. એક રાત્રે લટાર મારવા નીકળેલો ત્યારે એક મિત્ર એમના રૂમની લાઈટ બંધ કરવાની ભૂલી ગયા હશે-એટલે મેં બૂમ પાડીને પૂછ્યું 'પંડિત, ઊંઘી ગયા છો કે ?' આવી બે ત્રણ બૂમ પછી એ ઊઠ્યા-અને પૂછ્યું 'શું છે ?'-મેં કહ્યું 'કશું નહિ. અમસ્તું જ પૂછ્યું. લાઈટ ચાલુ હતી ને એટલે. 'કેમ, ઊંઘી ગયા હતા ?' આમ ફરીથી પ્રશ્ન પૂછતાં પંડિત છંછેડાયા. એટલે ત્યાંથી હું પાછો ફરી ગયો ! બહેરા માણસને 'તમને સંભળાતું નથી ?' એમ પૂછવું અને ઊંઘતા માણસને 'ઊંઘો છો કે શું ?' એ પૂછવું એમ એ બંને પ્રશ્નો નિરર્થક છે. છતાં એ નિરર્થકતા-વ્યર્થતા કેટલી બધી ઉપકારક છે ?

કોઈને પણ ન સમજાય એવું લખવું એ 'આધુનિકતા'નું ગૌરવ પામે છે. સાંભળવાથી વધુ ગૂંચવાડો થાય એ તેને 'ગૂઢવાણી' ગણી લેવાથી આપણે 'તત્ત્વજ્ઞ' બની જઈએ છીએ.

આટલું લખ્યા પછી મને થોડોક સંતોષ છે કે જીવનમાં મેં આટલી બધી વ્યર્થ પ્રવૃત્તિઓ કરી એની વ્યર્થતા આટલાથી પણ સિદ્ધ કરી શકાશે !

(૧૯૯૪)

❏

## વિભાગ ૩ : લેખો



## ૧. ભાવ એટલે શું ?

*'શબ્દમાં શબ્દથી એને વર્ણવી ના શકાય છે,*
*અક્ષરાતીત છે ભાવ, અંતરે પરખાય છે.'*

જીવદશામાં-એટલે રાગદ્વેષ વગેરે લાગણીના અનુભવને આપણે ભાવ સમજીએ છીએ. માટે જે અર્થમાં શ્રીમોટા 'ભાવ' શબ્દ વાપરે છે એમાં આપણી સમજનો ગજ પહોંચે એવો નથી. કેમકે એ ભાવ તો અનુભવદશાનો શબ્દ છે. તેમ છતાં આપણી હાલની અવસ્થાથી એ 'ભાવ' શબ્દનો અર્થભાવ સમજવા મથીએ.

આપણી લાગણી જુદા જુદા સંબંધમાં જુદી જુદી રીતે વ્યક્ત થાય છે. એવા સંબંધથી અનુભવાતી લાગણીને આપણે જુદા જુદા નામ આપીએ છીએ. વાત્સલ્યભાવ, દામ્પત્યભાવ, ભ્રાતૃભાવ, ભગિનીભાવ વગેરે. આવા સંબંધોમાં અનુભવાતી અને વ્યક્ત લાગણીઓની સાથે આશા-અપેક્ષા જોડાયેલી જ હોય છે. સંસારના બધા જ સંબંધોની લાગણી સાથે એક કે બીજી રીતે કશાને કશા પ્રકારની માગણી જોડાઈ જાય છે. એવી માગણી સંતોષાય છે તો તેવા સંબંધોમાં રાગ-મોહ જન્મે છે અને જો એ સંતોષાય નહિ તો ક્લેશ, ઘર્ષણ, ટંટો, અશાંતિ જન્મે છે અને એમાંથી વેરભાવ પણ જન્મે છે.

સંસારી સંબંધોમાં વહેતી લાગણીમાં ત્યાગ અને સમર્પણ જેવા ઉચ્ચભાવ સંકળાય છે ખરા, પરંતુ એવાં ત્યાગ, બલિદાન કે સમર્પણ પાછળ કોઈને કોઈ પ્રકારની લાલસા કે સ્વાર્થ જ હોય છે. ક્યારેક તો બેળે બેળે કે ક્લેશ-કંકાસના ભયથી ત્યાગ-સમર્પણ થાય છે. આથી આવાં ત્યાગ, સમર્પણ કે બલિદાન જેવી ક્રિયાથી જીવનનો વિકાસ થતો નથી. આથી શ્રીમોટાએ સંસારી સંબંધોમાંથી જન્મતી લાગણીઓને જ્ઞાનપૂર્વકની તપસ્યાથી રૂપાંતરિત કરીને પ્રેમભાવમાં લાવવાના માર્ગ દર્શાવ્યા છે. સંસાર વ્યવહારમાં પરાણે ત્યાગ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે ત્યાગ થવા દેવો એ આપણો ધર્મ છે અને આ જે કંઈ છે તે આપવાથી આપણી એના પરની પકડ કે માલિકીભાવનો ત્યાગ છે એવો ભાવ ધારણ કરવો જોઈએ. એ જ રીતે જન્મને લીધે થયેલા પિતા, પુત્ર, કાકા, મામા, ફોઈ, માસી, બહેન-બનેવી જેવા સંબંધોમાં તથા જીવન દરમિયાન નીપજેલા પતિ, પત્ની, સાસુ-વહુ જેવા અન્ય સંબંધીઓ સાથે જે તે

પ્રકારના સંબંધોને લીધે જન્મતો ભાવ વીસરીને બધામાં પ્રભુભાવનું આરોપણ કરવું જોઈએ. અને આ સર્વ સંબંધોમાં જે પ્રકારની લાગણી ઉદ્‌ભવે એને જ્ઞાનપૂર્વક જોગવીને પ્રેમભાવમાં ફેરવવી જોઈએ.આ માટે દરેક સંબંધને એની મર્યાદામાં જ રાખવો જોઈએ. એક સંબંધ પર બીજા સંબંધનો ભાવ આરોપવો ન જોઈએ. જે 'મળેલાં' છે એ બધાં સાથે આપણા દિલમાં 'સદ્‌ભાવ' ઉગાડવા પ્રભુકૃપાથી મથવું જોઈએ એમ શ્રીમોટાએ સમજાવ્યું છે. સદ્‌ભાવમાં જીવદશાની લાગણી-(માગણી અને આશા અપેક્ષાના ભાવવાળી લાગણી) તેમ જ અભાવ (ઉપેક્ષાવૃત્તિ-અવગણના) ન હોવાં જોઈએ. આપણે વ્યવહારમાં બોલીએ છીએ કે 'આ જન્મ પૂરતા આ લેણ-દેણના સંબંધો છે.' એનું તાત્પર્ય આ જ છે. સંબંધથી જે આપણને મળે છે-લાગણી, પૈસા, હૂંફ કે તિરસ્કાર, ધિક્કાર અને અપમાન આપણું લેણું મળે છે એમ માનીને કશી પ્રતિક્રિયા વિના સ્વીકારવાં જોઈએ. અને જે કાંઈ આપવાનું-ચૂકવવાનું આવે તે પણ ઋણમુક્તિના ભાવથી ચૂકવીને સદ્‌ભાવ રળી લેવો જોઈએ. આ પ્રકારની સંબંધની લાગણીઓના હિસાબો ચૂકતે કરીને-એ અંગે આવી મળેલા તપને જોગવીને તેજસ્વી થતા રહેવું જોઈએ.

આવાં 'મળેલાં' ઉપરાંત બહારના સંબંધો પણ હોય છે. નોકરી, વેપાર, ધંધા, પડોશ તથા અન્ય મિત્રો વગેરે. આ સંબંધોમાં પણ મોહ ન વધે એની કાળજી રાખવી જોઈએ. આ બધામાં પ્રભુ રહેલો છે એમ ધારીને પ્રેમભાવ દઢાવવો જોઈએ.

આમ, જ્યારે સ્વાર્થ આશા, ઈચ્છા, માગણી, આગ્રહ, હઠાગ્રહ વગેરે વ્યવહારમાંથી મોળાં પડતાં, ત્યાગ, સમર્પણ, બલિદાન, ફનાગીરીથી હર્ષ અનુભવાય ત્યારે પ્રેમભાવ ઉદ્‌ભવ્યો કહેવાય. એવી 'લાગણી'ને 'પ્રેમ'ના નામે ઓળખાય. એથી પણ ઊંચી અવસ્થા છે જ્યાંથી આવો પ્રેમ ઉદ્‌ભવે છે. એ અવસ્થાને 'ભાવ' તરીકે ઓળખવી જોઈએ. શ્રીમોટા આવા ભાવની વાત કરે છે.

પ્રેમમાં પ્રકૃતિનું શુદ્ધ રૂપ હોય છે. સાત્ત્વિકતાના ગુણવાળી પ્રકૃતિથી જ ત્યાગ-સમર્પણ બની શકે. આટલા અર્થમાં પ્રેમનો સંબંધ પ્રકૃતિ સાથે છે. પ્રેમ હંમેશાં નિરપેક્ષ છે. જે પ્રેમ બદલામાં પ્રેમ પણ ઈચ્છે તો એ શુદ્ધ પ્રેમ નથી, પ્રભુપ્રેમ નથી. પ્રેમની અવસ્થા આપણને પ્રભુ સાથેના



જોડાણનું અથવા તો સેતુનું કાર્ય કરે છે. આવો પ્રેમ જ પ્રભુનું નૈવેદ્ય છે. આવી અવસ્થામાં પ્રેમ એકમાર્ગી બનીને વહ્યે જાય છે.

પ્રેમ સ્વયં વિરહની-વિયોગની શુદ્ધ તપસ્યા કરે છે. અને પ્રકૃતિના ત્રણેય ગુણોથી પરની અવસ્થાનો અનુભવ કરે છે, ત્યાં અંતરમાં આપમેળે જે અનુભવાય છે એ 'ભાવ' છે. (૫) આવા ભાવના અનુભવ માટે શ્રીમોટાએ દર્શાવેલાં સાધનોનો નિરંતર અભ્યાસ અનિવાર્ય છે. (૨૨) જ્યારે ભાવનો અનુભવ થાય છે ત્યારે વિચાર, વૃત્તિ કે લાગણી મુદ્દલે ટકતાં નથી. આથી ભાવમાં કેવળ અક્રિયતા હોય છે એમ સમજવાનું નથી. પરંતુ હૃદયમાં જાગેલા આવા ભાવથી ચેતના-સ્પર્શ થાય છે. એ જ ભાવની સક્રિયતા છે. ચેતના એટલે ચેતનની શક્તિ-મતલબ કે સર્વશક્તિમત્તા, સમર્થતા અને જ્ઞાન. (૨૬) એ પછી ભાવની કક્ષા બદલાય છે. ચેતનાશક્તિ અવ્યક્ત છે. ચેતના પણ ભાવરૂપે વ્યક્ત થાય છે. ભાવ એ ચેતનાના વ્યક્તરૂપનું પરિણામ છે એમ અનુભવાય છે. આવા પરિણામરૂપે અંતરમાં જ અનુભવાતો ભાવ કક્ષાભેદે પહેલા ભાવ કરતાં ચડિયાતો છે. પહેલી કક્ષામાં અનુભવાયેલો ભાવ ચેતનાસ્પર્શ કરાવે છે. અને પછી ઊર્ધ્વકક્ષામાં રૂપાંતર પામેલો ભાવ ચેતનાની વ્યક્તતાનું પરિણામ બને છે. આવા ભાવ કરતાં ઉચ્ચ કક્ષાનો ભાવ શૂન્યતાસભર છે. (૩૯) આવો ભાવ એ સદ્‌ગુરુ બને છે. (૩૪) શ્રીમોટાએ વારંવાર કહ્યું  છે સદ્‌ગુરુ એ શરીર નથી પરંતુ એ તો ભાવ છે. એ આ કક્ષાના ભાવ માટે કહ્યું છે.

આમ હોવા છતાંય ભાવ એ આત્મા સ્વયં નથી એ ખાસ ધ્યાન રાખવાનું છે. જે પોતાનામાં 'પોતા'ની પિછાણ પામ્યો છે, તેવો જીવાત્મા 'ભાવ'ને 'સ્વરૂપ'થી આત્માનો અનુભવી છે-પરમાત્મારૂપ છે. એ આવા પૂર્ણ પ્રતિબિંબ સ્વરૂપથી -ભાવથી પોતાને નિમિત્તયોગ મળેલાં જીવોને અકળ રીતે ઈશ્વરાભિમુખ બનાવવા સમર્થ હોય છે.

આપણે વ્યવહારજીવનમાં રહીને પ્રભુભાવ તરફ ગતિ કરી શકીએ એ માટે શ્રીમોટાએ માર્ગદર્શન આપ્યું છે. સાધનાભ્યાસમાં વળગી રહેવા ઉપરાંત ભાવને સાકાર કરવો-મતલબ કે આપણા જીવનવ્યવહારમાં એની પ્રતિષ્ઠા કરવી એ બહુ જ મહત્ત્વનું છે. આથી શ્રીમોટાએ કર્મની અગત્ય દર્શાવી છે. આપણે પ્રાપ્ત કર્મ આચરતી વખતે જાગૃતિ ધારણકરીને 'પ્રભુ-પ્રીત્યર્થે'નો ભાવ નીતરાવો. સ્વભાવવશ થઈને મતલબ કે બુદ્ધિનાં ફાંકાથી

કે હું જ આ કર્મને પાર પાડી શકીશ એવા અહંકારથી કર્મ ન કરવાં. આમેય કર્મ આપણામાં જાગેલી પ્રભુશક્તિથી જ થયે જાય છે. આપણે અહંકાર કરીને કર્મને તથા આપણા આંતરિક જીવનને દૂષિત કરીએ છીએ. આથી આપણને મળેલું કર્મ આવી શુદ્ધિવૃત્તિથી-મતલબ કે પ્રભુની શક્તિથી જ થાય છે એમ સ્વીકારીને-કેવળ પ્રભુભાવથી એટલે કે 'હું કર્મનો કર્તા છું જ નહિ' એમ દઢાવીને કર્મ કરવાથી એ કર્મ યજ્ઞ બને છે. કેમકે એમાં કર્મ આચરતાં આપણા મનનાં દ્વંદ્વ-બુદ્ધિની યુક્તિ-પ્રયુક્તિ અને અહંકારયુક્ત શક્તિ હોમાઈ જાય છે. આથી કર્મ પ્રકૃતિથી થતાં હોવા છતાં મોખરે પ્રભુભાવ ભજવાય છે. પરિણામે કર્મ દ્વારા પ્રભુશક્તિની પ્રતિષ્ઠા થાય છે. આથી જ આવાં કર્મને શ્રીમોટાએ ભક્તિ તરીકે ઓળખાવી છે. કેમકે આવાં કર્મમાં કર્તાપણાની આસક્તિ નથી. એથી આવા ભાવથી થતાં કર્મ પ્રભુનું ભજન બને છે. (૫૦-૫૩)

જ્યારે હૃદયમાં ભાવ પ્રવર્તે ત્યારે કેવાં લક્ષણો અનુભવાય એનું વર્ણન કરતાં શ્રીમોટાએ લખ્યું છે કે-

(અનુષ્ટુપ)

'પ્રવર્તતાં હૃદે ભાવ જેમાં તેમાં બધાં વિષે-
પૂર્ણતાનો ઊંડો ઊંડો આસ્વાદ દિલ લાગશે. ૩૬
જેમાં તેમાં બધાં વિશે, હો કદરૂપું છો ભલે-
છતાં સૌંદર્ય કેવું ત્યાં ભર્યું ભર્યું જ લાગશે ! ૩૭
નરી પ્રસન્નતા પૂર્ણ સૌ વ્યવહારમાં જગે,
ભાવ હોવા તણો એવો પ્રભાવ ને પ્રતાપ છે ! ૩૮

તા. ૧૬-૫-૯૬

## પૂર્તિ :

શ્રીમોટાએ કોઈપણ પ્રકારની ક્રિયા કે સાધન-અભ્યાસ પૂર્વે ધ્યેયની સ્પષ્ટતા તથા ક્રિયા કે સાધનાભ્યાસ દરમિયાન હેતુની સભાનતા રહે એ બાબતનું મહત્ત્વ વારંવાર સમજાવ્યું છે. હવે જ્યારે 'ભાવ'નો અનુભવ થાય છે ત્યારે એની ગતિ તથા શક્તિ પ્રત્યેની સભાનતા રહે છે ખરી. પરંતુ આત્માની સર્વવ્યાપકતા કે સચરાચરપણું કે સર્વસમર્થતાનું જ્ઞાન 'ભાવ'માં હોતું નથી. એ અર્થમાં 'ભાવ'માં જ્ઞાનનો માત્ર ભાગ હોય છે એમ તેઓશ્રીએ કહ્યું છે.



પરંતુ ભાવમાં 'ભક્તિ' પૂર્ણ હોય છે. ભક્તિ એટલે આસક્તિ વિનાનું કર્મ. જે કર્મ નિરંહકારની ભૂમિકાથી થાય એટલે એમાં અનાસક્તિનો ભાવ જ વ્યક્ત થતો અનુભવાય. આથી ભાવમાં પૂર્ણ ભક્તિ છે. શ્રીમોટાની દૃષ્ટિએ કર્મનું મહત્ત્વ નથી, પરંતુ એ કર્મ આચરતાં કેવો ભાવ રહે છે એનું મહત્ત્વ છે. એથી કર્મ દરમિયાન અકર્તાપણાનો ભાવ રહે અને સાથે સાથે કર્મ દરમિયાન 'એ પ્રભુની શક્તિથી થાય છે-અને એ રીતે પ્રભુ જ વ્યક્ત થાય છે' એવો ભાવ અનુભવાય એ ભક્તિ છે.

આપણે જીવદશાની અજ્ઞાનાવસ્થામાં જેવા ભાવ કરીએ છીએ એ આપણા કર્મનાં બીજ બને છે. એ અર્થમાં કર્મ જન્મે છે. પરંતુ આપણે આપણા ભાગમાં આવેલું એ કર્મ આચરતી વખતે પ્રભુપ્રીત્યર્થનો ભાવ જાગ્રત રાખી શકીએ તો એ કર્મનું પરિણામ બંધનકર્તા બનતું નથી. જ્યારે અનુભવી પુરુષના હૃદયમાંથી પ્રભુભાવ જ અવિરત વહેતો હોય છે. પરંતુ એ માત્ર એના નિમિત્તોને સ્પર્શે છે. અને એવા ભાવથી સૂક્ષ્મ કર્મ જન્મે છે. તેમ જ બીજાં દેખીતાં કર્મો પણ એ જ 'ભાવ'માંથી જન્મે છે. આથી જ પરમાત્માનુભવી શ્રીમોટાથી થયેલાં પ્રેરાયેલાં કાર્ય પ્રભુભાવ જ જગાડનારાં બની રહે એ નિઃશંક છે.

આ અર્થમાં શ્રીમોટાએ ભાવને 'ત્રિવેણીરૂપે' વર્ણવ્યો છે.

ભાવમાં જ્ઞાનનો ભાગ, ભાવમાં ભક્તિ પૂર્ણ છે,
જન્મે છે ભાવથી કર્મ, ભાવ એવો ત્રિવેણી છે. (૪૧)

સાધનામય જીવનની અનેક ઉચ્ચતર કક્ષાઓમાં 'ભાવ'નો પ્રકાર બદલાય છે. પરમાત્માનુભવની એક ઉચ્ચતર કક્ષામાં ભાવાતીત સાક્ષીભાવમાં મહાલી પણ શકાય. (૭૨) પરમાત્માના અનુભવનું આ એક ગૌરીશિખર છે એમ શ્રીમોટાએ કહ્યું છે.

***નોંધ :*** *આ લેખમાં કૌંસમાં મૂકેલ અંક પૂજ્ય શ્રીમોટા વિરચિત 'ભાવ' પુસ્તિકામાંના શ્લોકોના અંક દર્શાવે છે.*

❑

## ૨. 'હરિભાવ'

શ્રીમોટાની સાધનાનો આધાર ભાવ હતો. અને તેઓશ્રીના સાક્ષાત્કાર પછીનો વ્યવહાર ભાવરૂપે હતો. 'ભાવ' શબ્દનો ચોક્કસ અર્થ ન કરાય. કેમ કે જીવનની જુદી જુદી કક્ષાએ એનો અર્થ પલટાતો જતો હોય છે. આપણે આપણી પ્રાકૃતદશામાં જે કંઈ કામ કરીએ છીએ એની પાછળ જુદા જુદા ભાવ હોય છે.

આપણે ચીડથી, કંટાળાથી, બેળેબેળે, ઉમંગથી, ઉલ્લાસથી, ઉત્સાહથી, પ્રેમથી-એમ જુદા જુદા ભાવથી કર્મ કરીએ છીએ. આ જ પ્રમાણે દરેક ક્રિયા પાછળ ભાવ તો હોય છે. પરંતુ શુભભાવ-સદ્‌ભાવ ધારણ કરવા આપણે મથામણ કરવી પડે છે. એ પુરુષાર્થ છે એથી એ મથામણ સાધના ગણાય છે.

શ્રીમોટાનું બળ 'ભાવ' હતું. તેઓશ્રીએ આરંભની સાધનાના પરિણામે ફેફરુના રોગમાંથી મુક્તિ અનુભવેલી પણ એ સાથે પોતે ગુણશક્તિનો અનુભવ કરેલો. આથી ફેફરુનો રોગ મટાડવાના હેતુથી કરેલા નામસ્મરણને એમણે ચાલુ રાખ્યું. તેઓશ્રીની આવી સાધના પાછળ ભાવનો જુસ્સો હતો. આ ભાવ એ 'પ્રભુપ્રીત્યર્થ'નો ભાવ હતો. પ્રાપ્ત કર્મ, વ્યવહાર કર્મ અને સાધના સુધ્ધાં થાય છે. એના 'પોતે કર્તા નથી' એવો ભાવ હતો. આવો ભાવ હૈયામાં ધારણ કરીને 'હરિ'ની ઉપાસના કરેલી. હવે આ 'હરિ' એટલે કોણ ? એનું રૂપ કેવું હોય ? શ્રીમોટાએ 'હરિ' વિષેની ભાવનાને પણ સ્પષ્ટ કરી છે. તેઓશ્રીએ જણાવ્યું છે કે 'ભગવાનનું કાર્ય' એટલે આપણા હૃદયમાં પડેલા અને દૃઢ બનેલા રાગદ્વેષને મોળા પાડવા. જેમ જેમ રાગદ્વેષ મોળા પડતા અનુભવાય તેમ તેમ હૈયામાં વસેલો 'હરિ' છતો થતો જાય. હરિ આપણાં બધાં જ દુઃખો હરિ લે છે. એથી એ 'હરિ' છે. એ આકાશવત્ હોવાથી એ સર્વવ્યાપક છે. અને એ બધામાં છુપાયેલો છે. તેથી એનાં વિવિધરૂપો છે. આમ છતાં શક્તિ, આનંદ અને જ્ઞાન રૂપે અનુભવમાં વ્યક્ત પણ છે. 'હરિ' એ તો સંજ્ઞા માત્ર છે, પણ એ ચેતનસંજ્ઞા હોવાથી ચેતનાત્મક છે. આવું હરિરૂપ 'ભાવ'ને લીધે શ્રીમોટામાં પ્રગટેલું. શ્રીમોટાએ પોતાનો આ અનુભવ સમજાવતાં લખ્યું છે કે :



*હરિ મારો થયેલો છે ભાવ-જુસ્સાતણા બળે,*
*ભાવના ધોધની વર્ષા થઈ, જીવનને વિશે,*
*એવા ભાવ તણી શક્તિ પ્રસરી આરપાર શી !*
*જૂના સૌ ગુણ-ધર્મોને દે પલટાવી મૂળથી.*

'ભાવજ્યોતિ' આ; બીજી, પૃ. ૨૦

સાધનાના આરંભમાં જે ભાવ જાગૃત થાય છે એનો જુસ્સો-વેગ જ્યારે જાગે છે ત્યારે એની શક્તિ અપાર હોય છે. આવી ભાવ જુસ્સાની શક્તિથી 'હરિ' પોતાનો થાય છે. જે પોતામાં છુપાયેલો છે-વસેલો છે-એ જ વ્યક્ત થાય છે. પછી 'હરિ' ભાવરૂપે જીવનમાં પ્રસરે છે. એ 'ભાવ' એટલે 'પોતે હવે કંઈ જ નથી' એવો ભાવ. બધું 'હરિ' જ છે. આવા ભાવનો ધોધ જીવનમાં વરસી રહે છે. આવા ભાવના ધોધની શક્તિ અપાર હોય છે. એથી એ આરપાર પ્રસરીને-તાત્પર્ય કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિ કરણોને ભેદીને એનાં ગુણધર્મોને મૂળથી જ પલટી નાંખે છે. મનનો ગુણધર્મ સંકલ્પવિકલ્પ કરવાનો છે, બુદ્ધિનો ગુણધર્મ તર્ક, દલીલ, યુક્તિપ્રયુક્તિ વગેરેથી આગ્રહો-માન્યતાઓ બાંધવાનો છે. ચિત્ત સારા-નરસા અભિપ્રાયો સંઘરે છે. પ્રાણનો ગુણધર્મ આશા, ઇચ્છા-તૃષ્ણા-વાસના વગેરે છે. અને અહમ્ 'કર્તાપણાનો ભાવ' ધારણ કરે છે. આવા બધાં ગુણધર્મો મૂળમાંથી પલટાઈ જાય છે. અહીં ખાસ સમજવાનું એ છે કે 'હરિ'ના દર્શનથી અંતઃકરણોનો વિલય થતો નથી પણ એનાં ગુણધર્મો પલટાય છે. એ અંતઃકરણો હરિની શક્તિનાં વાહક બને છે. 'હરિ મારો થયેલો છે.' એમ શ્રીમોટાએ અનુભવ્યું. પછી હરિભાવની શક્તિથી આ પ્રમાણે ફેરફાર થયો છે.

હરિ પોતાનો થયા પછી જ સાચી ભક્તિ થઈ શકે. જે સંસારમાં રહેતો હોવા છતાં વિરક્તિ અનુભવે છે. એવી એની વિરક્તિ એ પોતાની શક્તિ છે. આવી વિરક્તિ જેનામાં પ્રગટેલી હોય એવા 'ભક્ત' કોઈક જ હોય. શ્રીમોટા આવા 'કોઈક' હતા. શ્રીમોટાએ ભક્તિનું પ્રમાણ 'હરિમાં સંપૂર્ણ' ભાવ રૂપે અનુભવ્યું છે. મતલબ કે હરિમાં જ હરિરૂપનો ભાવ રહ્યા કરે એ જ સાચી ભક્તિ. જેનામાં કશા પ્રકારની આસક્તિ નથી. 'મારાપણું' બિલકુલ નથી એ જ હરિના ભાવમાં રહી શકે છે.

શ્રીમોટા પોતાનો આવો અનુભવ આલેખતાં લખે છે કે :

*વિરક્તિ ભક્તની શક્તિ, એવો તો ભક્ત કોઈક,*
*'હરિ'માં ભાવ સંપૂર્ણ' તેને ભક્તિ પ્રમાણવી;*
*ચેતનાત્મક તો એવો ભાવ હરિ- પરત્વેનો*
*-નિરંતર તણો પાછો પાયો ભક્તિ-સ્વરૂપનો.*

'ભાવરેણું' આ; બીજી, પૃ. ૬૭

હરિ પ્રત્યેનો આવો ચેતનાત્મક ભાવ જ્યારે નિરંતર રહે-અખંડ રહે-ત્યારે એ ભાવ ભક્તિસ્વરૂપનો પાયો બની રહે છે. બીજી રીતે આ પંક્તિને આ રીતે પણ વંચાય : હરિ પરત્વેનો એવો ચેતનાત્મક ભાવ પાછો ભક્તિસ્વરૂપની નિરંતરતાનો પાયો બને છે. આ કથનનું હાર્દ એટલું જ છે કે 'ભાવ' એની ઉચ્ચ-ઊર્ધ્વ કક્ષાએ 'ભક્તિ'નું વિલક્ષણ રૂપ અનુભવમાં લાવે છે.

આપણે 'ભાવ' અને 'ભક્તિ'નો આપણી પોતાની મર્યાદામાં અર્થ સમજીએ છીએ. પરંતુ આધ્યાત્મિક સાધનામય જીવનમાં એનો અર્થ અત્યંત વિશાળ અને સૂક્ષ્મ છે. 'ભાવ'થી 'હરિ' મળે છે અને એ પછી 'હરિભાવ'ની ધોધબંધ વર્ષા જીવનની દશા પલટી નાંખે છે. આમાં 'ભાવ' જ મહત્ત્વનો છે. એ નિરંતર રહે તો જ અનુભવ. નિરંતરતા અને ભક્તિસ્વરૂપનો પાયો પણ પાછો 'ભાવ' જ ! આમ 'ભાવ' શબ્દની કક્ષા પ્રમાણે અલગ અર્થછાયા છે. 'હરિભાવ' કેવાં વિસ્મયકારી લક્ષણોથી વ્યક્ત થાય છે એ શ્રીમોટાએ દર્શાવ્યું છે.

*જીવવું હરિના ભાવે કેવું આનંદપ્રરેક !*
*જીવવું હરિના ભાવે કેવું તે શક્તિદાયક !*
*જીવવું હરિના ભાવે કેવું તે પ્રેરણાત્મક !*
*જીવવું હરિના ભાવે કેવું નૌતમ મૌલિક !*

'ભાવકણિકા', બીજી આ; પૃ. ૬

બધું જ હરિનું છે. બધામાં હરિ જ છે. 'હું' કોઈ નથી, મારું કશું જ નથી. એવા અનુભવવાળું જીવન એ જ ખરું જીવન છે. એથી હરિભાવથી જીવવું આનંદ પ્રેરનારું છે, શક્તિદાયક છે, પ્રેરણાત્મક છે અને એવું જીવવું એ નૌતમ એટલે કે નિત્ય તથા મૌલિક એટલે અનોખું છે.



શ્રીમોટાએ સંસારમાં રહીને સાધના કરી અને હરિરૂપ બની રહ્યા. આવા અનુભવ પછી પણ સંસારમાં રહીને, રાગદ્વેષવાળું સંસારી જીવન જીવતા જીવાત્માઓ સાથે રહ્યા. શ્રીમોટાએ સાધના દરમિયાન સંસારને પાત્ર તરીકે સ્વીકાર્યો. સંસારમાં રહેવાથી જ હરિભાવ એટલે શું ? એને કેવી રીતે પમાય ? એનો અનુભવ કેવી રીતે ટકે ? એવા જિજ્ઞાસા-પ્રશ્નો જાગે છે. અને સાથે સાથે સંસાર વચ્ચે રહીને થતી સાધનાથી આપણા રાગદ્વેષ કેટલા પ્રમાણમાં પલટાયા છે, એનો પ્રયોગાત્મક અનુભવ થાય છે. આ અર્થમાં હરિના ભાવ સાથે 'લગ્ન' થવા એટલે કે જોડાવા-એકરૂપ થવા-સંસાર પાત્ર છે. એટલે કે સંસાર યોગ્ય છે. આથી ભગવાનના અનુભવ માટે સંસાર છોડવા કરતાં, હરિને અનુભવવાના હેતુથી સંસારનો સ્વીકાર કરવો એ યોગ્ય છે. વળી આપણને આ સંસાર આપણા પૂર્વજન્મનાં કર્મોને પરિણામે મળેલો છે. આથી એ કર્મપરિણામનું જ્ઞાનભક્તિપૂર્વક નિવારણ કર્યા વિના હરિને પમાય નહિ. સંસાર હરિમાં રમવા માટેનું ક્ષેત્ર છે. સંસારમાં બધામાં હરિ છુપાયેલો છે. એમાં કેવી રીતે રમમાણ થવાય એવા વિસ્તારના અનુભવ માટેનું એ ક્ષેત્ર છે. જ્યારે પોતાનામાં છુપાયેલા હરિ નિરંતર સાધાનાથી છતા થાય છે. પછી હરિ તત્ત્વરૂપે સંસારમાં કેવો રહેલો છે. એનું દર્શન થાય છે. આ સંસાર હરિનું કેવું વ્યક્ત દિવ્યરૂપ છે એ અનુભવ થયા પછીનું સ્પષ્ટ દર્શન બને છે. અનુભવ થયા પહેલાની સાધના દરમિયાન સંસારમાં હરિની અવ્યક્ત લીલાની ભાવના ધારવાની હોય છે. અને એમાંથી જાગૃતિપૂર્વકના જ્ઞાન દ્વારા તટસ્થતા, સમતા અને સાક્ષીત્વની ઉચ્ચમાં ઉચ્ચ કક્ષા સુધી પહોંચવાનું હોય છે. આમ અનુભવાય પછી સંસારમાં હરિની લીલા પ્રત્યક્ષ થાય છે ! આવો અનુભવ વિરલ છે અને કો'ક વીરલાને જ આવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે.

આવો સદ્‌ભાગી વીરલો વીર સંસારમાં રહેતો હોવા છતાં સંસારી નથી. એ તો માત્ર હરિના ભાવમાં જ જીવે છે અને એનું હૈયું 'હરિ હરિનું ઊંડું ગાન કર્યા કરે છે. આ રીતે એમનું જીવન હરિના ભાવમાં ઓતપ્રોત થયેલું છે. સંસારમાં શ્રીમોટા આવા અનુભવરૂપે પ્રત્યક્ષ હતા. અને આજે આવા અનુભવરૂપે સંસારીઓના હૈયામાં વસેલા છે.

આપણામાં જે જે ક્ષણે-સમયે આનંદ, શક્તિ, પ્રેરણા, નવીનતા, મૌલિકતા કોઈપણ પ્રકારના આગળપાછળના આધાર વિના, એકાએક અનુભવાય છે એ હરિના સ્પર્શનું લક્ષણ છે. આવો ક્ષણિક અનુભવ નિરંતર બની રહે ત્યારે જ આપણું જીવન હરિભાવ પામ્યું ગણાય.

શ્રીમોટાએ પોતાના આવા અનુભવને વર્ણવતાં લખ્યું છે કે :

*હરિના ભાવમાં લગ્ન થવા, સંસાર પાત્ર છે,*
*સંસાર હરિમાં કેવું રમવા-અર્થ ક્ષેત્ર છે !*
*સંસાર હરિનું કેવું વ્યક્ત દર્શન દિવ્ય છે !*
*હરિ-લીલા શી પ્રત્યક્ષ સંસારે વર્તમાન છે !*

'ભાવપુષ્પ' બી.આ; પૃ. ૩૬

*હરિના ભાવમાં માત્ર જેનું તે જીવવાનું છે,*
*'હરિ, હરિ' ઊંડું જેનું હૈયું ગાન કર્યા કરે,*
*હરિના ભાવમાં જેનું જીવન ઓતપ્રોત છે,*
*સદ્ભાગી એકલા તેવા માત્ર સંસારમાં જ છે.*

'ભાવપુષ્પ', બી.આ, પૃ. ૩૬-૩૭

તા. ૧૭-૮-૧૯૯૬

❏



## લેખક વિશે

- જન્મ : અમદાવાદ, તા. ૧૩-૬-૧૯૩૫
- માતાનું નામ : મનહરબહેન
- પિતાનું નામ : મહાસુખરામ
- પ્રાથમિક શિક્ષણ : મ્યુનિસિપલ શાળામાં (૧૯૪૦-૧૯૪૫)
- હાઈસ્કૂલ શિક્ષણ : ધી પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ (હાલની દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા) (૧૯૪૫ થી ૧૯૫૨)
- એસ.એસ.સી. પાસ : ૧૯૫૩
- કૉલેજ શિક્ષણ : ૧૯૫૪ થી ૧૯૫૮

બી.એ. ૧૯૫૮
એમ.એ. ૧૯૬૦
પી.એચડી. ૧૯૮૧
લગ્ન : ૧૯૫૮
પત્ની : અરુણાબહેન
સંતાનો : સોનલ અને હિરેન

**વ્યવસાય :**

- પત્રકાર અને શિક્ષક-૧૯૫૮ થી ૧૯૬૦
  હાસ્ય-કટાક્ષ કટાર લેખન-૧૯૬૦ થી ૧૯૭૬
  'ગુજરાત સમાચાર', 'જનસત્તા', 'લોકનાદ', 'નવગુજરાત'
- કૉલેજમાં અધ્યાપન : ૧૯૬૧ થી ૧૯૯૧ (શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ)
- સ્વૈચ્છિક નિવૃત્તિ : ૧૯૯૧

**લેખન પ્રકાર**

મુખ્યત્વે આધ્યાત્મિક સાહિત્યનું સંપાદન, વિવરણ, સમીક્ષા, અવલોકન, સંશોધન, ચરિત્ર, હળવા અને ચિંતનાત્મક નિબંધો.